# આત્મધર્મ

## વર્ષ ૨૩

## સળંગ અંક ૨૭૩A

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૩ A

## પરમાત્માના તેડા આવ્યા છે


જાણે કે સાક્ષાત્ પરમાત્માએ બોલાવ્યા હોય ને તેમને મળવા માટે જતા હોય-તેમાં કેટલો આહ્લાદ હોય! તેમ સ્વભાવની ભાવનામાં સાધકને પરમ આહ્લાદ છે. એક સામાન્ય રાજા મળવા માટે બોલાવે તોય કેવો હોંશથી તેને મળવા જાય છે. અહીં તો ભગવાન ભેટવા બોલાવે છે કે આવ રે આવ......આ આનંદમય ચૈતન્યધામમાં આવ! આ ચૈતન્યના અનુભવમાં એકલો આનંદનો આહ્લાદ જ ભર્યો છે. આવા પરમાત્માને ભેટવા જતાં સાધકના અનેરા ઉલ્લાસની શી વાત!

શુદ્ધ આનંદસ્વભાવનો જે ખરેખરો ઉલ્લાસ ને ઉમંગ આવવો જોઈએ તેવો ઉલ્લાસ અજ્ઞાનીને નથી આવતો તેથી તે બીજે અટકી જાય છે. ખરો ઉલ્લાસ અને ઉમંગ આવે તો અનુભવ થાય જ. આનંદ-અમૃતથી ભરેલી પોતાની સ્વવસ્તુ તેના પ્રત્યે અસંખ્યપ્રદેશ ઉલ્લસિત થતાં પરિણતિ પરભાવથી પાછી ફરી જાય છે, સ્વાનુભવ કરે છે; તે સ્વાનુભવમાં તેને પરમાત્માની પ્રાપ્તિ છે; અલ્પકાળમાં તે સ્વયં પરમાત્મા થાય છે. એ સાધકને પરમાત્માના તેડા આવી ગયા છે.

(પ્રવચનમાંથી)

વર્ષ: ૨૩ અધિક અંક: વાર્ષિક લવાજમ રૂા. ચાર: વીર સં. ૨૪૯૨ અધિક શ્રાવણ
તંત્રી: જગજીવનદાસ બાવચંદ દોશી. સંપાદક: બ્ર. હરિલાલ જૈન

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)



જયપુરના સુપ્રદ્ધિ અધ્યાત્મપંડિત શ્રી ટોડરમલ્લજીએ રચેલા સુપ્રસિદ્ધ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકની તેમના હસ્તાક્ષરમાં લખાયેલી મૂળ પ્રતનું મંગલાચરણનું પહેલું પાનું અહીં છાપેલ છે.

ૐ નમઃ સિદ્ધં.। અથ મોક્ષમાર્ગ પ્રકાશક નામ શાસ્ત્ર લિખ્યતે.। દોહા.।

મંગલમય મંગલકરણ વીતરાગવિજ્ઞાન। નમોં તાહિ જાતેં ભયે, અરહંતાદિ મહાન।। ૧।।

વાર્ષિક લવાજમ
રૂા. ૪

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વર્ષ ૨૩
અંક ૨૭૩ A
વીર સં. ૨૪૯૨
અધિક શ્રાવણ

# મુ..મુ...ક્ષુ...નો મા...ર્ગ

મુમુક્ષુએ સ્વાનુભવવડે પોતાના મોક્ષમાર્ગને અંતરમાં જોયો છે. જેમ મુક્ત એવા સિદ્ધભગવંતો કદી વિકારને પામતા નથી, તો હું પણ તેમના જેવો જ આત્મા છું, માટે વિકારને પામું એવો મારો પણ સ્વભાવ નથી. સિદ્ધભગવંતોએ વિકારના કારણરૂપ એવા સમસ્ત શુભ–અશુભ કૃત્યોનો નાશ કર્યો છે, સમસ્ત શુભાશુભને છેદીને તે ભગવંતો પરમ શુદ્ધદશાને પામ્યા છે,–માટે હું પણ હવે તેમની જેમ મારા પરમ સ્વભાવના અવલંબનવડે સમસ્ત શુભ–અશુભને છોડીને એ જ મુમુક્ષુપંથે જાઊં છું. આ જ એક મુમુક્ષુઓનો માર્ગ છે, બીજો માર્ગ નથી. મોક્ષને પામેલા એવા સિદ્ધભગવંતોએ જે કર્યું તે જ મુમુક્ષુનો માર્ગ છે. મુમુક્ષુ એ પણ સિદ્ધનો નાતીલો છે, તેથી સિદ્ધભગવંતોએ જે કર્યું તે જ તેનું કર્તવ્ય છે.

શુભાશુભથી પાર જે એકલું જ્ઞાન તેનો અનુભવ કરતાં મોક્ષમાર્ગ થાય છે. હે જીવ ! તું જ્ઞાનનો દરિયો ને સુખથી ભરિયો, તેને જ્ઞાનવડે તું જાણ, તો તને મોક્ષમાર્ગ થશે ને આનંદનો અનુભવ થશે.–આવો અનુભવ કરવો તે જ મુમુક્ષુનો માર્ગ છે. સિદ્ધભગવંતો આ પંથે સિદ્ધ થયા છે, ને મુમુક્ષુ કહે છે કે હું પણ એ જ માર્ગે જાઉં છું. દેહની ક્રિયામાં કે રાગમાં ક્યાંય મુમુક્ષુનો માર્ગ નથી, મુમુક્ષુનો માર્ગ સ્વાધીન છે, તે માર્ગ પોતાના અંતરમાં પુણ્ય–પાપરહિત જે આત્મઅનુભૂતિ તેમાં જ સમાય છે. સ્વાનુભવવડે એ માર્ગ મુમુક્ષુએ જોયેલો છે, ને એ જોયેલા–જાણેલા–અનુભવેલા માર્ગે તે મોક્ષમાં જાય છે.–આવો મુમુક્ષુનો માર્ગ છે. તે પરમ આનંદમય છે. હું પણ હવે તે માર્ગે જાઉં છું.

卐

# સાધકના રણકાર

સિદ્ધપદને સાધવા નીકળેલો મુમુક્ષુ પોતાના પરમાત્મસ્વરૂપની પ્રતીતના રણકાર કરતો સ્વસન્મુખ થઈને સિદ્ધપદને સાધે છે–તેનું જોશદાર વર્ણન: ( યોગસાર ઉપરના પ્રવચનમાંથી )

જિનવાણીના ચારે અનુયોગના લાખો કથનનો સાર આ છે કે હું પરમાત્મા છું–એમ પોતાના સ્વરૂપને પ્રતીતમાં લઈને તેનું ચિન્તન કરવું. જેવા પરમાત્મા તેવો જ હું એમ પરમાત્મસ્વરૂપની પ્રતીતના પડકાર કરતો જે આત્મા જાગ્યો તેને રાગની રુચિ રહે નહિ; હવે ક્યાંય અટકયા વગર પરમાત્મા થયે જ છૂટકો. આ રીતે પોતાના આત્માને સર્વજ્ઞ સમાન પૂર્ણસ્વરૂપે અનુભવમાં લેવો તે સર્વ જિનસિદ્ધાંતનો સાર છે.

**“જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;**
**યેહી વચનસે સમજ લે જિન-પ્રવચનકા મર્મ”**

પૂર્ણતાને સાધવા ઊપડયો તેની પ્રતીતના પડકાર છાના રહે નહીં. રણે ચડેલા રજપૂત કાયરતાની વાત કરે નહિ, તેમ ચૈતન્યની પરમાત્મદશાને સાધવા માટે રણે ચડેલો મુમુક્ષુ રાગની રુચિમાં રોકાય નહિ; રાગ નહિ, અલ્પતા નહિ, હું પૂર્ણાનંદથી ભરેલો પરમાત્મા છું–એમ સત્ સ્વભાવના રણકાર કરતો જાગ્યો તેની શૂરવીરતા છાની રહે નહિ.

હું પરમાત્મા છું એમ સ્વસન્મુખ થઈને જે અનુભવે તે જ બીજા પરમાત્માને સાચા સ્વરૂપે ઓળખી શકે છે. પોતામાં પરમાત્મપણું દેખ્યા વગર બીજા પરમાત્માના સ્વરૂપની સાચી ઓળખાણ થઈ શકે નહિ. માટે બીજી બધી વિકલ્પજાળ છોડીને હે જીવ! સ્વમાં ઉપયોગ જોડીને ‘હું જ સર્વગુણસંપન્ન પરમાત્મા છું’ એમ આત્માનો અનુભવ કર. –એ જ સિદ્ધાંતનો સાર છે.

‘હું રાગી, હું દ્વેષી’ એવા સ્વરૂપે આત્માને ચિંતવતાં પરમાત્મપણું નહિ પ્રગટે; પણ રાગી હું નહિ, હું તો પરમાત્મા છું–એમ આત્માને પરમાત્મસ્વરૂપે ચિંતવતાં પરમાત્મપણું પ્રગટે છે. હે જીવ! આ લોકોત્તર વીતરાગમાર્ગને સાધતાં તું લોકેષણામાં અટકીશ નહિ, લોક શું કહેશે–તેની સામે જોઈને રોકાઈશ નહિ. શાસ્ત્રોના વિકલ્પોમાં અટકીશ નહિ ને મોટા પંડિતો શું માને છે તેની ચર્ચામાં રોકાઈશ નહિ. એ બધી વિકલ્પજાળને તોડીને તારા પરમ

સ્વરૂપને પ્રતીતમાં લઈને તેને જ ચિંતનમાં લે. 'હું સર્વજ્ઞસ્વભાવથી ભરપૂર ભગવાન છું' એવા અનુભવના જોરે વીરના પંથે મોક્ષમાર્ગને સાધવા નીકળ્યો તે સાધક અફરગામી છે. તે પાછો નહિ ફરે; અપ્રતિહતભાવે તે મોક્ષને સાધશે.

હું પરમાત્મા છું એવા સ્વભાવનો જે નકાર કરે છે ને રાગાદિ ભાવોરૂપે જ આત્માને અનુભવે છે–તે જીવ સ્વભાવસત્તાનો અનાદર કરીને નાસ્તિક થઈ જશે. અને રાગથી પાર મારી ચૈતન્યસત્તામાં પરમાત્મપણું ભરેલું છે એવા સ્વભાવને અનુભવનાર જ્ઞાની રાગને તોડીને અતીન્દ્રિય પરમાત્મા થશે, બીજા જીવો ઇન્દ્રિયો વડે જેનું અસ્તિત્વ જાણી ન શકે એવા સિદ્ધપદને તે પામશે.

વિકલ્પની જાતનો હું નહિ, હું તો સિદ્ધપરમાત્માની જાતનો છું એમ પોતાના આત્મને સિદ્ધસ્વરૂપે ધ્યાવતાં સાધકના અંતરમાં પરમ આનંદરૂપી દૂધની ધારા છૂટે છે. શબ્દોથી પાર ને મનના વિકલ્પોથી પાર અતીન્દ્રિયઆનંદસ્વરૂપ આત્મા તે સ્વાનુભવનો જ વિષય છે. અરે, પરમ અચિંત્ય એનો મહિમા, તું અંતરમાં નજર કરીને, અંતરમાં ઉપયોગ મુકીને એને જોવાનો પ્રયત્ન કર. અંતરમાં જેને જોતાં તું ન્યાલ થઈ જઈશ એવું તારું સ્વરૂપ છે.

જિનેન્દ્રદેવ જેવા તારા સ્વરૂપને લક્ષમાં લઈને ક્ષણે ક્ષણે તું એને ચિંતવ; એને ચિન્તવતાં આનંદનો ઉત્પાદ થશે ને વિકલ્પોનો કોલાહલ શમી જશે. વિકલ્પોના કોલાહલ વગરનું આત્મસ્વરૂપ છે, તે વિકલ્પ વડે કેમ અનુભવાય? વિકલ્પોથી તે પાર છે. આત્માની શ્રદ્ધા–જ્ઞાન–આનંદ તે બધાય અતીન્દ્રિય છે, મનના વિકલ્પોથી પાર છે. આવા સ્વભાવને સાધવા માટે જે જીવ જાગ્યો તે સાધકની રુચિના રણકાર કોઈ જાુદી જ જાતના હોય છે.


## આ...ત્મ...ધ...ર્મ

- આત્માર્થીતાને પોષણ મળે એવું ઉચ્ચ સાહિત્ય વાંચવાની આપને જિજ્ઞાસા હોય,
- સન્તોનાં શાન્તરસઝરતા વચનામૃતનું પાન કરવાની આપને ભાવના હોય,
- આપનાં બાળકોને ને પરિવારને અધ્યાત્મના ઉચ્ચ સંસ્કારોનું સીંચન કરવા આપ ચાહતા હો, તો આપના ઘરમાં "આત્મધર્મ" મંગાવો.

* આત્મધર્મ એ ભારતનું સર્વશ્રેષ્ઠ અધ્યાત્મ–માસિક છે.
* અનેક ચિત્રોથી સુશોભિત લગભગ એકહજાર પાનાની શ્રેષ્ઠ વાંચનસામગ્રી દર વર્ષે આપે છે. વાર્ષિક લવાજમ ચાર રૂપિયા (નમુનો ફ્રી)

પ્રાપ્તિસ્થાનઃ **જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# મોક્ષમાર્ગના દરવાજા ખોલવાની રીત

## આત્મદર્શન એ જ એક મોક્ષનું કારણ છે
## ( એનાથી ભિન્ન બીજું કોઈ મોક્ષનું કારણ નથી )

ધર્મીને શુદ્ધાત્મા નજીક છે, તેમાંથી મોક્ષમાર્ગ આવે છે, ને રાગાદિ તો સ્વભાવથી દૂર છે, તેમાંથી કાંઈ મોક્ષમાર્ગ નથી આવતો. પોતાના શુદ્ધ આત્માની પરમ કિંમત ભાસે તો તેમાં ઉપાદેયબુદ્ધિ થાય, તેની સન્મુખ પરિણતિ થાય ને મોક્ષમાર્ગ ખૂલે. પણ તે માટે પહેલાં જ્ઞાનીના સત્સમાગમે તેની તીવ્ર જિજ્ઞાસા જાગવી જોઈએ. એને રાગનો રસ ઊડી જાય ને શુદ્ધાત્માનો રસ ઘણો વધી જાય. પછી અંતર્મુખ પરિણામમાં શુદ્ધાત્માને સાક્ષાત્ ઉપાદેય કરતાં પરમ આનંદસહિત મોક્ષમાર્ગ ખૂલી જાય છે.–આ મોક્ષમાર્ગના દરવાજા ખોલવાની રીત સન્તોએ મને બતાવી.

[ યોગસાર ગાથા ૧૬–૧૮ ઉપરનાં સુંદર પ્રવચનમાંથી ]

अप्पा-दंसणु एक्कु परु अण्णु ण किं पि वियाणि ।
मोक्खहं कारण जोइया णिच्छा एहउ जाणि ।।१६।।

જુઓ, અહીં મોક્ષનું કારણ બતાવે છે. મોક્ષનું નિશ્ચય કારણ એક આત્મદર્શન જ છે, બીજું કાંઈ મોક્ષનું કારણ નથી એમ હે જીવ! તું જાણ.

**આત્મદર્શન એક શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;**
**હે યોગી! શિવહેતુ એ નિશ્ચયથી તું જાણ. (૧૬)**

મોક્ષના દરવાજા કેમ ખૂલે? કે પોતાનો મહા કિંમતી જે આત્મસ્વભાવ, તેનું

સમ્યક્પણે દર્શન–શ્રદ્ધાન–અનુભવન તે જ મોક્ષનું કારણ છે; તે જ શ્રેષ્ઠ છે; એ સિવાય બીજાું કાંઈ શ્રેષ્ઠ નથી કે બીજાું કાંઈ મોક્ષનું કારણ નથી.–આમ તું નિશ્ચયથી ચોક્કસ જાણ.

જ્યાં મનની પહોંચ નથી, વચનની જ્યાં ગતિ નથી ને કાયાની જ્યાં ચેષ્ટા નથી, વિકલ્પનો જ્યાં પ્રવેશ નથી–એવું જે આત્મદર્શન એટલે કે શુદ્ધાત્માની પ્રતીત તે નિશ્ચયથી મોક્ષનું કારણ છે. આત્મદર્શન કહેતાં અભેદ આત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે તેમાં સમાઈ જાય છે; તે જ શ્રેષ્ઠ છે ને તે જ મોક્ષમાર્ગ છે. આ સિવાય બીજાું કાંઈ શ્રેષ્ઠ ન જાણ, બીજો કોઈ મોક્ષમાર્ગ ન માન.

દેહ–મન–વાણીની ક્રિયાનો જેમાં પ્રવેશ નથી, મનના વિકલ્પોથી જે ગમ્ય નથી એવું જે શુદ્ધઆત્મતત્ત્વ, તેનું દર્શન–તેનું જ્ઞાન–તેની અનુભૂતિ એ જ એક શ્રેષ્ઠ–ઉત્તમ મોક્ષકારણ છે. વચ્ચે બીજા વિકલ્પો હોય પણ તે મોક્ષનું કારણ નથી, તે શ્રેષ્ઠ નથી.

રત્નત્રયની આરાધનાથી મોક્ષમાર્ગમાં વર્તતા વીતરાગી સન્ત જગતને કહે છે કે હે જીવો ! જગતમાં શુદ્ધાત્માનું દર્શન તે જ એક શ્રેષ્ઠ છે, ને તેના વડે જ મોક્ષમાર્ગ સધાય છે; એના વગર કદી મોક્ષમાર્ગ સાધી શકાતો નથી. આત્મદર્શનથી અન્ય એવા કોઈ પણ ભેદ–ભંગ–વ્યવહારના પરાશ્રિત ભાવને મોક્ષમાર્ગ માનવો નહિ. સ્વાશ્રિત ભાવરૂપ આત્મદર્શન (જેમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાય છે) –તેને જ ખરેખર મોક્ષમાર્ગ જાણવો. –બીજાને મોક્ષમાર્ગ જરા પણ ન માનવો.

અરે, ગુણ–ગુણીના ભેદના વિચાર વડે પણ જેની પ્રાપ્તિ નથી એવું આત્મદર્શન, અંતર્મુખ અનુભવવડે થાય છે, ને મોક્ષમાર્ગ તે અનુભવમાં સમાઈ જાય છે. પોતાના સહજ–આનંદસ્વભાવની સન્મુખ થઈને જ્યાં નિર્વિકલ્પ અનુભવ સહિત સમ્યગ્દર્શન થયું ત્યાં મોક્ષમાર્ગના દરવાજા ખુલ્યા. અતીન્દ્રિય આનંદસહિત આવું આત્મદર્શન જેને થયું તેને જગત પ્રત્યે સહજ વૈરાગ્ય પરિણામ હોય છે. પરથી પરાઙ્મુખ ને સ્વભાવની સન્મુખ એવા જે નિર્મળ પરિણામ તે જ એક મોક્ષનું કારણ છે.

સીમંધર ભગવાન વગેરે સર્વે તીર્થંકર ભગવંતો આવા મોક્ષમાર્ગને સાધીને સર્વજ્ઞ પરમાત્મા થયા છે; અનંત સિદ્ધભગવંતોએ આવા મોક્ષમાર્ગને સાધીને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું છે; ગણધરાદિ સન્તો આવા જ મોક્ષમાર્ગને સાધી રહ્યા છે. ને તે તીર્થંકરોએ તથા ગણધરાદિ સન્તોએ આવો જ એક મોક્ષમાર્ગ બતાવ્યો છે, આ સિવાય બીજાું કાંઈ પણ મોક્ષનું સત્ય કારણ જરાય નથી.

વ્યવહારના રાગમાં મોક્ષમાર્ગ જરાક તો હશે ને ?–તો કહે છે કે ના; 'અન્ય ન કિંચિત્ માન' –આ જે સ્વાશ્રિત આત્મદર્શનમય વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ, તેનાથી

બીજો કોઈ મોક્ષમાર્ગ જરા પણ નથી; શુભરાગમાં મોક્ષનું કારણપણું જરા પણ નથી. અરે, રાગ તો બાહ્યભાવ છે, તેના વડે અંદરના અનુભવમાં કેમ જવાય? બહારનો ભાવ અંદરના ભાવનું કારણ કેમ થાય? –જરા પણ ન થાય. આવી શ્રદ્ધા તો પહેલાં કર. આવી સાચા મોક્ષમાર્ગની શ્રદ્ધા પણ ન કરે ને રાગને મોક્ષમાર્ગ માને, રાગ જરાક પણ મોક્ષનું કારણ થશે એમ માને, –તો તે જીવ આત્મદર્શનને જાણતો નથી, ભગવાને કહેલા સાચા મોક્ષમાર્ગને જાણતો નથી, કે સન્ત–ગુરુઓનાં આદેશને માનતો નથી. સર્વજ્ઞો અને સન્તોનો આદેશ તો એમ છે કે હે જીવ! સ્વાશ્રિત સમ્યગ્દર્શનાદિને જ તું મોક્ષનું કારણ જાણ, ને પરસન્મુખ કોઈ ભાવને મોક્ષનું કારણ તું જરા પણ ન માન.

અરે, અંતરમાં પૂર્ણ આનંદનો ભંડાર તું, –તેની સન્મુખ જોયે તારો મોક્ષમાર્ગ છે; બીજાની સામે જોયે તારો મોક્ષમાર્ગ નથી. તારો મોક્ષ તારા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પરિણામથી જ છે, બીજા કોઈ વડે તારો મોક્ષ નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે સ્વસન્મુખપરિણામ છે. સ્વસન્મુખપરિણામ કોને થાય? કે જેને સ્વતત્ત્વનો ખરો મહિમા ને પરમ રસ આવે તેને; સ્વવસ્તુની કિંમત ચૂકીને જે જીવ પર વસ્તુની કિંમત અધિક કરે છે તેના પરિણામ પરસન્મુખ જ રહે છે; સ્વની ઉત્કૃષ્ટ કિંમત (મહિમા) ભાસે તો પરિણામ સ્વસન્મુખ થાય, ને મોક્ષમાર્ગ પ્રગટે. આ રીતે સ્વસન્મુખતા વડે મોક્ષમાર્ગના દરવાજા ખુલે છે.

* * *

ગૃહવાસમાં રહેલા સમ્યગ્દ્રષ્ટિને પણ આત્મદર્શનથી મોક્ષમાર્ગના દરવાજા ખૂલી ગયા છે; તેને શુદ્ધ સ્વતત્ત્વનું ઉપાદેયપણું, ને સમસ્ત પરભાવોનું હેયપણું, એ રીતે હેય–ઉપાદેય તત્ત્વનું જ્ઞાન વર્તે છે, ને તે જ્ઞાનના બળે તે મોક્ષમાર્ગને સાધી રહ્યા છે. હજી એને રાગ અને વિકલ્પો છે પણ તેને તે મોક્ષના સાધનપણે નથી સ્વીકારતા; તે રાગાદિ ભાવોને પોતાના સ્વભાવથી દૂર રાખે છે. શ્રદ્ધામાં–જ્ઞાનમાં શુદ્ધસ્વભાવને નજીક રાખ્યો છે, ને રાગાદિ પરભાવોને દૂર રાખ્યા છે–જુદા રાખ્યા છે. આવા શ્રદ્ધા–જ્ઞાનસહિત શુદ્ધ આત્માનું ઉપાદેયપણું ધર્માત્માને ગૃહસ્થપણામાં પણ હોય છે. ઉપયોગ અંદરમાં મુકતાં આનંદમય થઈ જાય છે. રાગ વખતેય વીતરાગી સમાધિની એક ધારા તેને સાથે જ વર્તે છે.

ધર્મીને શુદ્ધાત્મા નજીક છે, તેમાંથી મોક્ષમાર્ગ આવે છે, ને રાગાદિ તો સ્વભાવથી દૂર છે, તે દૂરમાંથી કાંઈ મોક્ષમાર્ગ નથી આવતો. શુદ્ધાત્મા વસ્તુ તો પોતે જ છે; હું પોતે જ પરમ આનંદનું રત્ન છું.–આવી સ્વસંવેદન–પ્રતીતિ ગૃહસ્થી ધર્માત્માને પણ હોય છે. એને શ્રદ્ધામાં સમીપતા કોની? કે શુદ્ધસ્વભાવની સમીપતા છે, ને રાગાદિ પરભાવો દૂર છે. 'આ જ હું' એવી શુદ્ધતાનું ઉપાદેયપણું છે, ને રાગાદિમાં તન્મયબુદ્ધિ નહિ–તે જ તેનું હેયપણું છે. ગૃહસ્થને પણ આવા હેય–ઉપાદેયના જ્ઞાનના બળે મોક્ષમાર્ગ

હોય છે. ભલે ચારિત્રદશારૂપ વિશેષ મોક્ષમાર્ગ હજી એને નથી પણ સમ્યગ્દર્શન–જ્ઞાન તથા સ્વરૂપાચરણરૂપ થોડોક મોક્ષમાર્ગ તો તેને વર્તે છે. ને ગૃહસ્થપણામાંય ધ્યાનના પ્રયોગવડે કોઈવાર રાગથી ઉપયોગને જુદો પાડીને નિર્વિકલ્પ આનંદને અનુભવે છે.

મોક્ષમાર્ગનો મોટો ભાગ મુનિવરો પાસે છે, એટલે કે ચારિત્રદશા સહિત ઘણો મોક્ષમાર્ગ મુનિને પ્રગટયો છે, ને ગૃહસ્થધર્માત્મા પાસે મોક્ષમાર્ગનો નાનો ભાગ છે. ભલે નાનો ભાગ, પણ તેની જાત તો મુનિરાજના મોક્ષમાર્ગ જેવી જ છે. શ્રાવકધર્મીને પણ મોક્ષમાર્ગનો અંશ હોય છે.

કોઈ કહે કે મોક્ષમાર્ગ મુનિને જ હોય ને ગૃહસ્થ શ્રાવકને મોક્ષમાર્ગ જરાપણ ન હોય,–તો તેને ખરેખર મોક્ષમાર્ગના સ્વરૂપની ખબર નથી ને શ્રાવકધર્માત્માની દશાની પણ તેને ખબર નથી. અવ્રતી ગૃહસ્થને પણ મોક્ષમાર્ગનો અંશ વર્તે છે.–તે પણ ક્યારેક ઉપયોગને અંતરમાં એકાગ્ર કરીને નિર્વિકલ્પ સ્વાનુભવના મહા આનંદને વેદી લ્યે છે. મુનિને તો ચૈતન્યસ્વરૂપમાં ઘણી લીનતા છે. મુનિ મોટા મોક્ષમાર્ગી છે ને ગૃહસ્થી–સમ્યગ્દ્રષ્ટિ નાનો મોક્ષમાર્ગી છે.–પણ મોક્ષમાર્ગ તો બંનેને છે; બંને મોક્ષના સાધક છે.

પોતાના શુદ્ધ આત્માની પરમ કિંમત ભાસે તો તેમાં ઉપાદેયબુદ્ધિ થાય, તેની સન્મુખ પરિણતિ થાય, ને મોક્ષમાર્ગ પ્રગટે પણ તે માટે પહેલાં જ્ઞાનીના સત્સમાગમે તેની તીવ્ર જિજ્ઞાસા જાગવી જોઈએ. એને રાગનો રસ ઊડી જાય ને શુદ્ધાત્માનો રસ ઘણો વધી જાય.

પછી અંતર્મુખ પરિણામમાં શુદ્ધાત્માને સાક્ષાત્ ઉપાદેય કરતાં પરમ આનંદસહિત મોક્ષમાર્ગ ખૂલી જાય છે. આ મોક્ષમાર્ગના દરવાજા ખોલવાની રીત સન્તોએ મને બતાવી; તેમને નમસ્કાર હો.

## સં તો ની વા ણી
## ટૂં કી ને ટચ

જીવ જુદો, પુદ્ગલ જુદું,
એ જ તત્ત્વનો સાર;
બીજું વર્ણન જેટલું,
તે આનો વિસ્તાર.

# મુનિ જેવું જ્ઞાનીનું જીવન છે

## એના અંતરમાં ભગવાન વસે છે

મુનિઓના મનમાં કોણ વસે છે? મુનિઓના મનમાં, એટલે કે મુનિઓના જ્ઞાનમાં, આનંદથી ભરેલો આખો આત્મા વસે છે.

મુનિઓના મનમાં ભગવાન વસે છે, રાગ એમના મનમાં વસતો નથી, દેહની ક્રિયા એમના જ્ઞાનમાં વસતી નથી.

તારે મુનિજીવન જેવું જીવન પ્રાપ્ત કરવું હોય તો તારા જ્ઞાનમાં શુદ્ધઆત્માને વસાવ ને રાગાદિને જ્ઞાનમાંથી બહાર કાઢી નાંખ.

મુનિઓના જ્ઞાનમાં વસેલો આ સુખસમુદ્ર ભગવાન આત્મા તે વિષયસુખોમાં રત જીવોને સર્વથા દુર્લભ છે. જેના મનમાં વિષયો વસે તેના મનમાં પરમાત્માનો વાસ ક્યાંથી હોય?

મુનિવરોની જેમ સાધક ધર્માત્માએ પણ અંતરમાં પોતાના શુદ્ધાત્માને વસાવ્યો છે, ને રાગાદિ પરભાવો તેના જ્ઞાનથી ભિન્ન રહી ગયા છે. ઘરમાં રહેલા ધર્માત્માના મનમાં (રુચિમાં–જ્ઞાનમાં) ઘર નથી વસ્યું પણ ચૈતન્ય ભગવાન વસ્યો છે.

ધર્મી સંતોને તો જાણે ભગવાનના તેડાં આવ્યા છે, ભગવાન એને તેડાવે છે... એના હૃદયમાં ભગવાનને વસાવીને એ સિદ્ધપદ તરફ ચાલ્યા જાય છે.

આવું જીવન એ ધર્મીનું જીવન છે. બાકી જેના હૃદયમાં વિષયકષાયો વસે છે, જેના હૃદયમાં રાગની ને પુણ્યની અભિલાષા વસે છે તેના હૃદયમાં ભગવાન શુદ્ધ આત્મા વસ્યો નથી, એટલે કે તે ભગવાનના માર્ગમાં આવ્યો નથી. વિષયકષાયોરૂપી પરભાવમાં લિપ્ત એનું જીવન એ સાચું જીવન નથી.

જ્યાં હૃદયમાં શ્રદ્ધા–જ્ઞાનને ચોકખાં કરીને પરમ આત્મતત્ત્વને વસાવ્યું ત્યાં જીવન આખું પલટી જાય છે; સુખનો સમુદ્ર અંદરથી ઊછળવા લાગે છે. આવું જીવન ધર્મી જીવે છે. તે જ ખરું જીવન છે.

**તારું જીવન ખરું તારું જીવન!**
**જીવી જાણે છે જ્ઞાની સાચું જીવન:**

(નિયમસાર–પ્રવચનમાંથી)

## નકામું નાક

સ્પર્શનવડે જિનચરણોની સ્પર્શના થાય છે.
રસનાવડે જિનેન્દ્રગુણોની સ્તવના થાય છે.
નેત્રવડે જિનેન્દ્રદેવનાં દર્શન થાય છે.
શ્રોત્રવડે જિનેન્દ્રગુણોનું શ્રવણ થાય છે.
મનવડે અર્હન્તગુણોનું મનન થાય છે,
એક નાક નકામું છે.

# વિવિધ વચનામૃત

[ આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંકઃ ૨૦ ]

**( ૨૬૧ ) આત્માને ચિન્તવ** હે આત્માર્થી! તારા આનંદમય આત્માને સાધવા માટે બીજી બધી ચિન્તા છોડીને આત્માને ચિંતવ; જગતની ચિંતાઓમાં અટકીશ તો આત્માને ક્યાંથી સાધીશ? માટે બધેથી નિશ્ચિંત થઈને શાન્ત અને નિશ્ચલ પરિણામે આત્માને ચિન્તવ. એના એકના જ ચિન્તનવડે અતીવ આનંદપૂર્વક તું તારા આત્માને સાધીશ.

**( ૨૬૨ ) આત્માર્થીની પ્રવૃત્તિ** આત્માર્થી જીવ નિષ્પ્રયોજન પ્રવૃત્તિમાં પડે નહિ. ને જેમાં પોતાના આત્માનું હિત પોષાય એવી સત્સંગ પ્રવૃત્તિમાં ઉત્સાહથી પ્રવર્તે.

**( ૨૬૩ ) હે જીવ! તારી શક્તિને વેડફી ન નાંખ** જગતમાં કાંઈ અનુકૂળ–પ્રતિકૂળ પ્રસંગ બનતાં હે જીવ! તું ચિન્તાના સાગરમાં ન પડ. પણ જેમાં જગતસંબંધી પ્રસંગોનો પ્રવેશ નથી ને જે આનંદમય છે એવા તારા જ્ઞાન–સમુદ્રમાં તું મગ્ન રહે, તેની ચિન્તામાં મસ્ત રહે. જગતના કોલાહલની વ્યર્થ ચિન્તામાં તારી શક્તિને વેડફ નહિ; સર્વ શક્તિને નિજસ્વરૂપના ચિન્તનમાં જોડ.

**( ૨૬૪ ) ઉપયોગને અંદર જોડ!** તારું જ્ઞાનનું ને આનંદનું ધામ ક્યાં છે? તારું સ્વ–સ્થાન જે અસંખ્યપ્રદેશી પરમઆત્મા, તે તારું ઈષ્ટ ધામ છે, તેમાં જ તારા જ્ઞાન ને આનંદ ભરેલા છે. માટે બીજે બધેથી ઇન્દ્રિય–મન તરફની વૃત્તિઓને રોકીને, ઉપયોગને અંદરમાં જોડ.–આ જ તારા ઈષ્ટનો ઉપદેશ છે. પાંચ ઈન્દ્રિયના બાહ્ય વિષયોમાં–અશુભમાં કે શુભમાં ક્યાંય તારું ઈષ્ટ નથી. માટે બહારની વૃત્તિનો ઉત્સાહ છોડીને અંતરના ઈષ્ટસ્વભાવ તરફ ઉત્સાહ કર,–કે જ્યાંથી તને આનંદ મળે.

**( ૨૬૫ ) દૂર ન દેખ**

તારા પરમેશ્વરને તું દૂર ન દેખ,
તને જ તું પ્રભુ તરીકે સ્થાપ.
તારી પરમેશ્વરતા તારામાં જ છે,
રાગમાં–વિકલ્પમાં–બહારમાં પ્રભુતા નથી;
આવી પ્રતીતિનું જોર સ્વસંવેદન કરે છે.

**( ૨૬૬ ) જ્ઞાન, કેવળીનું ને સાધકનું** જેમ અન્ય એવા રાગદ્વેષને જાણતાં ભગવાન કેવળીનું જ્ઞાન તે રાગદ્વેષમય થતું નથી; તેમ પોતાથી અન્ય એવા રાગદ્વેષને જાણતું સાધક જ્ઞાનીનું જ્ઞાન પણ તે રાગદ્વેષમય થતું નથી. એટલે સમ્યગ્જ્ઞાન તે કેવળજ્ઞાનની જાતનું જ છે; કેવળજ્ઞાનની જેમ સાધકનું સમ્યગ્જ્ઞાન પણ રાગદ્વેષ વગરનું જ છે. આવા જ્ઞાનને ઓળખતાં જ્ઞાનીને ઓળખી શકાય.

**( ૨૬૭ ) આત્માની શક્તિ ને શબ્દોની શક્તિ** આત્માની શક્તિ સ્વ–પરને જાણવાની છે, પરંતુ સ્વ–પરની કથા કહેવાની તાકાત આત્મામાં નથી.

શબ્દોમાં સ્વ–પરની કથા કહેવાની તાકાત છે, પરંતુ સ્વ–પરને જાણવાની શક્તિ નથી.

જે જાણનાર છે તે બોલનાર નથી.

જે બોલનાર છે તે જાણનાર નથી.

જ્ઞાન અને વાણી બંનેનાં કાર્ય ભિન્ન ભિન્ન છે;

બંનેના કર્તા પણ ભિન્ન ભિન્ન છે;

એક ચેતન છે, બીજું જડ છે.

**( ૨૬૮ ) અંશ અને અંશીની એક જાત** જેમ જ્ઞાનસ્વભાવ સદા મુક્ત છે તેમ તેનો વ્યક્ત જ્ઞાનાંશ પણ મુક્ત જ છે; જેમ સ્વભાવમાં રાગ એકમેક નથી તેમ વ્યક્તજ્ઞાનાંશમાં પણ રાગ એકમેક નથી.

અંશ ને અંશીની એક જાત છે.

જ્ઞાનાંશ છે તે સ્વભાવ સાથે સંબંધ વગર કદી ન હોઈ શકે.

જ્ઞાનાંશ છે તે વિકાર સાથે સંબંધ વગરનો પણ હોય છે.

માટે હે જીવ! જેના વગર તારો જ્ઞાનાંશ કદી નથી હોતો એવા તારા સ્વભાવપણે તું તને દેખ. અને જેના વગર તારો જ્ઞાનાંશ હોય છે એવા પરભાવોને તારા સ્વરૂપે ન દેખ. તેની વિદ્યમાનતા વખતે પણ તારું વિદ્યમાનપણું તેનાથી જુદું જ છે.

**( ૨૬૯ ) જેવો આનંદ પરમાત્માનો, તેવો આનંદ ધર્માત્માનો** જેમ પરમાત્માનો આનન્દ પરની અપેક્ષા વગરનો છે, તેમ ધર્માત્માનો આનન્દ પણ પરની અપેક્ષા વગરનો છે.

બંનેના આનંદની જાત એક છે. બંનેનો આનંદ આત્માના સ્વભાવમાંથી પ્રગટેલો છે.

**( ૨૭૦ ) પોતે પોતાને ધ્યાવતાં** અહા, આનંદસ્વભાવી હું, મારા જેવો સુખી કોણ–કે જેને સુખ માટે બહારના કોઈ સાધનની જરૂર ન પડે? બહારના સાધન વગર પોતે પોતાથી જ પોતામાં અતીન્દ્રિય સુખને અનુભવું–એવી મારી તાકાત છે સુખનું ધામ હું જ છું. સુખ માટે બહાર ક્યાંય મારે જોવાપણું નથી.–આવા નિર્ણયથી ધર્મી જીવ સ્વસન્મુખ થઈને ઇષ્ટને ધ્યાવે છે. જેમ વહાલી માતાને ધાવી ધાવીને બાળક પુષ્ટ થાય તેમ ધર્મીનો વહાલો–ઇષ્ટ જે આત્મા તેને ધ્યાવી–ધ્યાવીને તે પોતાના જ્ઞાનઆનંદને પુષ્ટ કરે છે. પોતે પોતાને જ ધ્યાવતાં પરમ આનંદ અનુભવાય છે.

# વીતરાગી સન્તો કહે છે–હે મોક્ષાર્થી! મોક્ષને માટે તારા શુદ્ધ-બુદ્ધ આત્માને ધ્યાવ

[ યોગસાર–પ્રવચનોમાંથી ]

સંસાર તરફના ભાવોથી જે થાકેલો છે ને આત્માના પરમ આનંદને અનુભવવા આવ્યો છે–એવા મોક્ષાર્થી જીવે શું કરવું! તે અહીં બતાવ્યું છે; અને સરલ શૈલિથી માર્ગ દર્શાવીને શુદ્ધાત્માના ધ્યાનમાં મુમુક્ષુને પ્રોત્સાહિત કર્યો છે.

આત્માના પૂર્ણ આનંદના લાભને જો તું ચાહતો હો તો હે જીવ! અનુદિન તું તારા શુદ્ધ આત્માને ભાવ, એમ કહે છે–

सुद्ध सचेयणु बुद्धु जिणु केवल णाणसहाउ ।
सो अप्पा अणुदिणु मुणहु जइ चाहहु शिवलाहु ।।२६।।

શુદ્ધ સચેતન બુધ જિન કેવળ જ્ઞાનસ્વભાવ,
તે આત્મા જાણો સદા જો ચાહો શિવલાભ. (૨૬)

હે મોક્ષના અભિલાષી! તારે પ્રતિદિન કરવા જેવું કામ આ છે કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપે પૂર્ણ આનંદના સાગર એવા નિજાત્માને જાણીને તેને અનુભવમાં લે. અંતરમાં વારંવાર ઉપયોગનો પ્રયોગ કરીને તું શુદ્ધ આત્માની સન્મુખ થા ને જ્ઞાનચેતનાને આનંદસહિત વેદનમાં લે. આ સિવાય બીજા ભાવોની ભાવના ન કર.

તું તો સચેતન જાગૃતસ્વરૂપ છો; તેમાં રાગને કરવાનું કે વેદવાનું ન આવે. રાગને કરવું ને વેદવું એ તો સંસાર છે; અહીં તો સંસારથી જે ભયભીત છે, સંસાર તરફના ભાવોથી જે થાકેલો છે, ને આત્માના પરમ આનંદને અનુભવવા આવ્યો છે–એવા જીવની વાત છે. એવા જીવે શું કરવું? કે આત્માને ધ્યાવવો.

–કેવા આત્માને ધ્યાવવો?

–શુદ્ધ એટલે પરભાવોથી રહિત, ને જ્ઞાનદર્શન સ્વભાવથી પૂર્ણ–એવા આત્માને ધ્યાવવો; સચેતનપણાથી પૂરો એટલે જ્ઞાનદર્શનથી પૂરો, ને અચેતનપણાની રહિત એટલે કે રાગાદિ પરભાવોથી રહિત–એવા શુદ્ધસચેતન–પૂર્ણ આત્માને તું ધ્યાવજે.

આત્મા 'બુદ્ધ' છે એટલે સ્વરૂપને બોધે (જાણે) તે સાચા બુદ્ધ; સત્ય બુદ્ધ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. બોધન કરે તે બુદ્ધ કહેવાય. આ ભગવાન આત્મા બુદ્ધ છે, તે બોધસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, રાગને કરે કે વેદે એવું તેનું સ્વરૂપ નથી. આવા શુદ્ધ બુદ્ધઆત્મસ્વરૂપને અંતર્મુખ થઈને હે મોક્ષાર્થી! તું જાણ. અંતરમાં ઠરેલા સ્થિર તત્ત્વને ઠરીને તું જાણ; વિકલ્પના ઉત્થાન વડે એ તત્ત્વ જણાય તેવું નથી. માટે બોધસ્વરૂપ થઈને બુદ્ધતત્ત્વને તું જાણ. જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનવડે જણાય, રાગવડે ન જણાય. રાગ તે બુદ્ધતત્ત્વનો અંશ નહિ; બુદ્ધસ્વરૂપ આત્મામાં રાગના વિકલ્પને અવકાશ ક્યાં છે? જ્ઞાનીએ અંતરમાં આવા તત્ત્વને અનુભવ્યું. મેં આ તત્ત્વ જાણ્યું તે હું બીજાને કહું એવી વૃત્તિના ઉત્થાનને શુદ્ધ–બુદ્ધતત્ત્વમાં સ્થાન નથી; નહિતર તો સિદ્ધનેય એવી વૃત્તિનું ઉત્થાન જાગવું જોઈએ.

શુદ્ધ, બુદ્ધ, જિન, સિદ્ધ એવા ભાવવાળું તારું ચેતન તત્ત્વ છે. તે ચેતનતત્ત્વની અધિકતા રાગવડે વાણીવડે કે બીજા જાણપણાવડે નથી. સંસારનો વિજય કરનાર–પરભાવોને તોડનાર એવો જિન આત્મા છે; તેને નિર્વિકલ્પધ્યાનમાં ધ્યેય કરવો, સ્વસન્મુખજ્ઞાનમાં જ્ઞેય કરવો–તે શિવમાર્ગ છે, તે પરમ આનંદનો પંથ છે.

બીજાનું કરવાની બાહ્યવૃત્તિમાં તો ભગવાન આત્મા નથી, અંતરમાં વિકલ્પના ઉત્થાનમાં પણ આત્મા નથી; અપૂર્ણતા તે પણ ખરેખર આત્મા નહિ. આત્મા તો પૂર્ણ સચેતન, એકલો જ્ઞાનસ્વભાવી બુદ્ધ–શુદ્ધ છે, તેમાં અપૂર્ણતા કેવી? ને અશુદ્ધતા કેવી? આવા આત્માને લક્ષગત કરીને હે જીવ! હંમેશાં તું એની પ્રીતિ કર, અંતર્મુખ થઈને એનું મનન કર; વચ્ચે બીજા કોઈની પ્રીતિ એક ક્ષણ પણ ન આવવા દે.–આ જ મોક્ષનો હેતુ છે, ને બીજી બધી વિકલ્પની વાતું છે. મોક્ષમાર્ગ અંતર્મુખધારામાં સમાય છે. વિકલ્પની ધારા વચ્ચે હોય તેને અનુમોદન કરીશ મા! એ વિકલ્પને મોક્ષપંથમાં બાધક સમજજે, તેને સાધક સમજીશ મા.

શુદ્ધ–જ્ઞાનસ્વરૂપ આત્મા, કે જેમાં અંતર્મુખ થતાં વિભાવો જીતાઈ જાય–એવો જિન, પરમાર્થે તું જ છો, તારા આવા સ્વરૂપને જાણીને પુનઃપુનઃ તેની ભાવના કર. –એમ કરવાથી તને મોક્ષના પરમસુખનો અનુભવ થશે. માટે આ જ મોક્ષાર્થીએ નિરંતર કરવાયોગ્ય કર્તવ્ય છે; કેમ કે–

શુદ્ધ આત્માની ભાવનાવડે મોક્ષમાર્ગ થાય છે. અને પરની ભાવનાથી સંસાર થાય છે.–માટે હે જીવ! તને જ્યાં રુચે ત્યાં તું જા! મોક્ષને ચાહતો હો તો શુદ્ધઆત્માની ભાવના કર.–અમે તો માર્ગ બતાવ્યો પણ તે માર્ગ જવું એ તારા હાથની વાત છે. બે મારગ છે–એક મોક્ષનો માર્ગ, બીજો સંસારનો માર્ગ; મોક્ષનો માર્ગ અંતર્મુખસ્વભાવની ભાવનામાં છે; એના સિવાય જેટલી બાહ્યવૃત્તિ ને વિકલ્પો તે સંસારનો માર્ગ છે. હવે તને જે માર્ગ રુચે તે માર્ગે તું જા. વાણીમાં–શરીરમાં કે વિકલ્પમાં તારો મોક્ષમાર્ગ નથી. તારો મોક્ષમાર્ગ તારા શુદ્ધ–બુદ્ધ–જિનસ્વભાવી આત્મામાં છે. મોક્ષને માટે તારા સ્વભાવની સમીપ જા. વિકલ્પોથી દૂર થા ને શુદ્ધસ્વરૂપની સમીપ થઈને નિર્વિકલ્પ સ્વરૂપે આત્માને ધ્યાવ.

મોક્ષની જેને ભાવના હોય તેને રાગના કોઈ અંશની રુચિ કે ભાવના ન હોય; બીજાનું હિત કરવા માટે ભવ કરવાની ભાવના તેને ન હોય. પરાશ્રિતભાવ જેને રુચે છે તેને સંસારની ભાવના છે, તેને મોક્ષની ખરી અભિલાષા નથી. મોક્ષની જેને સાચી અભિલાષા હોય તેને બંધભાવની ભાવના હોય નહીં, એને તો દિનરાત ક્ષણેપળે પોતાના ચૈતન્યસ્વભાવી શુદ્ધ–બુદ્ધઆત્માની જ ભાવના, તેનો જ પ્રેમ ને તેમાં જ ફરીફરી સન્મુખતા વર્તે છે. મોક્ષાર્થી જીવનું આ જ કર્તવ્ય છે–એમ ફરીફરીને સન્તોનો ઉપદેશ છે.

## सन्तकी पहचान मुझे आनंद देती है।

હે ચૈતન્યદ્રષ્ટિ–ધારક સમ્યગ્દ્રષ્ટિ સંત! તારી અંતર્દ્રષ્ટિ કોઈ અનેરી છે, તારી આત્મપરિણતિની રીત અટપટી છે; ઇન્દ્રિયથી અગોચર એવી તારી અંતરપરિણતિની ઓળખાણ બહારની દ્રષ્ટિવડે થતી નથી, એકલી બહારની ચેષ્ટાઓ વડે તારી અંતર્દ્રષ્ટિના ભાવો ઓળખાતા નથી. ગૃહવાસમાં વસવા છતાં તારી આત્મસ્પર્શી પરિણતિ ગૃહથી અલિપ્ત છે. બહારના સંયોગમાં કદાચ અસાતાજન્ય દુઃખ દેખાય પણ તારી અંતરપરિણતિ તો ચૈતન્યના સુખરસને ગટગટાવી રહી છે. તારી પરિણતિમાં વિકારથી જુદી જ એક ઉપશાંત–જ્ઞાનધારા સદાય વર્તી રહી છે,–જેનાં બળે તું સંયોગથી ને વિભાવોથી સદાય અલિપ્ત રહે છે. વાહ રે વાહ, સંત! તારી અંતરની એ ધારાને ઓળખતાં મારો આત્મા પણ જાણે સર્વે પરભાવોથી જુદો પડી જાય છે... ને આનંદની મધુર ઉર્મિઓ જાગે છે.–તારા ચરણમાં બહુ ભક્તિથી મારો આત્મા નમી પડે છે.

# ભગવાન ઋષભદેવ

## તેમના છેલ્લા દશ અવતારની કથા

[ મહાપુરાણના આધારે લે. બ્ર. હરિલાલ જૈનઃ લેખાંક ચોથો ]

આ ભરતક્ષેત્રમાં અસંખ્ય વર્ષો પહેલાં થયેલા આપણા આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવના દશભવોની આ કથા ચાલે છે. પૂર્વે દશમા ભવે તે જીવ મહાબલરાજા હતો ત્યારે સ્વયંબુદ્ધમંત્રીના ઉપદેશથી જૈનધર્મના સંસ્કાર પામ્યો; પછી લલિતાંગ દેવ થયો; ત્યાંથી વજ્જંઘરાજાના ભવમાં શ્રીમતી સહિત આહારદાન દીધું ને અન્ય ચાર તિર્યંચજીવોએ તેની અનુમોદના કરી. આહારદાનના પ્રતાપે એ છએ જીવો ભોગભૂમિમાં અવતર્યા છે. અહીં સુધી આપણી કથા પહોંચી છે. હવે આ ભોગભૂમિમાં એ જ સ્વયંબુદ્ધમંત્રીનો જીવ મુનિપણે અહીં આવીને ઋષભદેવ વગેરેના જીવોને પરમ કૃપાપૂર્વક સમ્યગ્દર્શન પમાડે છે; લેખકને પુરાણોમાં સૌથી પ્રિય એવા આ પ્રસંગનું અહીં આલેખન છે...જે સમ્યક્ત્વની આરાધનામાં ઉલ્લસિત કરે છે.

### સાતમો પૂર્વભવઃ ભોગભૂમિમાં સમ્યક્ત્વપ્રાપ્તિ

ભોગભૂમિમાં આર્ય–દંપતી તરીકે ઉપજેલા વજ્જંઘ અને શ્રીમતી એકવાર કલ્પવૃક્ષની શોભા નીહાળતા બેઠા હતા; એવામાં આકાશમાં પસાર થઈ રહેલા સૂર્યપ્રભદેવનું વિમાન દેખીને તે બંનેને જાતિસ્મરણ થઈ ગયું. જાતિસ્મરણ વડે પૂર્વ ભવો જાણીને તેઓ વૈરાગ્યપૂર્વક સંસારનું સ્વરૂપ વિચારતા હતા; ત્યાં તો વજ્જંઘના જીવે આકાશમાં દૂરથી આવી રહેલા બે ચારણમુનિઓને દેખ્યા. અને તે ચારણમુનિવરો પણ તેના ઉપર અનુગ્રહ કરીને આકાશમાર્ગથી નીચે ઊતર્યા. તેમને સન્મુખ આવતા દેખીને તુરત જ વજ્જંઘનો જીવ ઊભો થઈને વિનયથી તેમનો સત્કાર કરવા લાગ્યો. સાચું જ છે,–પૂર્વજન્મના સંસ્કાર જીવોને હિતકાર્યમાં પ્રેરિત કરે છે, બંને મુનિવરોની સમક્ષ પોતાની સ્ત્રી સહિત ઊભેલો વજ્જંઘનો જીવ એવો શોભતો હતો, કે સૂર્ય અને પ્રતિસૂર્યની સમક્ષ જેવું કમલિનીસહિત પ્રભાત શોભે. વજ્જંઘના જીવે ભક્તિપૂર્વક બંને મુનિવરોના ચરણમાં અર્ઘ ચડાવીને તેમને નમસ્કાર કર્યા; તે વખતે તેના નયનોમાંથી હર્ષના આંસુ નીકળીનીકળીને મુનિરાજના ચરણ ઉપર પડવા લાગ્યા, જાણે કે નયનોવડે તે મુનિરાજના ચરણોનું પ્રક્ષાલન જ કરતો હોય! સ્ત્રી સહિત પ્રણામ કરતા આર્યવજ્જંઘને આશીર્વાદ દઈને તે બંને મુનિવરો. યોગ્યસ્થાન પર યથાક્રમે બેઠા.

ત્યાર બાદ, સુખપૂર્વક બિરાજતા તે બંને મુનિવરો પ્રત્યે વિનયપૂર્વક વજ્રજંઘે આ પ્રમાણે પૂછ્યું: હે ભગવન્! આપ ક્યાં વસનારા છો? આપ ક્યાંથી અહીં પધાર્યા છો? આપના આગમનનું કારણ શું છે? તે કૃપા કરીને કહો. હે પ્રભો! આપને જોતાં જ મારા હૃદયમાં સૌહાર્દભાવ ઉમટી રહ્યો છે અને મારું ચિત્ત અતિશય પ્રસન્ન થઈ રહ્યું છે, અને મને એમ લાગે છે કે જાણે આપ મારા પૂર્વપરિચિત બંધુ હો! પ્રભો! આ બધાનું શું કારણ છે તે અનુગ્રહ કરીને મને કહો.

એ પ્રમાણે વજ્રજંઘનો પ્રશ્ન પૂરો થતાં જ મોટા મુનિરાજ તેને આ પ્રમાણે ઉત્તર દેવા લાગ્યા: હે આર્ય! તું મને એ સ્વયંબુદ્ધમંત્રીનો જીવ જાણ, કે જેના વડે તું મહાબલના ભવમાં પવિત્ર જૈનધર્મનો પ્રતિબોધ પામ્યો હતો. તે ભવમાં તારા મરણ બાદ મેં જિનદીક્ષા ધારણ કરી હતી અને સન્યાસપૂર્વક શરીર છોડીને સૌધર્મસ્વર્ગનો દેવ થયો હતો; ત્યારબાદ આ પૃથ્વીલોકમાં વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાં **પ્રીતિકર** નામનો રાજપુત્ર થયો છું અને આ (બીજા મુનિ) પ્રીતિદેવ મારા નાનાભાઈ છે. અમે બંને ભાઈઓએ સ્વયંપ્રભજિનેન્દ્રની સમીપ દીક્ષા લઈને પવિત્ર તપોબળથી અવધિજ્ઞાન તથા આકાશગામિની ચારણઋદ્ધિ પ્રાપ્ત કરી છે. હે આર્ય! અમે બંનેએ અવધિજ્ઞાનરૂપી નેત્રથી જાણ્યું કે તમે અહીં ભોગભૂમિમાં ઉત્પન્ન થયા છો; પૂર્વ ભવે આપ અમારા પરમમિત્ર હતા તેથી આપને પ્રતિબોધવા માટે અમે અહીં આવ્યા છીએ.

શ્રી મુનિરાજ પરમ કરુણાથી કહે છે–હે ભવ્ય! તું પવિત્ર સમ્યગ્દર્શન વગર કેવળ પાત્રદાનની વિશેષતાથી જ અહીં ઉત્પન્ન થયો છે–એ વાત નિશ્ચય સમજ. મહાબલના ભવમાં પણ, તું મારી પાસેથી તત્ત્વજ્ઞાન પામ્યો હતો, પરંતુ તે વખતે ભોગોની આકાંક્ષાને વશ તું દર્શનશુદ્ધિ પામી શક્યો ન હતો. હવે **અમે બંને, સર્વશ્રેષ્ઠ તથા સ્વર્ગ-મોક્ષના સુખનું મુખ્ય સાધન એવું સમ્યગ્દર્શન-દેવાની ઇચ્છાથી અહીં આવ્યા છીએ...માટે હે આર્ય! આજે જ તું સમ્યગ્દર્શન ગ્રહણ કર!**

[અહા, મુનિરાજના શ્રીમુખેથી પરમ અનુગ્રહભર્યા આ વચનો સાંભળતાં વજ્રજંઘનો આત્મા કેવો પ્રસન્ન થયો હશે! ]

પ્રીતિકર મુનિરાજ પરમ અનુગ્રહપૂર્વક વજ્રજંઘના આત્માને સમ્યગ્દર્શન અંગીકાર કરાવતાં કહે છે કે **હે આર્ય! તું હમણાં જ સમ્યગ્દર્શનને ગ્રહણ કર...** આ તારો સમ્યકત્વના લાભનો કાળ છે. [ "तद्‌गृहाणाद्य सम्यक्त्वं तल्लाभे काल एष ते" ] દેશનાલબ્ધિ વગેરે બહિરંગકારણ અને કરણલબ્ધિરૂપ અંતરંગકારણવડે ભવ્યજીવ દર્શનવિશુદ્ધિ પામે છે. જેમ સૂર્યનો ઉદય થતાં રાત્રીસંબંધી અંધકાર દૂર થઈ જાય છે તેમ સમ્યક્‌ત્વરૂપી સૂર્યનો ઉદય થતાં મિથ્યાત્વ-અંધકાર નષ્ટ થઈ જાય છે. આ સમ્યગ્દર્શન જ સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્‌ચારિત્રનું મૂળ કારણ છે, એના વિના તે બંને હોતાં નથી. સર્વજ્ઞે કહેલાં જીવાદિ સાત તત્ત્વોનું, ત્રણ મૂઢતા રહિત તથા આઠઅંગ સહિત યથાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. નિઃશંકતા, વાત્સલ્ય વગેરે આઠ અંગરૂપી કિરણોથી સમ્યગ્દર્શનરૂપી રત્ન બહુ જ શોભે છે. હે ભવ્ય! તું આ શ્રેષ્ઠ જૈનમાર્ગને જાણીને, માર્ગસંબંધી શંકાને છોડ, ભોગોની આકાંક્ષા દૂર કર, વસ્તુધર્મ પ્રત્યેની ગ્લાની છોડીને અમૂઢદ્રષ્ટિ (-વિવેકદ્રષ્ટિ) પ્રગટ કર; ધર્માત્માસંબંધી દોષના સ્થાન છૂપાવીને સત્યધર્મની વૃદ્ધિ કર, માર્ગથી વિચલિત થતા આત્માને ધર્મમાં સ્થિર કર, રત્નત્રયધર્મમાં અને રત્નત્રયધારક ધર્માત્માઓમાં અતિશય પ્રીતિરૂપ વાત્સલ્ય કર અને તારી શક્તિઅનુસાર જૈનશાસનની પ્રભાવના કર.-આ પ્રમાણે નિઃશંકતા આદિ આઠે અંગોથી સુશોભિત એવા વિશુદ્ધ સમ્યક્‌ત્વને તું ધારણ કર.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેનો પરમ મહિમા સમજાવીને, તે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વારંવાર પ્રેરણા કરતાં શ્રી પ્રીતિંકરમુનિરાજ કહે છે કેઃ હે આર્ય! જીવાદિ પદાર્થોના સ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન કરનારા આ સમ્યગ્દર્શનને જ તું ધર્મનું સર્વસ્વ સમજ. આ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં, જગતમાં એવું કોઈ સુખ નથી કે જે જીવને પ્રાપ્ત ન થાય,- એટલે કે સર્વસુખનું કારણ સમ્યગ્દર્શન છે. આ સંસારમાં તે જ પુરુષ શ્રેષ્ઠ જન્મ પામ્યો છે...તે જ કૃતાર્થ છે...અને તે જ પંડિત છે...કે જેના હૃદયમાં નિર્દોષ સમ્યગ્દર્શન પ્રકાશે છે. હે ભવ્ય! ચોક્કસપણે તું આ સમ્યગ્દર્શનને જ સિદ્ધિપ્રસાદનું પ્રથમ સોપાન જાણ, મોક્ષમહેલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન જ છે, તે જ દુર્ગતિના દરવાજાને રોકનાર મજબુત કમાડ છે, તે જ ધર્મના ઝાડનું સ્થિર મૂળિયું છે, તે જ સ્વર્ગ અને મોક્ષના ઘરનો દરવાજો છે, અને તે જ શીલરૂપી હારની વચમાં લાગેલું શ્રેષ્ઠ રત્ન છે. આ સમ્યગ્દર્શન જીવને અલંકૃત કરનારું છે, દેદીપ્યમાન છે, સારભૂત રત્ન છે અર્થાત્ રત્નોમાં શ્રેષ્ઠ છે, સૌથી ઉત્કૃષ્ટ છે, અને મુક્તિશ્રીને વરવા માટેની તે વરમાળ છે.-

**હે ભવ્ય ! આવા સમ્યગ્દર્શનને તું તારા હૃદયમાં ધારણ કર...આજે જ ધારણ કર...અમે તને સમ્યક્ત્વ પમાડવા માટે જ આવ્યા છીએ.**



જે પુરુષે અત્યંત દુર્લભ આ સમ્યગ્દર્શનરૂપી શ્રેષ્ઠ રત્ન પ્રાપ્ત કરી લીધું છે તે અલ્પકાળમાં જ મોક્ષ સુધીના સુખને પામી જાય છે. દેખો, જે પુરુષ એક મુહૂર્તને માટે પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લ્યે છે તે આ મોટી સંસારરૂપી વેલને કાપીને અત્યંત છોટી કરી નાંખે છે. જેના હૃદયમાં સમ્યગ્દર્શન છે તે ઉત્તમ દેવ તથા ઉત્તમ મનુષ્યપર્યાયમાં જ ઉત્પન્ન થાય છે, એ સિવાય નરક-તીર્યંચના દુર્જન્મ તેને કદી થતા નથી. અહો, આ સમ્યગ્દર્શન સંબંધમાં અધિક શું કહેવું ? એની તો એટલી જ પ્રશંસા પર્યાપ્ત છે કે જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અનંત સંસારનો પણ અંત આવી જાય છે. –આ પ્રમાણે સમ્યગ્દર્શનનો પરમ મહિમા સમજાવીને શ્રી મુનિરાજ કહે છે કે હે આર્ય ! તું મારા વચનોથી જિનેશ્વરદેવની આજ્ઞાને પ્રમાણભૂત કરીને અનન્યશરણરૂપ થઈને ( એટલે કે તેનું એકનું જ શરણ લઈને ) સમ્યગ્દર્શનનો સ્વીકાર કર. જેમ શરીરના હાથ-પગ વગેરે અંગોમાં મસ્તક પ્રધાન છે, અને મુખમાં નેત્ર મુખ્ય છે, તેમ મોક્ષના સમસ્ત અંગોમાં ગણધરાદિ આપ્ત પુરુષ સમ્યગ્દર્શનને જ પ્રધાન અંગ જાણે છે. હે આર્ય ! લોકમૂઢતા, ગુરુમૂઢતા અને દેવમૂઢતાનો પરિત્યાગ કરીને તું, મિથ્યાદ્રષ્ટિઓ જેને નથી પામી શકતા એવી સમ્યગ્દર્શનની ઉજ્જવલતાને ધારણ કર. સમ્યગ્દર્શનરૂપી તલવાર દ્વારા સંસારરૂપી લતાને તું છેદી નાખ. **તું જરૂર નિકટ ભવ્ય છે અને ભવિષ્યકાળમાં તીર્થંકર થનાર છે.**

હે આર્ય! અરિહંતદેવના વચનઅનુસાર મેં આ સમ્યગ્દર્શનની દેશના કરી છે તે શ્રેયની પ્રાપ્તિ માટે તારે અવશ્ય ગ્રહણ કરવાયોગ્ય છે. એ પ્રમાણે આર્ય–વજ્રજંઘને પ્રતિબોધ્યા બાદ તે મુનિરાજ આર્યા–શ્રીમતીને સંબોધીને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ

હે અંબા! હે માતા! તું પણ સંસારસમુદ્રથી પાર થવા માટે નૌકાસમાન એવા આ સમ્યગ્દર્શનને અતિ શીઘ્રપણે ગ્રહણ કર. આ સ્ત્રીપર્યાયમાં વૃથા ખેદખીન્ન શા માટે થાય છે? હે માતા! તું વિલંબ વગર સમ્યગ્દર્શનને ધારણ કર. સમ્યગ્દર્શન થયા પછી જીવને સ્ત્રીપર્યાયમાં અવતાર થતો નથી, તેમજ નીચેની છ નરકોમાં, વૈમાનીકથી હલકા દેવોમાં, કે બીજી કોઈ નીચ પર્યાયોમાં તે ઉત્પન્ન થતો નથી. અજ્ઞાનજન્ય આ નિંદ્ય સ્ત્રીપર્યાયને ધિક્કાર છે કે જેમાં નિર્ગ્રંથમુનિધર્મનું પાલન થઈ શકતું નથી. હે માતા! હવે તું નિર્દોષ સમ્યગ્દર્શનની આરાધના કર, અને તેની આરાધનાવડે આ સ્ત્રીપર્યાયનો છેદ કરીને ક્રમેક્રમે મોક્ષ સુધીના પરમ સ્થાનોને પ્રાપ્ત કર. તમે બંને થોડાક ઉત્તમ ભાવોને ધારણ કરીને ધ્યાનરૂપી અગ્નિદ્વારા સમસ્ત કર્મોને ભસ્મ કરીને પરમ સિદ્ધપદ પામશો.

**-આ પ્રમાણે પ્રીતિંકરઆચાર્યના વચનોને પ્રમાણ કરીને આર્યવજ્રજંઘે પોતાની સ્ત્રીની સાથેસાથે પ્રસન્નચિત્ત થઈને સમ્યગ્દર્શન ધારણ કર્યું.** તે વજ્રજંઘનો જીવ પોતાની પ્રિયાની સાથે સમ્યગ્દર્શન પામીને અતિશય સંતુષ્ઠ થયો; બરાબર છે,– અપૂર્વ વસ્તુનો લાભ પ્રાણીઓને મહાન સંતોષ ઉપજાવે જ છે. જેમ કોઈ રાજકુમાર સૂત્રમાં પરોવેલી મનોહરમાળા પ્રાપ્ત કરીને પોતાની રાજલક્ષ્મીના યુવરાજ પદ પર સ્થિત થાય છે તેમ તે વજ્રજંઘનો જીવ પણ જૈન સિદ્ધાંતરૂપી સૂત્રમાં પરોવેલી મનોહર સમ્યગ્દર્શનરૂપી માળા પામીને મોક્ષરૂપી રાજસમ્પદાના યુવરાજપદ પર સ્થાપિત થયો, તેમજ વિશુદ્ધ પુરુષ પર્યાય પામીને મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતી થકી સતી આર્યા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિથી અત્યંત સંતુષ્ઠ થઈ. પહેલાં કદી પણ જેની પ્રાપ્તિ થઈ ન હતી એવા સમ્યગ્દર્શનરૂપી રસાયણને આસ્વાદીને (ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવીને) તે બંને દંપતી કર્મ નષ્ટ કરનાર એવા જૈનધર્મમાં અતિશય દ્રઢતા પામ્યા.


**આ રીતે ઋષભદેવનો આત્મા પૂર્વે સાતમા ભવે ભોગભૂમિમાં સમ્યક્ત્વ પામ્યો...ભવિષ્યમાં ભરતક્ષેત્રના આદિ તીર્થંકર થઈને જેઓ ધર્મતીર્થની આદિ કરનાર છે એવા આદિનાથપ્રભુના આત્મામાં ધર્મની આદિ થઈ. તે ધર્મની શરૂઆત કરનાર ધર્માત્માને અમારાં નમસ્કાર હો.**

વજ્રજંઘ અને શ્રીમતીની સાથે સાથે, પૂર્વે કહેલા સિંહ, વાંદરો, નોળિયો અને ભુંડ એ ચાર જીવો–કે જેઓ આહારદાનનું અનુમોદન કરીને તેમની સાથે જ ભોગભૂમિમાં

ઉપજ્યા હતા તેઓ પણ, ગુરુદેવ પ્રીતિંકરમુનિરાજના ચરણકમળનો આશ્રય લઈને સમ્યગ્દર્શનરૂપી અમૃતને પામ્યા. **આનંદસૂચક ચિહ્નો દ્વારા જેમણે પોતાના મનોરથની સિદ્ધિ પ્રગટ કરી છે એવા તે બંને દંપતીને તે 'બંને મુનિવરો' ઘણીવાર સુધી ધર્મપ્રેમથી વારંવાર દેખતા હતા,-કૃપાદ્રષ્ટિ કરતા હતા.** અને તે વજ્જંઘનો જીવ પૂર્વભવના પ્રેમને લીધે આંખો ફાડી ફાડીને શ્રી પ્રીતિંકરમુનિરાજના ચરણકમળ તરફ દેખી રહ્યો હતો તથા તેમના ક્ષણભરના સ્પર્શથી ઘણો જ પ્રસન્ન થઈ રહ્યો હતો.

આ પ્રમાણે તે બે મુનિભગવંતોએ પરમ અનુગ્રહપૂર્વક વજ્જંઘ વગેરે જીવોને પ્રતિબોધીને અપૂર્વ સમ્યગ્દર્શન પમાડયું. ત્યારબાદ તે બંને ચારણમુનિવરો પોતાના યોગ્યદેશમાં જવા માટે તૈયાર થયા, ત્યારે વજ્જંઘના જીવે તેમને પ્રણામ કર્યા અને પરમ ભક્તિપૂર્વક કેટલેક દૂર સુધી તેમની પાછળ પાછળ ગમન કર્યું...જતાં જતાં બંને મુનિવરોએ તેને **આશીર્વાદ દઈને** હિતોપદેશ દીધો...અને કહ્યું કે હે આર્ય! ફરીને દર્શન હો...તું આ સમ્યગ્દર્શનરૂપી સત્યધર્મને કદી ભૂલીશ નહીં.-આટલું કહીને તે બંને ગગનગામી મુનિવરો તરત જ આકાશમાર્ગે અંતર્હિત થઈ ગયા.

જ્યારે બંને ચારણમુનિવરો ચાલ્યા ગયા ત્યારે તે વજ્જંઘનો જીવ ક્ષણભર તો બહુજ ઉત્કંઠિત થઈ રહ્યો.-સાચું જ છે કે પ્રિયજનોનો વિયોગ મનને સંતાપ કરે છે. વારંવાર મુનિવરોના ગુણોના ચિંતનવડે પોતાના મનને આર્દ્ર કરીને તે વજ્જંઘ ઘણા વખત સુધી ધર્મસંબંધી આ પ્રમાણે વિચાર કરવા લાગ્યોઃ અહા! કેવું આશ્ચર્ય છે કે સાધુ પુરુષોનો સમાગમ હૃદયના સંતાપને દૂર કરે છે, પરમ આનંદને વધારે છે અને મનની વૃત્તિને સંતુષ્ઠ કરે છે. વળી તે સાધુઓનો સમાગમ પ્રાય દૂરથી જ પાપને નષ્ટ કરે છે, ઉત્કૃષ્ટ યોગ્યતાને પુષ્ટ કરે છે અને કલ્યાણને ખૂબજ વધારે છે. તે સાધુ પુરુષોએ મોક્ષમાર્ગના સાધનમાં જ સદા પોતાની બુદ્ધિ જોડી છે, લોકોને પ્રસન્ન કરવાનું કંઈ પ્રયોજન તેમને રહ્યું નથી. મહાપુરુષોનો આ સ્વભાવ જ છે કે માત્ર અનુગ્રહબુદ્ધિથી ભવ્યજીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે, (વજ્જંઘનો જીવ વિચારી રહ્યો છેઃ) અહા! મારા ધનભાગ્ય કે મુનિભગવંતો મારા ઉપર અનુગ્રહ કરીને અહીં પધાર્યા ને મને સમ્યક્ત્વ આપ્યું. ક્યાં એ અત્યંત નિસ્પૃહ સાધુઓ! ને ક્યાં અમે? ક્યાં તો એમનું વિદેહધામ! ને ક્યાં અમારી ભોગભૂમિ! એ નિસ્પૃહ મુનિવરોનું ભોગભૂમિમાં આવવું અને અહીંના મનુષ્યોને ઉપદેશ દેવો એ કાર્ય સહજ નથી તોપણ તે મુનિવરોએ અહીં પધારીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો.



“વાહ! સંતોએ પરમ ઉપકાર કર્યો”

**જેમ આ ચારણઋદ્ધિધારક મુનિવરોએ દૂરથી આવીને અમને ધર્મ પમાડીને અમારા ઉપર મહાન ઉપકાર કર્યો તેમ મહાપુરુષો ધર્મ પમાડીને બીજાનો ઉપકાર કરવામાં સદા પ્રીતિ રાખે છે. તપથી જેમનું શરીર કૃશ થઈ ગયું છે એવા એ બંને તેજસ્વી મુનિભગવંતો અત્યારે પણ મારી નજર સામે જ તરવરે છે, જાણે કે હજી પણ તેઓ મારી સામે જ ઊભા છે...હું તેમના ચરણકમળમાં પ્રણામ કરું છું ને તે બંને મુનિવરો તેમનો કોમળ હાથ મારા મસ્તક ઉપર મુકીને મને સ્નેહભીનો કરી રહ્યા છે! અહા! એ મુનિવરોએ મને-ધર્મના પ્યાસા માનવીને-સમ્યગ્દર્શનરૂપી અમૃત પીવડાવ્યું છે. તેથી મારું મન સંતાપરહિત અત્યંત પ્રસન્ન થઈ રહ્યું છે...**

આર્ય વજ્જંઘ તે પ્રીતિંકર મુનિરાજના મહાન ઉપકારનું ફરીફરીને ચિંતન કરે છેઃ અહા, એ પ્રીતિંકર નામના મોટા મુનિરાજ ખરેખર ‘પ્રીતિકર’ જ છે તેથી જ દૂરદૂરથી અહીં આવીને અને માર્ગનો ઉપદેશ દઈને તેમણે અમારા ઉપર અપાર પ્રીતિ દર્શાવી છે. તેઓ, મહાબલના ભવમાં પણ મારા સ્વયંબુદ્ધ નામના ગુરુ હતા, અને આજે આ ભવમાં પણ મને સમ્યગ્દર્શન આપીને તેઓ મારા વિશેષ ગુરુ થયા છે. **જો સંસારમાં આવા ગુરુઓની સંગતિ ન હોય તો ગુણોની પ્રાપ્તિ પણ ન થઈ શકે, અને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ વગર જીવના જન્મની સફળતા પણ ન થાય. ધન્ય છે જગતમાં આવા ગુરુઓને કે જેમની સંગતિથી ભવ્યજીવોને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.** જેમ જહાજ વગર સમુદ્ર તરી નથી શકાતો તેમ ગુરુના ઉપદેશ વગર સંસારસમુદ્ર તરી શકાતો નથી. આ સંસારમાં ભાઈ અને ગુરુ

એ બે પદાર્થ મનુષ્યોને પ્રીતિનું કારણ છે, પરંતુ તેમાં ભાઈ તો આ લોકમાં જ પ્રીતિ ઉપજાવે છે અને ગુરુ તો આ લોક તેમજ પરલોક બંનેમાં પ્રીતિ ઉપજાવે છે. **જ્યારે ગુરુના ઉપદેશથી જ અમને આ પ્રકારની સમ્યગ્દર્શનાદિની વિશુદ્ધિ પ્રાપ્ત થઈ છે ત્યારે અમારી ભાવના છે કે જન્માંતરોમાં પણ ગુરુદેવના ચરણોમાં અમારી ભક્તિ બની રહે.**-આ પ્રમાણે ગુરુના ઉપકાર વગેરેનું ચિંતન કરતાં કરતાં વજ્રજંઘની સમ્યક્ત્વભાવના અત્યંત દ્રઢ થઈ ગઈ, આ જ ભાવના આગળ જતાં તેને કલ્પલતાસમાન સમસ્ત ઇષ્ટફળ દેનારી થશે. વજ્રજંઘની માફક શ્રીમતીના જીવે પણ ઉપર મુજબ ચિંતન કર્યું હતું તેથી તેની સમ્યક્ત્વ-ભાવના પણ સુદ્રઢ થઈ ગઈ હતી. એ પતિ-પત્ની બંનેનો સ્વભાવ એકસરખો હતો; પ્રીતિંકર મુનિરાજના ઉપદેશથી સમ્યક્ત્વ પામીને તે બંનેએ ભોગભૂમિનું બાકીનું આયુષ્ય સુખપૂર્વક પૂરું કર્યું, અને આયુષ્ય પૂર્ણ થતાં પ્રાણ છોડીને તેઓ બંને ઇશાન સ્વર્ગમાં ઉત્પન્ન થયા.

*

## આ રીતે ઋષભદેવના પૂર્વના ચાર ભવ પૂરા થયા-

(૧) મહાબલ રાજાનો ભવ (જ્યાં મંત્રીના ઉપદેશથી જૈનધર્મનો પ્રેમ જાગ્યો.)
(૨) ઇશાનસ્વર્ગમાં લલિતાંગદેવ (જ્યાં સ્વયંપ્રભા દેવી પ્રાપ્ત થઈ)
(૩) વજ્રજંઘરાજાનો ભવ (જેમાં શ્રીમતી સાથે મુનિઓને આહારદાન દીધું.)
(૪) ભોગભૂમિનો ભવ (જ્યાં મુનિવરોના ઉપદેશથી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું.
(૫) હવે આવશે ઈશાન સ્વર્ગમાં-શ્રીધરદેવનો ભવ.

## આત્માની મહત્તા

આ જગતમાં આત્મા અને જડ બધાય પદાર્થો અનાદિઅનંત છે, અને દરેક પદાર્થમાં ક્ષણે ક્ષણે પોતપોતાની અવસ્થાનું રૂપાંતર થાય છે, તે તેના સ્વભાવથી જ થાય છે. જડમાં પણ ક્ષણે ક્ષણે હાલત પલટાય એવી તેના સ્વભાવની તાકાત છે, જીવને લઈને તેનું કાર્ય થાય-એમ બનતું નથી. પરંતુ અજ્ઞાની સ્વ-પરની ભિન્નતાને ભૂલીને પરનાં કાર્ય હું કરું એવું અભિમાન કરે છે. પણ ભાઈ! એમાં તારી મહત્તા નથી, તું તો જ્ઞાનસ્વભાવ છો.-તે સ્વભાવની મહત્તાને લક્ષમાં તો લે. પરનાં કાર્યોથી તારી મહત્તા નથી પણ ચૈતન્યસ્વરૂપથી તારી મહત્તા છે. તારા ચૈતન્યસ્વરૂપની મહત્તાને લક્ષમાં લીધા વગર પોતાને તુચ્છ માનીને તું સંસારમાં રખડયો. હવે તારા ચૈતન્યની પ્રભુતાને જાણ ને પરના કર્તાપણાનું અભિમાન છોડ તો તારા ભવભ્રમણનો અંત આવે.

# પરમ શાંતિદાતારી
# અધ્યાત્મભાવના

આત્મધર્મની સહેલી લેખમાળા

લેખ નં. ૩૮ ] [ અંકઃ ૭૩ થી ચાલુ ]

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામીરચિત ‘સમાધિશતક’ ઉપર પૂ. ગુરુદેવના અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

જ્ઞાની તો જગતથી ભિન્ન પોતાના આત્મસ્વરૂપને એવું જાણે છે કે જગતના પદાર્થો તો તેને ખાલી ભાસે છે, જાણે તે ચેતના વગરના હોય એમ ભાસે છે, કેમકે પોતાની ચેતના તેમાં ક્યાંય નથી. પણ અજ્ઞાનીને આવા ભિન્ન આત્માનું ભાન નથી, તે તો ભ્રાન્તિથી દેહાદિને જ આત્મા માને છે. યથાર્થ આત્મસ્વરૂપને નહિ જાણનારો તે બહિરાત્મા આત્માને કેવો માને છે તે હવે કહે છે–

प्रविशद्गलतां व्यूहे देहेऽणुनां समाकृतौ ।
स्थिति भ्रान्त्या प्रपद्यन्ते तमात्मानमबुद्धयः ।।६९।।

અજ્ઞાની પોતાની નિત્યતાને ભૂલીને ભ્રાન્તિથી આ ક્ષણિક સંયોગી શરીરને નિત્ય સ્થિર માની રહ્યો છે, ને તે જ હું છું એમ પોતાને દેહરૂપે માની રહ્યો છે, શરીરમાં ક્ષણેક્ષણે અનંત પરમાણુઓ જાય છે ને આવે છે; સ્થૂળપણે કેટલોક કાળ સુધી શરીર એવું ને એવું દેખાય ત્યાં અજ્ઞાની તેને સ્થિર માની રહ્યો છે; અને દેહ સાથે એકક્ષેત્રે રહેતાં તે દેહરૂપે જ પોતાને અનુભવી રહ્યો છે. દેહ સાથે એકક્ષેત્રે રહેવું તે કાંઈ દેહ સાથે એકત્વબુદ્ધિનું કારણ નથી; જ્ઞાનીને અને કેવળીને પણ દેહ સાથે એકક્ષેત્રાવગાહપણું છે. પરંતુ તેઓ તો ભેદજ્ઞાનવડે પોતાના આત્માને દેહથી અત્યંત ભિન્ન અનુભવે છે. અજ્ઞાનીને પોતાની ભિન્નતાનું ભાન નથી તેથી ભ્રાંતિથી તે દેહને જ આત્મા તરીકે માને છે; દેહની ક્રિયાઓને પોતાની જ ક્રિયા માને છે; તેને સમજાવે છે કે ભાઈ! તું તો ચૈતન્યબિંબ, અરૂપી વસ્તુ; દેહ તો રૂપી અને જડ; તેની સાથે એક જગ્યાએ રહ્યો તેથી કાંઈ તું તે જડરૂપે થઈ ગયો નથી, તારું સ્વરૂપ તો એનાથી જુદું જ છે. અનંતા દેહ બદલ્યા છતાં તું તો એકને એક જ રહ્યો છે. પૂર્વભવના જ્ઞાનવાળા કોઈ જીવો જોવામાં આવે છે, તે દેહથી આત્માની ભિન્નતાને પ્રસિદ્ધ કરે છે. પૂર્વના દેહ વગેરે એકદમ પલટી ગયા,

તે દેહ અત્યારે નથી, છતાં તે દેહમાં રહેનારો હું અત્યારે આ રહ્યો; આમ દેહથી ભિન્ન અસ્તિત્વનું ભાન થઈ શકે છે; જો દેહ તે જ આત્મા હોય તો પૂર્વના દેહનો નાશ થતાં ભેગો આત્માનોય નાશ થઈ ગયો હોત! પણ આત્મા તો આ રહ્યો–એમ દેહથી ભિન્નપણું પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે.

અરે, ક્યાં ચૈતન્યસ્વરૂપ આનંદથી ભરેલો આત્મા, ને ક્યાં આ જડ-પુદ્ગલનું ઢીંગલું? એમાં એકત્વબુદ્ધિ ભાઈ, તને નથી શોભતી. જેમ મડદા સાથે જીવતાંની સગાઈ ન હોય તેમ મૃતક એવા આ શરીર સાથે જીવંત ચૈતન્યમૂર્તિ જીવની સગાઈ ન હોય, એકતા ન હોય; બંનેને અત્યંત ભિન્નતા છે. આ દેહ તો સ્થૂળ, ઈન્દ્રિયગમ્ય, નાશવાન વસ્તુ છે; તું તો અતિ સૂક્ષ્મ, અતીન્દ્રિય સ્વરૂપ, ઇન્દ્રિયોથી અગમ્ય અવિનાશી છો. તું આનંદનું ને જ્ઞાનનું ધામ છો. આવી તારી અંતરંગ વસ્તુમાં નજર તો કર.

લાકડું અને આ શરીર, એ બંને એક જ જાતિના છે, જેમ લાકડું તું નથી, તેમ શરીર પણ તું નથી. લાકડું ને આત્મા જેમ જુદા છે તેમ દેહ ને આત્મા પણ અત્યંત જુદા છે. આવી ભિન્નતાના ભાન વગર જીવને સમાધિ, સમાધાન કે શાન્તિ થાય નહિ. સમાધિનું મૂળ ભેદજ્ઞાન છે. સ્વ પરનું ભેદજ્ઞાન કરીને સ્વમાં સ્થિર થતાં સમાધિ થાય છે, તે સમાધિમાં આનંદ છે, શાંતિ છે, વીતરાગતા છે, માટે હે જીવ! તું દેહથી ભિન્ન આત્માને જાણીને તેને જ ભાવ. [ ૬૯ ]

દેહથી ભિન્ન આત્માને તું તારા ચિત્તમાં સદા ધારણ કર; દેહના વિશેષણોને આત્મામાં ન જોડ–એમ હવે કહે છે–

गौरः स्थूलं कृशो वाऽहम् इत्यंगेनाविशेषयन ।
आत्मानं धारयेन्नित्यं केवलज्ञप्तिविग्रहम् ।।७०।।

ભાઈ, આત્મા તો કેવળજ્ઞાનશરીરી છે; કેવળ જ્ઞાન જ એનું શરીર છે; આ જડ શરીર તે કાંઈ આત્માનું નથી. માટે હું ગોરો હું કાળો, કે હું જાડો હું પાતળો, અથવા હું મનુષ્ય, હું દેવ એમ શરીરનાં વિશેષણોને આત્માનાં ન માન. ધોળો–કાળો રંગ, કે જાડું–પાતળું એ વિશેષણ તો જડ-શરીરનાં છે; તે વિશેષણ વડે જડ લક્ષિત થાય છે, તે વિશેષણવડે કાંઇ આત્મા લક્ષિત થતો નથી; માટે ધર્મી જીવ તે વિશેષણોથી પોતાના આત્માને વિશેષિત નથી કરતો, તેનાથી જુદો જ, સદાય કેવળજ્ઞાન જેનું શરીર છે એવા પોતાના આત્માને સદાય ધારણ કરે છે, ચિન્તવે છે,

અહા, અસંખ્યપ્રદેશી અવયવવાળું કેવળજ્ઞાન જ જેનો દેહ છે, માત્ર જ્ઞાન જ જેનું સ્વરૂપ છે–એવા આત્મામાં કાળો–ધોળો રંગ કેવો? કે જાડું–પાતળું શરીર કેવું? એને એકક્ષણ પણ તું તારામાં ન ચિંતવ; જ્ઞાનાનંદે ભરપૂર ભગવાન તું છો, એવા સ્વરૂપે તું તને સદા ધાર, એટલે કે શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લે.

જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હું;
જ્યાં જ્યાં આનંદ ત્યાં ત્યાં હું;
પણ જ્યાં શરીર ત્યાં હું–એમ નહિ,

કેવળજ્ઞપ્તિ સ્વરૂપ હું છું એવા અનુભવમાં વિકાર પણ ક્યાં આવ્યો? કેવળ જ્ઞપ્તિ એટલે એકલું વીતરાગી જ્ઞાન–એવા શુદ્ધ આત્મસ્વરૂપમાં જ્યાં વિકારનોય અવકાશ નથી ત્યાં શરીર કેવું? આવા અશરીરી આત્માનું ચિન્તન અતીન્દ્રિય જ્ઞાનવડે થાય છે. જ્ઞાનના ઉપયોગને અંતરમાં વાળીને ધર્મી પોતાને આવો (કેવળજ્ઞાનસ્વરૂપ) અનુભવે છે. "સર્વ જીવ છે સિદ્ધ સમ" અને "સિદ્ધસમાન સદા પદ મેરો" એવી પ્રતીતમાં દેહ સાથે એકત્વબુદ્ધિ રહી શકે નહીં, એટલે દેહસંબંધી વિષયોમાં સુખબુદ્ધિ પણ રહે જ નહિ. આવા ભેદજ્ઞાનવડે આત્માને ઓળખવો તે મોક્ષનું કારણ છે એ વાત હવેની ગાથામાં કહેશે. [ ૭૦ ]



## જ્ઞાન અને રાગની ભિન્નતાવડે સાધકતા

જ્ઞાનને અને રાગને એકમેક માને તેને
રાગ હેય ને જ્ઞાન ઉપાદેય એવું સાધકપણું રહેતું નથી.
જ્ઞાનને અને રાગને સાધ્ય–સાધનપણું માને કે કાર્યકારણપણું માને,
તો તેને, રાગ હેય ને જ્ઞાન ઉપાદેય–એમ રહેતું નથી.
પર્યાયમાં રાગાંશ ને જ્ઞાનાંશ એ બંનેને ભિન્ન જાણીને,
જ્ઞાનપર્યાયને દ્રવ્ય સ્વભાવમાં લીન–એકમેક કરીને
અનુભવતા આનંદમય આખો આત્મા અનુભવાય છે.
તે અનુભૂતિમાં જ્ઞાન ઉપાદેય થયું ને રાગ હેય થયો,
એટલે સાધકપણું થયું.

# વીરનાથે દિવ્યધ્વનિમાં કહેલું વિરલ તત્ત્વ એની વિરલતા જાણીને તેને તું સાધી લે

(અષાડ વદ એકમઃ દિવ્યધ્વનિના દિવસનું પ્રવચન)

આજે વિપુલાચલ ઉપર ભગવાન મહાવીરપરમાત્માની દિવ્યધ્વનિના ધોધ વહેવા શરૂ થયા. કેવળજ્ઞાન તો ૬૬ દિવસ પહેલાં થયું હતું, પણ ગૌતમગણધર આજે સમવસરણમાં આવ્યા ને આજે પ્રભુની વાણી છૂટી. તે ઝીલીને ગૌતમસ્વામીએ ભાવશ્રુતપણે પરિણમીને શ્રુતની રચના અંતર્મુહૂર્તમાં કરી. આ રીતે દિવ્યધ્વનિનો, ગણધરપદનો, શ્રુતરચનાનો ને વીરશાસનના પ્રવર્તનનો દિવસ આજે છે. યુગને હિસાબે બેસતું વર્ષ પણ આજે (અષાડ વદ એકમે) છે; ભગવાને વાણીમાં જે શુદ્ધ આત્મતત્ત્વ બતાવ્યું, તે શુદ્ધાત્મતત્ત્વને જાણનારા વિરલા જીવો જ હોય છે; ને જ્ઞાની પાસેથી વિનયપૂર્વક તેનું શ્રવણ કરનારા પણ વિરલ છે. આવું તત્ત્વ કહેનારા તો દુર્લભ છે, ને તેની પ્રીતિથી સ્વભાવની વાત સાંભળનારા જીવો પણ વિરલ છે, થોડા છે. અંતરના શુદ્ધ પરમાત્મતત્ત્વના આશ્રયે જ મોક્ષમાર્ગ છે ને બહારના કોઈ ભાવથી મોક્ષમાર્ગ નથી–આવા સ્વાશ્રયની વાત સાંભળીને તેની રુચિ કરનારા જીવો બહુ દુર્લભ છે. પુણ્યની–રાગની–સંયોગની મીઠાસવાળા જીવો ઘણા છે, જગતમાં તેની વાત કહેનારા પણ ઘણા છે ને તે સાંભળનારાય ઘણા છે, એની કાંઈ વિરલતા નથી. વિરલતા તો શુદ્ધચૈતન્યતત્ત્વની છે; તેને જાણનારા થોડા, કહેનારા થોડા, સાંભળનારા થોડા; ને તેને ધ્યાવનારા તથા ધારનારા પણ થોડા છે. માટે આ શુદ્ધતત્ત્વ જ જગતમાં મહા દુર્લભ છે. એનો અનુભવ કરીને ધારણામાં ટકાવી રાખવું તે વિરલ છે. 'અહો, આનંદસ્વરૂપ આ આત્માનું ધ્યાન કરો'–એમ દિવ્યધ્વનિમાં ભગવાને કહ્યું.

રાગની ને તેના ફળના ભોગવટાની વાત જીવોને સુલભ છે, અનુભવમાં પણ તેને આવે છે, પણ રાગથી પાર એકત્વ–વિભક્ત આત્માનું શ્રવણ–પરિચય ને અનુભવ દુર્લભ છે. અનંતાનંત જીવો તો સંસારમાં એકેન્દ્રિયાદિ અસંજ્ઞીપણે જ રહ્યા છે, તેને તો વિચારવાની શક્તિ પણ નથી; તિર્યંચ કે નરકમાં પણ તેનું શ્રવણ મળવાનું દુર્લભ છે. સ્વર્ગમાં દેવો ભોગોપભોગમાં રત છે, તેમાં તત્ત્વનું શ્રવણ કરનારા વિરલા છે. ને મનુષ્યમાં પણ શુદ્ધ અધ્યાત્મતત્ત્વનું શ્રવણ કરનારા વિરલા છે. વ્યવહારની વાત કરનારા ઘણા છે પણ અધ્યાત્મતત્ત્વની ચર્ચા કરનારા, સાંભળનારા ને તેની પ્રીતિ કરીને અનુભવ કરનારા જીવો બહુ

થોડા છે. માટે હે ભાઈ! તત્ત્વની આવી વિરલતા જાણીને તું અત્યંત ઉદ્યમપૂર્વક તેને જાણ, ને અનુભવમાં લે. આ અનુભવનો અવસર આવ્યો છે. અરે, આવો મોંઘો અવસર મળ્યો તેમાં સૂક્ષ્મદ્રષ્ટિથી તું તારા આત્માને સાધ. બીજી રાગની કથા છોડીને, રાગનો પ્રેમ છોડીને, શુદ્ધચૈતન્યની કથા પ્રેમથી સાંભળ, તેની પ્રીતિ કર, ને તેને અનુભવમાં લે.

રાગથી જે લાભ થવાનું માને તેને રાગથી ભિન્ન શુદ્ધતત્ત્વનો પ્રેમ નહિ જાગે, ને તેની વાત સાંભળવી પણ તેને નહિ ગોઠે. શુદ્ધઆત્માની રુચિ વગર બીજા જાણપણામાં ઘણા રોકાઈ રહે છે, ભાઈ, તારા બહારના જાણપણા, કે ક્રિયાકાંડ તે બધું શુદ્ધાત્માની રુચિ–જ્ઞાન–અનુભવ વગર નિષ્ફળ છે. મને મારો શુદ્ધ આત્મા કેમ અનુભવમાં આવે; એ સિવાય બીજું કાંઈ પ્રયોજન મારે નથી–એમ અંતરમાં શુદ્ધાત્માની લગની લગાડીને તેનો નિર્વિકલ્પ અનુભવ કરનારા જીવો આ જગતમાં બહુ વિરલા–વિરલા છે. એવા જ્ઞાની ધર્માત્માને ધન્ય કહ્યા છે. મોક્ષની સીધી સડકે તે ચાલ્યા જાય છે.

અરે જીવ! આ ભયાનક સંસારમાં ભમતા આત્મજ્ઞાનરૂપી મહા રત્ન તેં કદી પ્રાપ્ત કર્યું નથી; વિષયોના સ્વાદમાં મોહ્યો ને આત્માના આનંદના સ્વાદને ભૂલ્યો. ભાઈ, એ વિષયોના સ્વાદનો પ્રેમ છોડીને, અતીન્દ્રિય આનંદથી ભરેલા આત્માનો પ્રેમ કર અને તેના સ્વાનુભવ વડે સમ્યગ્દર્શનરૂપી મહાન રત્નને પ્રાપ્ત કર. સમ્યગ્દર્શન–રત્નને પ્રાપ્ત કરીને પણ તેના ઉદ્યમમાં જાગૃત રહે. પોતાના અતીન્દ્રિયસુખનો સાધક સમકિતી ગૃહસ્થાવાસમાં પણ કુટુંબાદિથી અલિપ્ત જલકમળવત્ રહે છે, અંદરની ચૈતન્યપરિણતિ રાગથી અલિપ્ત છે. ઘરમાં રહ્યા છતાં કુટુંબાદિમાં કે દેહમાં ક્યાંય રંચમાત્ર સુખ ભાસતું નથી; પોતાના અતીન્દ્રિય ચૈતન્યસુખમાં જ તે આસક્ત છે. આવું ચૈતન્યસુખ, તેની વાતનું શ્રવણ–રુચિ ને અનુભવ કરનાર જીવો વિરલ છે. તું એ કર્તવ્ય કરીને વિરલમાં ભળી જા.

## પ્રૌઢ જૈન શિક્ષણવર્ગ (ભાઈઓ માટે)

સોનગઢમાં દર વર્ષની માફક પ્રૌઢવયના ભાઈઓ માટેનો જૈન શિક્ષણવર્ગ દ્વિતીય શ્રાવણ સુદ છઠ્ઠ ને રવિવાર તા. ૨૧–૮–૬૬ થી શરૂ થશે, અને શ્રાવણ વદ નોમ ને શુક્રવાર તા. ૯–૯–૬૬ સુધી ચાલશે. વર્ગમાં આવવા ઇચ્છતા જિજ્ઞાસુ ભાઈઓએ નીચેના સરનામે સૂચના મોકલી દેવી–

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# આત્મવીર અને કર્મરાજ વચ્ચે યુદ્ધના ભણકાર

[ અમારા કોલેજિયન સભ્ય (No 266) જ્યોતીન્દ્ર તરફથી આવેલ ટૂંકા લખાણનો વિસ્તાર કરીને અહીં આપેલ છે. )

## કર્મરાજ કહે છે–

રે આત્મવીર ! તું બહુ બડાઈ કરે છે કે મારામાં અનંત ગુણ છે ને સર્વજ્ઞતાની તાકાત છે...પરંતુ તારી એ તાકાતને ઢાંકી દેવાનું મારામાં સામર્થ્ય છે. જડ હોવા છતાં તારા કરતાં મારું જોર વધારે છે; તારા જેવા અનંતા જીવોને બાંધી–બાંધીને મેં સંસારની જેલમાં પૂરી રાખ્યા છે.–તું વ્યર્થ તારી શક્તિની બડાઈ કરે છે!! –પણ હું તને છોડવાનો નથી.

## આત્મવીર જવાબ આપે છે-

હે જડ! તારી વાત જડ જેવી –મૂર્ખતાભરેલી છે. અમારા જીવસ્વરૂપમાં તારો પ્રવેશ જ નથી. જ્યાં અમારા ઘરમાં આવવાની પણ તારી તાકાત નથી ત્યાં તું અમારી શક્તિને રોકી શકે–એ વાત જ કેવી ? તું તો ખાલી અમારા વિભાવનો પડછાયો જ છો. જેમ પડછાયો તો મૂળ વસ્તુને આધીન છે, પણ કાંઈ મૂળ વસ્તુ પડછાયાને આધીન નથી, તેમ જ પડછાયો કોઈને કાંઈ કરી શકતો નથી, તેમ હે કર્મ ! તું પડછાયાની જેમ જીવના વિકારને આધીન છો; જીવ જ્યાં નિજસ્વરૂપમાં સમાશે ત્યાં છાયાનો નાશ થઈ જશે. સંસારમાં મૂર્ખ જીવો નિજશક્તિને ભૂલી પરભવમાં રાચી રહ્યા છે ને પોતાના અપરાધને લીધે સંસારરૂપી જેલમાં પડયા છે,–એ તો એમનો પોતાનો જ અપરાધ છે. જે જીવો આરાધક થઈને સંસારરૂપી જેલમાંથી છૂટવા માંગે છે તેને રોકી શકવાની તારી તાકાત નથી. વળી હે કર્મ ! જો અમારા ઉપર તારી સત્તા ચાલતી હોય તો અમારા જાતી ભાઈ એવા સિદ્ધ ભગવંતોને તું ફરીને સંસારરૂપી જેલમાં પૂર ! તો જીવ ઉપર તારી તાકાત છે એમ માનીએ. બાકી તો જેઓ સ્વયં સંસારજેલમાં પૂરાયા છે, તેને તું એમ કહે કે 'મેં પૂર્યા' એ તો ગાડા નીચેં ચાલતા મૂર્ખ કૂતરા જેવું તારું કથન છે. સિદ્ધભગવંતોએ તો તારો ( આઠે કર્મોનો ) ઘાત કરી નાંખ્યો, છતાં એને તું કેમ નથી બાંધી શકતો ? ઊંઘતા આત્મવીર પાસે તું તારી બડાઈ હાંકે છે પણ જ્યાં આત્મવીર જાગ્યો ત્યાં તો તું ઊભી પૂંછડીએ દૂર ભાગે છે. આ આત્મવીર સિદ્ધપદ લેવા માટે હજી તો જ્યાં સમ્યક્ત્વનો ટંકાર કરે છે ત્યાં જ તમે ૧૪૮ માંથી ૪૧ તો એવા ભાવો છે કે ક્યાંય દેખાતા નથી, ને બાકીનાં પણ બધાય ઢીલાઢફ થઈ જાવ છો. માટે હે જડરાજ !

આ આત્મવીરની સામે જોયા વગર કર્મપણું છોડી તમે તમારા જડ–પ્રદેશમાં પુદ્ગલપણે રહો, ને આ આત્મવીર સ્વાધીન નિજશક્તિને સંભાળતો થકો પોતાના સિદ્ધપદરૂપ સામ્રાજ્યને ભોગવશે.

આત્મવીરની આ વાત સાંભળીને કર્મરાજ સમજી ગયા કે આ આત્મવીરની પાસે મારી કાંઈ બહાદુરી નહિ ચાલે; એટલે તે સમજી ગયા, ને જીવ સાથેનો વિરોધભાવ (કર્મપણું) છોડીને પોતાનાં પુદ્ગલપ્રદેશમાં સમાઈ ગયા...ને આત્મવીર પોતાના સિદ્ધાલયમાં જઈને બિરાજ્યા. અત્યારે પણ તેઓ આનંદથી ત્યાં બિરાજે છે ને આપણનેય બોલાવે છે કે હે મારા જાતી–બંધુઓ! કર્મથી ડર્યા વગર તમે તમારા સ્વભાવસામર્થ્યને સંભાળીને મારી પાસે ચાલ્યા આવો.

બંધુઓ, ચાલો આપણે જલ્દી ત્યાં જઈએ...

## શ્રી પ્રોફેસર સાહેબનો પ્રશ્ન

અમારા સભ્ય નં. ૧૬ અમદાવાદથી પૂછે છેઃ–

“સુખ અંતરમાં છે, તે બહાર શોધવાથી નહિ મળે; હવે અંતરમાં ઉતરવા માટે પ્રયત્ન કરવા જતાં અંતરમાં રહેવાતું નથી અને મન બહાર આવતું રહે છે; જ્યાં સુધી અંતરમાં રહેવાય નહિ ત્યાં સુધી સુખનો અનુભવ થાય નહિ; તો અંતરમાં રહેવા માટે મારે શું કરવું?–કે જેથી જ્ઞાનીઓએ જેવો અનુભવ કર્યો છે તેવો અનુભવ મને થાય? તેનો ખુલાસો કોઈ અનુભવી જ્ઞાની પુરુષ પાસેથી મેળવીને બાલવિભાગમાં આપશો.”

ભાઈશ્રી, અનુભવી જ્ઞાનીઓ કહે છે કે, જેને જે વસ્તુની ખરેખરી લગની લાગે તેના પરિણામ તે વસ્તુમાં લાગ્યા વગર રહે નહિ. બીજે તો પરિણામ સહેલાઈથી લાગે છે ને આત્મામાં પરિણામ લાગતા નથી તો આપણે સમજી લેવું જોઈએ કે આત્માના સ્વભાવનો જે ઉત્કૃષ્ટ પ્રેમ–રસ–મહિમા આવવો જોઈએ ને જે લગની લાગવી જોઈએ તેમાં અધૂરાશ છે. છતાં જિજ્ઞાસુએ નીરાશા સેવ્યા વગર, ઉલ્લસિત ભાવે, આત્માની લગની પુષ્ટ કરી કરીને, તેમાં ઉપયોગ વાળવાનો વારંવાર દ્રઢ પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. એના અંતિમ ફળરૂપે, જ્ઞાનીઓએ જેવો અનુભવ કર્યો છે તેવો અનુભવ આપણને પણ જરૂર થશે.




લેખાંક (૧૩)

[ તત્ત્વચર્ચાના આ વિભાગમાં આ વખતે દશ બાળકોના પ્રશ્નો ને તેના ઉત્તર આપવામાં આવે છે... ]

* સભ્ય નં. ૬૬ પૂછે છે કે–શુદ્ધ સ્વભાવ કોને કહેવાય?

ઉત્તરઃ– તમારો પ્રશ્ન ટૂંકો હોવા છતાં ઘણો મહત્ત્વનો છે. ‘શુદ્ધ’ નો અર્થ ‘એકલો’ થાય છે. પરસંગ વગરનો ને પરની અપેક્ષા વગરનો એકલા આત્માનો પોતાનો જે સહજ ભાવ તેને શુદ્ધસ્વભાવ કહેવાય. અથવા અંતરની ભૂતાર્થદ્રષ્ટિવડે સ્વાનુભૂતિમાં જે કાંઈ અનુભવાય તે ‘શુદ્ધ’ , અને તે અનુભૂતિમાંથી જે બહાર રહી જાય તે ‘શુદ્ધ’ નહિ. ‘શુદ્ધ’ સ્વભાવમાં અપૂર્ણતા ન હોય, વિકાર ન હોય, પરસંગ ન હોય. સંગ વિનાનો, વિકાર વિનાનો, પૂર્ણ એવો જે જ્ઞાનાનંદે ભરેલો ભાવ તે આત્માનો શુદ્ધસ્વભાવ છે. એ શુદ્ધ સ્વભાવનો મહિમા સર્વે સન્તોએ ગાયો છે, હજારો શાસ્ત્રોએ એનો અપાર મહિમા બતાવ્યો છે, અનંતા જીવો એની પરમ પ્રીતિ કરી કરીને મોક્ષમાં સિધાવ્યા છે; અસંખ્ય જીવો એની આરાધના વડે મોક્ષનો સાધી રહ્યા છે પોતાનો શુદ્ધસ્વભાવ જેણે જાણી લીધો તેણે મોક્ષને હથેળીમાં લઈ લીધો. બાકી તો શુદ્ધ–સ્વભાવના વર્ણનનો શબ્દોથી પાર ન પડે, અનુભવથી જ એનો પાર પમાય.

* સભ્ય નં. ૧૨ અમદાવાદથી પૂછે છે કે–આપણે આત્માને કેમ જોઈ શકતા નથી? ગુરુદેવ તો કહે છે કે આત્માને ઓળખો–તો કઈ રીતે ઓળખવો!

તમારો પ્રશ્ન સરસ છે...ગુરુદેવ કહે છે કે જેને આત્માનો ખરેખરો રંગ લાગે તેને આત્મા જરૂર દેખાય. સમયસારમાં પણ કહ્યું છે કે જગતનો બીજો બધો વ્યર્થ કોલાહલ છોડીને, એટલે કે બધેથી રુચિ પાછી હટાવીને આત્મામાં જ રુચિ જોડીને અંતરમાં આત્માને દેખવા માટે છ મહિના એકધારો પ્રયત્ન કર તો જરૂર તારા અંતરમાં જ તને તારો આત્મા દેખાશે એટલે કે અનુભવાશે ને તને મહાન આનંદ થશે. આત્મા જેમ બીજી બધી વસ્તુઓને જાણે છે તેમ તે પોતે પોતાને પણ જરૂર જાણી શકે, –પણ તે સ્વાનુભૂતિ વડે જણાય, બીજી રીતે જણાય નહિ. તે માટે તેની ખરેખરી ઊંડી ધગશ ને તમન્ના જગાડીને જ્ઞાનીના સત્સંગમાં તેનો જોરદાર પ્રયત્ન

કરવો જોઈએ. ને મુમુક્ષુને જીવનમાં એ એક જ મહત્ત્વનું કાર્ય છે.

* સભ્ય નં. ૬૯૨ નડીયાદથી પૂછે છે–

મોક્ષ ક્યાં આવ્યું ?–આત્મામાં.

તે મેળવવા માટે શું કરવું ?–આત્માને જાણીને તેમાં લીન થવું.

અમરફળ કોને કહેવું ?–મોક્ષને

તે મેળવવા શું કરવું ?–સ્વાનુભવ.

કૈલાસગિરિ ક્યાં આવ્યું ? ઉત્તર દિશામાં. ( મૂળ કૈલાસપર્વત અત્યારે આપણને મળતો નથી. )

ચંપાપુરી ક્યાં આવ્યું ? કલકત્તાથી લગભગ ૨૫૦ માઈલ દૂર, ભાગલપુર સ્ટેશનથી બે માઈલ દૂર. સમ્મેદશિખરથી લગભગ ૨૦૦ માઈલ દૂર.

તે યાત્રાધામો પ્રખ્યાત શા માટે છે ? તીર્થંકર ભગવંતો ત્યાં વિચર્યા તેથી; તેને જોતાં તીર્થંકરોના પવિત્ર જીવનનું સ્મરણ થાય ને આરાધનાનો ઉત્સાહ જાગે.

* નિજાનંદભાઇ ( કહાનનગર સોસાયટી. દાદર ) પૂછે છેઃ–'વાંચકો સાથે વાતચીત' વડે પ્રભાવીત થઈને હું આ પ્રશ્ન પૂછવા પ્રેરાયો છું. અહીં એક વિદ્વાન પાસેથી સાંભળ્યું કે જેમ દેહ અને વસ્ત્ર ભિન્ન છે તેમ આત્મા અને દેહની ક્રિયા ભિન્ન છે.–એમાં તો શંકા નથી; પરંતુ, દિવ્યધ્વનિને અને ભગવાનને પણ સંબંધ નથી–એ વાત બરાબર બેસતી નથી,–તો સમજાવશો.

ભાઈ, જો આત્મા અને દેહની ભિન્નતાની પહેલી વાત તમને બરાબર બેઠી હોત તો, ભગવાનની અને દિવ્યધ્વનિની ભિન્નતાની બીજી વાત પણ તમને તરત બેસી જાત. એટલું સમજી લેવું જરૂરી છે કે જીવ એ ચેતનતત્ત્વ છે, ને દિવ્યધ્વનિ તે અચેતનતત્ત્વની રચના છે. દિવ્યધ્વનિ એ પૌદ્ગલિક રચના હોવાથી તે કાને અથડાય છે, ચેતનતત્ત્વ કાને અથડાય નહિ; આ પ્રકારે બંને ભિન્ન ભિન્ન તત્ત્વો છે, ને બે ભિન્ન તત્ત્વો વચ્ચે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોય તોપણ કર્તાકર્મપણું હોતું નથી. આ પ્રકારની ભિન્નતા સમજાવવા, દિવ્યધ્વનિને અને ભગવાનને સંબંધ નથી એમ કહેવામાં આવે છે.

દિવ્યધ્વનિ સંબંધી તમારા બીજા પ્રશ્નો–

પ્રઃ– દિવ્યધ્વનિ શા હેતુથી નીકળે છે ?

ઉઃ– ભવ્ય જીવોના મહાન ભાગ્યોદયથી, અને ભગવાન અરિહંતદેવને તે પ્રકારનો વચનયોગ હોવાથી દિવ્યધ્વનિ સહજપણે ઇચ્છા વગર નીકળે છે; ને અસંખ્ય શ્રોતાજનો ભક્તિપૂર્વક તે સાંભળીને ચૈતન્યની સમજણવડે પોતાનું કલ્યાણ કરે છે.

પ્રઃ– દિવ્યધ્વનિ કેટલો સમય સંભળાય છે ?

ઉઃ– તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ સવારે, બપોરે, સાંજે ને મધ્યરાત્રે એમ દરરોજ ચાર વખત છ–છ ઘડી સુધી ( એટલે લગભગ અઢી કલાક, અને કૂલ દસ કલાક ) છૂટે છે. તે ઉપરાંત ચક્રવર્તી વગેરે મહાપુરુષો પ્રશ્ન પૂછે ત્યારે પણ દિવ્યધ્વનિદ્વારા તેનો ઉત્તર આવે છે.

પ્રઃ– સમવસરણમાં જ દિવ્યધ્વનિ નીકળે કે સમવસરણ વગર પણ તે નીકળી શકે ?

ઉઃ– તીર્થંકર ભગવાન બિરાજતા હોય ત્યાં સમવસરણની રચના થાય, અને તે સમવસરણમાં, ગણધરાદિ સભાજનોની હાજરીમાં જ ભગવાનની દિવ્યધ્વનિ છૂટે. તીર્થંકર સિવાય બીજા લાખો કેવળીભગવંતો તેરમા ગુણસ્થાને અરિહંતપણે બિરાજી રહ્યા છે, તેમાં કેટલાક મૂક (વાણી વગરના) કેવળી છે ને કેટલાક કેવળી ભગવંતોને વાણી હોય છે, તેઓને પણ દિવ્યધ્વનિ હોય છે; તે દિવ્યધ્વનિ મુખથી નહિ પરંતુ શરીરના સર્વાંગેથી છૂટે છે. ને તેવા કેવળીભગવંતોને દિવ્ય ગંધકૂટિની રચના થાય છે, તેની શોભા પણ સમવસરણ જેવી દિવ્ય હોય છે. એ બધાનું વર્ણન જ્ઞાનીઓની વાણીમાં ને શાસ્ત્રોમાં એટલું અદ્‌ભુત છે કે નજરે જોવાનું મન થઈ જાય છે ને એ નજરે જોઈએ ત્યારે જ તેનો ખરો આનંદ આવે, એને નજરે નીહાળનારા ઘણા જીવો અદ્‌ભુત–ચૈતન્ય–મહિમા પ્રગટ કરીને સમ્યગ્દર્શન પામી જાય છે. કેવળજ્ઞાન થયા પછી કોઈ જીવ પૃથ્વી ઉપર વિચરે નહિ, આકાશમાં પાંચ હજાર ધનુષ ઊંચે જ વિચરે.

* પ્ર૦ –સ. નં. ૭૦૬ પૂછે છે–ભગવાનના વખતમાં ટેપરેકોર્ડિંગની તથા ફોટા પાડવાની શોધ કેમ નહિ થઈ હોય? તે વખતે ધુરંધર આચાર્યો એવી વિદ્યા જાણતા તો હોય; જો ટેપરેકોર્ડિંગ થયું હોત તો આજે આપણે પ્રભુની વાણી પ્રત્યક્ષ સાંભળી શકત!

ઉ૦ –આપની જિજ્ઞાસાનો પ્રશ્ન સારો છે. પરંતુ, ભાઈશ્રી! દિવ્યધ્વનિના શ્રવણ વડે આપણે જે કાર્ય સાધવાનું છે તે કાર્ય અત્યારે જ્ઞાનીનાં વચનો વડે પણ સાધી શકાય છે; કેમકે જ્ઞાનીનાં વચન તે પણ જિનવાણીનો જ અંશ છે. દિવ્યધ્વનિરૂપી અમૃતના દરિયા વડે જે કાર્ય સાધી શકાય તે કાર્ય જ્ઞાનીના વચન રૂપી અમૃતના એક ઘૂંટડાવડે પણ સાધી શકાય છે. –અને એટલું મહાભાગ્ય તો આપણને આજેય મળે જ છે.

બીજી વાત એ છે કે મશીન વગેરે દ્વારા ઉપદેશના શ્રવણ કરતાં જ્ઞાનીનાં ઉપદેશનું સીધું શ્રવણ વધુ મહત્ત્વનું છે.

ત્રીજી વાત એ છે કે મુનિવરો વગેરે વિશિષ્ટ વિદ્યા જાણતા હોય તો પણ સામાન્યપણે તેઓ તેનો ઉપયોગ કરતા નથી, તેઓ તો આત્માની સાધનામાં મશગુલ છે.

ચોથી વાત એ કે, જેને દિવ્યધ્વનિના સીધા શ્રવણ જેવું મહાભાગ્ય અને વિશિષ્ટ પાત્રતા હોય તેને તો કોઈ ને કોઈ પ્રકારે દિવ્યધ્વનિનું શ્રવણ મલી જાય છે. (–જેમકે કુંદકુંદાચાર્યદેવને સીમંધરનાથની દિવ્યધ્વનિનું સાક્ષાત્ શ્રવણ મળ્યું. –વગેરે.)

પાંચમી વાત–જ્ઞાનનાં નિમિત્તોનું ટકવું તે પણ જીવોની યોગ્યતા તથા દેશ–કાળ અનુસાર હોય છે. એક દાખલો આપું–સત્તર–અઢાર વર્ષ પહેલાં વાયર–રેકોર્ડિંગ મશીનથી સ્ટીલ–વાયરમાં ગુરુદેવના પ્રવચનો પહેલવહેલા ઊતર્યા, અને ઘણી હોંસથી તે કેટલાક વર્ષ સુધી સાંભળ્યા; આજેય તે વાયરના રીલમાં

વ્યાખ્યાન ભરેલા છે પરંતુ તે સાંભળવા માટેના મશીનો ન હોવાથી સાંભળી શકતા નથી, એટલે લગભગ નકામા બની ગયા છે. માત્ર અઢાર વર્ષમાં આ સ્થિતિ–પરિવર્તન થયું. જ્ઞાનમાં જે વસ્તુ પરિણમી ગઈ હોય તેને કાળનો ઘસારો લાગે નહિ. (ટેપરેકર્ડમાં દિવ્યધ્વનિ ઊતરી શકે કે કેમ તે પણ વિચારણીય છે.)

છેલ્લી મહત્ત્વની વાત એ છે કે જ્ઞાનનું સાધન એ કોઈ બાહ્ય વસ્તુઓમાં નથી, જ્ઞાનનું ખરું સાધન પોતાનો આત્મા છે. માટે પરાશ્રિત ભાવના છોડીને આત્મા તરફ વલણ કરવું.

* પ્ર૦ –આઠ વર્ષના બાળક કેવળજ્ઞાન પામે છે, તો અમારે આત્માને ઓળખવા શું કરવું? (નં. ૬૧૮)

ઉ૦ – જે રસ્તે તે બાળક આઠ વર્ષે કેવળજ્ઞાન પામે છે તે જ રસ્તો લેવો.

અને જો આ ભવમાં આત્મજ્ઞાન કરીને સાથે લઈ જઈશું તો પછીના ભવોમાં જન્મથી જ આત્મજ્ઞાન હશે, –આઠ વર્ષના થવાની પણ રાહ નહિ જોવી પડે.

પ્ર૦ – આઠ વર્ષ કરતાં નાની ઉંમરના બાળકને આત્મજ્ઞાન હોય?

ઉ૦ – જી હા! ઘણા આરાધક જીવો તેમજ તીર્થંકરો પૂર્વભવમાંથી આત્મજ્ઞાન સાથે લઈને જ અવતરે છે; તેઓ જન્મથી જ આત્મજ્ઞાની હોય છે. હજી ચાલતાં ન આવડતું હોય છતાં આત્મજ્ઞાન હોય ને મોક્ષમાર્ગમાં ચાલતા હોય. વાહ! એ બાળમહાત્મા કેવા હશે! વિદેહક્ષેત્રમાં અત્યારે એવા ઘણાય નાનકડા આત્મજ્ઞાનીઓ બાળપણાના ખેલ ખેલતા હશે. આઠ વર્ષ કરતાં નાની ઉંમરમાં મુનિપણું કે કેવળજ્ઞાન ન સંભવે, પણ આત્મજ્ઞાન સંભવે (–તે પણ અત્યારે ભરતક્ષેત્રમાં ન સંભવે, વિદેહક્ષેત્રમાં સંભવે.)

પંચમકાળ શરૂ થયા પહેલાં આરાધક જીવો ભરતક્ષેત્રમાં પણ અવતરતા; પરંતુ હવે પંચમકાળ શરૂ થઈ ગયા પછી આરાધક જીવો ભરતક્ષેત્રમાં અવતરતા નથી, વિદેહક્ષેત્રમાં જ અવતરે છે. હા, ભરતક્ષેત્રના જીવો જન્મ્યા પછી આરાધકપણું પ્રગટ કરી શકે છે.

પ્ર૦ –પંચમકાળમાં કોઈ મોક્ષ પામી શકે?

ઉ૦ –હા; ચોથાકાળમાં જન્મ્યો હોય એવો જીવ પંચમકાળમાં પણ મોક્ષ પામી શકે (જેમકે–ગૌતમસ્વામી, સુધર્મસ્વામી, જંબુસ્વામી;) પરંતુ પંચમકાળ શરૂ થયા પછી જન્મેલો કોઈ જીવ તે ભવે મોક્ષ પામી શકે નહિ.

* (નં. ૩૮૫) સુરતનો પ્રશ્નઃ– ઘણા જીવો એક જ વખતના જ્ઞાનીના સમાગમથી સમ્યગ્દર્શન પામી ગયા, ને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પણ પામી ગયા,–એના ઉદાહરણ પુરાણોમાં છે, (અંજનચોર વગેરે.) તો અમારા જેવા ઘણા લોકો જ્ઞાનીને અનેક વખત મળે છે, પ્રેમથી ઉપદેશ સાંભળે છે ને અધ્યાત્મશાસ્ત્રો વાંચે છે, છતાં ઘણા વર્ષથી સમ્યગ્દર્શન કેમ નથી થતું?

ઉ૦ –ભાઈશ્રી, સાચું કારણ આપે તેને સાચું કાર્ય પ્રગટે એવો નિયમ છે કાર્ય નથી

પ્રગટતું તો તેનું સાચું કારણ પોતે સેવતો નથી–એમ સમજી લેવું. જ્ઞાનીઓ અને શાસ્ત્રો અંતર્મુખ થવાનું કહે છે, તે પ્રમાણે જો પોતે આત્મરસ પ્રગટ કરીને અંતર્મુખ થાય તો એક ક્ષણમાં પોતાને સમ્યગ્દર્શન જરૂર થાય. બીજાને શું થાય છે તે ન જોતાં પોતામાં શું થાય છે તે વિચારવું જોઈએ, અને પોતાની ભૂલ હોય તે ટાળીને સાચો ઉદ્યમ કરવો જોઈએ. જે સાચો ઉદ્યમ કરશે તેને તેનું ફળ જરૂર આવશે. (બીજી એક વાત)–કદાચ થોડી વાર લાગે તોપણ આત્મહિતના પ્રયત્નમાં કંટાળવું કે થાકવું ન જોઈએ; જિજ્ઞાસાને પુષ્ટ કરીને સતતપણે પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ.

* અત્યારે રામચંદ્રજી તથા સીતાજી ક્યાં છે? (નં. ૨૪).

ભગવાન રામચંદ્રજી મોક્ષમાં છે, સીતાજી સ્વર્ગમાં છે.

* રત્નત્રય મેળવવાનો ઉપાય શું? (નં. ૨૪).

પરભાવનો પ્રેમ છોડીને નિજસ્વભાવની આરાધના કરવાથી રત્નત્રય પ્રગટે છે. અને એવી આરાધના માટે આરાધક જીવોનો સંગ એ મુખ્ય સાધન છે.

* લોકાકાશ કેટલું મોટું હશે? (નં. ૪૬૨).

જેટલા આપણા આત્મપ્રદેશો છે એટલા જ લોકાકાશના લોકપ્રદેશો છે. એટલે પ્રદેશ સંખ્યાથી લોકાકાશ બરાબર આત્મા જેવડું છે. આપણા આખા ભારતદેશને ને છએ ખંડને કરોડો અબજો ગુણા કરીએ તો તેનાથી પણ અસંખ્યાતગણું મોટું લોકાકાશ છે. તેનું માપ ૩૪૩ ઘનરાજુપ્રમાણ છે.

## અમારા કોલેજ–સભ્યો

### (અમારી કોલેજમાં દાખલ થઈને દશ અક્ષરની ડીગ્રી મેળવો)

આપણા કોલેજીયન–સભ્ય ભાઈશ્રી ચેતન જૈન (ફત્તેપુરવાળા) કે જેઓ બાલવિભાગમાં ખૂબ જ રસ લઈ રહ્યા છે ને ઉત્સાહપૂર્વક સહકાર આપી રહ્યા છે, તેમની પ્રેરણાથી અમદાવાદના કે. જે. જૈન છાત્રાલયના ૪૫ જેટલા વિદ્યાર્થીઓ (જેમાં ઘણા ખરા કોલેજીયન છે–) ઉત્સાહથી બાલવિભાગના સભ્ય બન્યા છે; તેમાં B.A ; M.A. ; B.Sc; તથા L.L.B. ના વિદ્યાર્થીઓ પણ ઘણા છે.–પણ તેઓ બધા કહે છે કે અમે તો બાલવિભાગની અધ્યાત્મકોલેજમાં અભ્યાસ કરીને એક નવીન અને લાંબી ડીગ્રી પ્રાપ્ત કરવા માંગીએ છીએ–કે જે ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી બીજી કોઈ ડીગ્રી માટે ફાં–ફા મારવા ન પડે.–દશ અક્ષરની તે લાંબી ધાર્મિક ડીગ્રી આ પ્રમાણે છે– B.H.E.D. V.I.G.Y.A.N. આ ડીગ્રી એવી છે કે તેને માટે પ્રયત્ન કરનાર કોઈ નાપાસ થાય નહિ, અને વળી એનો કોર્સ માત્ર છ મહિનાનો! કોલેજપ્રવેશ બધાને મળે અને ફી કાંઈ નહિ.




આપણો બાલવિભાગ એક હજારની સભ્યસંખ્યા વટાવીને ઝડપથી આગળ વધી રહ્યો છે...આપણું બાળકોનું સાધર્મી–કુટુંબ મોટું ને મોટું થઈ રહ્યું છે. બંધુઓ, ધાર્મિક અભ્યાસમાં ઉત્સાહથી આગળ વધજો, ને બાલવિભાગમાં આનંદથી ભાગ લેજો. અરસપરસ કુટુંબ કરતાંય વિશેષ પ્રેમ રાખજો, કેમકે સાચું સગપણ સાધર્મીનું'.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૨૮ | ઉર્વશી સૂર્યકાન્ત જૈન | મુંબઈ | ૯૪૭ | રાજેનકુમાર નાનાલાલ જૈન | પૂના |
| ૯૨૯ | જ્યોતિ રજનીકાન્ત જૈન | મુંબઈ | ૯૪૮ | મીનાબેન વસંતરાય જૈન | ઘાટકોપર |
| ૯૩૦ | સુધીર શશીકાન્ત જૈન | મુંબઈ | ૯૪૯ | આરતીબેન વસંતરાય જૈન | ઘાટકોપર |
| ૯૩૧ | સુનીલ શશીકાન્ત જૈન | મુંબઈ | ૯૫૦ | રાજુલબેન જૈન | મોરબી |
| ૯૩૨ | વિનોદચંદ્ર ચંદુલાલ જૈન | વણી | ૯૫૧ | જ્યોત્સ્ના વૃજલાલ જૈન | જલગાંવ |
| ૯૩૩ | ચારૂબેન ચંદુલાલ જૈન | વણી | ૯૫૨ | ઉષાબેન વૃજલાલ જૈન | જલગાંવ |
| ૯૩૪ | જીતેન્દ્રકુમાર ચંદુલાલ જૈન | વણી | ૯૫૩ | ધર્મેન્દ્રકુમાર વૃજલાલ જૈન | જલગાંવ |
| ૯૩૫ | જયપ્રકાશ ચંદુલાલ જૈન | વણી | ૯૫૪ | પ્રફુલાબેન કેશવલાલ જૈન | જલગાંવ |
| ૯૩૬ | નયનાબેન ચંદુલાલ જૈન | વણી | ૯૫૫ | સુરેશકુમાર અનંતરાય જૈન | જલગાંવ |
| ૯૩૭ | વિજયકુમાર ચંદુલાલ જૈન | વણી | ૯૫૬ | નિરંજનકુમાર ચીમનલાલ જૈન | સુરત |
| ૯૩૮ | આશાબેન વેણીલાલ જૈન | સાંગલી | ૯૫૭ | સિદ્ધકુમાર વૃજલાલ જૈન | સુરત |
| ૯૩૯ | કિરણ પ્રતાપરાય જૈન | કલકત્તા | ૯૫૮ | સુધીરકુમાર વૃજલાલ જૈન | સુરત |
| ૯૪૦ | સંજીતાકુમારી પ્રતાપરાય જૈન | કલકત્તા | ૯૫૯ | જીતેન્દ્રકુમાર શાંતિલાલ જૈન | સુરત |
| ૯૪૧ | નિખીલ પ્રતાપરાય જૈન | કલકત્તા | ૯૬૦ | ચંદ્રકાન્ત શાંતિલાલ જૈન | સુરત |
| ૯૪૨ | અનુબેન વસંતરાય જૈન | ઘાટકોપર | ૯૬૧ | ચેતનકુમાર ધીરજલાલ જૈન | મલાડ |
| ૯૪૩ | ચેતનકુમાર દલસુખરાય જૈન | સાવરકુંડલા | ૯૬૨ | ધર્મિષ્ટા ધીરજલાલ જૈન | મલાડ |
| ૯૪૪ | ચંદ્રીકા નાનાલાલ જૈન | પૂના | ૯૬૩ | સુલોચના ધીરજલાલ જૈન | મલાડ |
| ૯૪૫ | બીનાબેન નાનાલાલ જૈન | પૂના | ૯૬૪ | રાજુભાઈ ધીરજલાલ જૈન | મલાડ |
| ૯૪૬ | નીનાબેન નાનાલાલ જૈન | પૂના | ૯૬૫ | નરેશકુમાર ચંદુલાલ જૈન | મલાડ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૬૬ | સૂર્યકાન્ત ચંદુલાલ જૈન | મલાડ | ૯૯૯ | વિજય બટુકરાય જૈન | મુલુન્ડ |
| ૯૬૭ | તરુલતા ચંદુલાલ જૈન | મલાડ | ૧૦૦૦ | જયકુમાર બટુકરાય જૈન | મુલુન્ડ |
| ૯૬૮ | દક્ષાબેન વૃજલાલ જૈન | અમદાવાદ | ૧૦૦૧ | જગદીશ બાબુભાઈ જૈન | ખાર |
| ૯૬૯ | જિતેન્દ્રકુમાર વૃજલાલ જૈન | અમદાવાદ | ૧૦૦૨ | કીરણ બાબુભાઈ જૈન | ખાર |
| ૯૭૦ | હિતેન્દ્રકુમાર વૃજલાલ જૈન | અમદાવાદ | ૧૦૦૩ | વસંત અમૃતલાલ જૈન | પ્રાંતીજ |
| ૯૭૧ | કલ્પના પ્રભુલાલ જૈન | ધોરાજી | ૧૦૦૪ | કિર્તીકુમાર અમૃતલાલ જૈન | પ્રાંતીજ |
| ૯૭૨ | મહેન્દ્ર નાનાલાલ જૈન | ધોરાજી | ૧૦૦૫ | પંકજકુમાર જગજીવન જૈન | સુરેન્દ્રનગર |
| ૯૭૩ | રમેશ બેચરદાસ જૈન | વડસણ | ૧૦૦૬ | પ્રફુલચંદ્ર અમીચંદ જૈન | ખાંભા |
| ૯૭૪ | મૂકેશ કાન્તીલાલ જૈન | પાલનપુર | ૧૦૦૭ | પંકજ અમીચંદ જૈન | ખાંભા |
| ૯૭૫ | પારૂલ ચીમનલાલ જૈન | ભાવનગર | ૧૦૦૮ | જયેન્દ્રકુમાર શાન્તીલાલ જૈન | જામનગર |
| ૯૭૬ | શોભના બીપીનચંદ્ર જૈન | અમદાવાદ | ૧૦૦૯ | પ્રદીપકુમાર રસિકલાલ જૈન | સોનગઢ |
| ૯૭૭ | ભરતકુમાર બીપીનચંદ્ર જૈન | અમદાવાદ | ૧૦૧૦ | જ્યોત્સ્નાબેન નંદલાલ જૈન | બોટાદ |
| ૯૭૮ | પ્રવીણ મગનલાલ જૈન | સાવરકુંડલા | ૧૦૧૧ | ધર્મિષ્ટા નંદલાલ જૈન | બોટાદ |
| ૯૭૯ | પ્રફુલકુમાર મગનલાલ જૈન | સાવરકુંડલા | ૧૦૧૨ | ભાનુકુમાર નંદલાલ જૈન | બોટાદ |
| ૯૮૦ | ગજેન્દ્ર નેમચંદ જૈન | સાવરકુંડલા | ૧૦૧૩ | ભરતકુમાર નંદલાલ જૈન | બોટાદ |
| ૯૮૧ | નિરંજનકુમારી રતનલાલ જૈન | સોનગઢ | ૧૦૧૪ | ચેતનાબેન નંદલાલ જૈન | બોટાદ |
| ૯૮૨ | અશોક દુલેરાય જૈન | રાજકોટ | ૧૦૧૫ | પ્રજ્ઞાબેન નંદલાલ જૈન | બોટાદ |
| ૯૮૩ | મૂકેશ દુલેરાય જૈન | રાજકોટ | ૧૦૧૬ | ભાવનાબેન નંદલાલ જૈન | બોટાદ |
| ૯૮૪ | ઉષાબેન વી. જૈન | અમદાવાદ | ૧૦૧૭ | રાજુભાઈ નંદલાલ જૈન | બોટાદ |
| ૯૮૫ | સ્મિતા રજનીકાન્ત જૈન | કલકત્તા | ૧૦૧૮ | દર્શના મનહરલાલ જૈન | ઘાટકોપર |
| ૯૮૬ | ભરતકુમાર જૈન | લાઠી | ૧૦૧૯ | સુરેશકુમાર જે. જૈન | મોરબી |
| ૯૮૭ | સાધના ધીરજલાલ જૈન | લાઠી | ૧૦૨૦ | સુનિતા જયંતિલાલ જૈન | ગોંડલ |
| ૯૮૮ | જિશનેકુમાર કિશોરકુમાર જૈન | ખાર | ૧૦૨૧ | શર્મિષ્ટા બાબુલાલ જૈન | ફતેપુર |
| ૯૮૯ | મનોજકુમાર નૌતમલાલ જૈન | ખાર | ૧૦૨૨ | નરેન્દ્ર જે. જૈન | અમરેલી |
| ૯૯૦ | કેતનકુમાર નૌતમલાલ જૈન | ખાર | ૧૦૨૩ | મૂકેશકુમાર પ્રતાપરાય જૈન | ખાંભા |
| ૯૯૧ | ભરતકુમાર બટુકરાય જૈન | બોટાદ | ૧૦૨૪ | અરવિંદકુમાર લક્ષ્મીચંદ જૈન | ખાંભા |
| ૯૯૨ | ચેતનકુમાર બટુકરાય જૈન | બોટાદ | ૧૦૨૫ | ગુણવંતરાય પ્રાણલાલ જૈન | ખાંભા |
| ૯૯૩ | પ્રીતીબેન જયંતિલાલ જૈન | બોટાદ | ૧૦૨૬ | કિરણ જયંતિલાલ જૈન | ગોંડલ |
| ૯૯૪ | અપૂર્વકુમાર જયંતિલાલ જૈન | બોટાદ | ૧૦૨૭ | અનુપમા જગજીવનદાસ જૈન | દિલ્હી |
| ૯૯૫ | સંજય પ્રફુલચંદ્ર જૈન | મુંબઈ | ૧૦૨૮ | અરૂણાબેન નેમચંદ જૈન | રખીયાલ |
| ૯૯૬ | રૂપેન પ્રફુલચંદ્ર જૈન | મુંબઈ | ૧૦૨૯ | રેણુકાબેન રતીલાલ જૈન | રખીયાલ |
| ૯૯૭ | જાગૃતી ગુણવંતરાય જૈન | મુલુન્ડ | ૧૦૩૦ | કોકિલાબેન નાનાલાલ જૈન | વાસણાચૌધરી |
| ૯૯૮ | ક્ષમા ગુણવંતરાય જૈન | મુલુન્ડ | ૧૦૩૧ | અશોકકુમાર જે. જૈન | મોરબી |

| | | |
|---|---|---|
| ૧૦૩૨ | ભદ્રેશકુમાર રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૧૦૩૩ | પ્રજ્ઞાબેન ફુલચંદ જૈન | લીંબડી |
| ૧૦૩૪ | બાલુભાઈ ફુલચંદ જૈન | લીંબડી |
| ૧૦૩૫ | ચેતના ચીમનલાલ જૈન | મુંબઈ |
| ૧૦૩૬ | વિજયકુમાર ચીમનલાલ જૈન | મુંબઈ |
| ૧૦૩૭ | દક્ષા શાંતિલાલ જૈન | મુંબઈ |
| ૧૦૩૮ | વિકુલ શાંતિલાલ જૈન | મુંબઈ |
| ૧૦૩૯ | રમણીકલાલ રતિલાલ જૈન | સાવરકુંડલા |
| ૧૦૪૦ | પ્રવિણકુમાર મગનલાલ જૈન | સાવરકુંડલા |
| ૧૦૪૧ | પ્રફુલચંદ્ર મગનલાલ જૈન | સાવરકુંડલા |
| ૧૦૪૨ | ભારતીબેન જશવંતરાય જૈન | રાજકોટ |
| ૧૦૪૩ | જયશ્રીબેન જશવંતરાય જૈન | રાજકોટ |
| ૧૦૪૪ | ભારતીબેન એમ. જૈન | કલકત્તા–૧ |
| ૧૦૪૫ | રેણુકા ધીરજલાલ જૈન | ભાવનગર |
| ૧૦૪૬ | અરવિંદકુમાર હરજીવનદાસ જૈન | અમદાવાદ |
| ૧૦૪૭ | નરેન્દ્રકુમાર કાંતીલાલ જૈન | અમદાવાદ |
| ૧૦૪૮ | બીપીનચંદ્ર પોપટલાલ જૈન | મુંબઈ |
| ૧૦૪૯ | જ્યોતીબેન મગનલાલ જૈન | ખાર |
| ૧૦૫૦ | સ્મીતાબેન એમ. જૈન | ખાર |
| ૧૦૫૧ | ઈલાબેન એમ. જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૨ | પંડિતાબેન એમ. જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૩ | કીરણબેન એમ. જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૪ | જયશ્રીબેન હસમુખરાય જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૫ | તૃપ્તીબેન હસમુખરાય જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૬ | શીલાબેન નટવરલાલ જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૭ | દીપ્તીબેન નટવરલાલ જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૮ | વિરાજકુમાર નટવરલાલ જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૫૯ | મીનાબેન ભૂપતરાય જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૬૦ | રશ્મીકુમાર ભૂપતરાય જૈન | મુંબઈ–૫૨ |
| ૧૦૬૧ | હંસીકાબેન જયંતિલાલ જૈન | વાંકાળી |
| ૧૦૬૨ | નીતીનકુમાર જે. જૈન | વાંકાનેર |
| ૧૦૬૩ | જશવંતલાલ નેમચંદ જૈન | અમદાવાદ |

વિશેષ નામો માટે જુઓ પાનું ૪૯

## બાલવિભાગના સભ્ય થવા માટે પોસ્ટકાર્ડમાં નીચેની વિગતો લખી મોકલો-

નામ:

પિતાનું નામઃ– ગામ:

સરનામું–

ઉંમર વર્ષ– અભ્યાસ– જન્મતિથિ

(જન્મતિથિ બને ત્યાં સુધી ગુજરાતી માસઅનુસાર લખો.)

અગાઉના ઘણા સભ્યોએ પોતાનો જન્મદિવસ તથા પૂરું સરનામું લખેલ નથી; જો તમે ન લખ્યું હોય, અથવા તો લખ્યું છે કે નહિ તેની શંકા હોય, તો તમારા સભ્ય નંબર સહિત ઉપરની બધી વિગત ફરી લખી મોકલો.

## ગયા અંકના પ્રશ્નોના જવાબ

(૧) નવતત્ત્વોમાંથી શુદ્ધજીવ, અને મોક્ષતત્ત્વ ગમે છે, તથા મોક્ષના કારણરૂપ સંવર–નિર્જરા તત્ત્વ ગમે છે. બીજા તત્ત્વો સંસારનું કારણ હોવાથી ગમતાં નથી.

(૨) સૌરાષ્ટ્રમાંથી બાવીસમા નેમિનાથ તીર્થંકર ગીરનાર પર્વત ઉપરથી મોક્ષ પધાર્યા છે.

(૩) ભૂલ સુધારેલા વાક્યો–

1. શરીરમાં જ્ઞાન ન હોય, જ્ઞાન તો આત્મામાં હોય.

2. જીવનું લક્ષણ શરીર નથી, જીવનું લક્ષણ તો જ્ઞાન છે. (શરીર તો જડ છે.)

3. શરીરને સુખ–દુઃખ થતું નથી; સુખ કે દુઃખ આત્માને થાય છે.

卐

## કોયડાનો જવાબ

તીર્થંકરદેવ–અરિહંતભગવાનઃ તેઓ આકાશમાં ચાલે છે, સમવસરણનો અપાર વૈભવ છે, પણ તેમને વસ્ત્ર હોતાં નથી; દુનિયાના રાજા છે પણ મુગટ પહેરતા નથી, તેઓ બોલે છે પણ મોઢું ખોલતા નથી, તેમના હોઠ ચાલતા નથી પણ આખા શરીરેથી દિવ્યધ્વનિ નીકળે છે. અને તેઓ આપણા ભગવાન હોવાથી આપણને બહુ જ ગમે છે.

卐

## નવા પ્રશ્નો

(૧) ગયા વખતે આપણે નવતત્ત્વનાં નામ શીખ્યા છીએ; હવે તે નવતત્ત્વોમાંથી, નીચેના જીવોનું સાથીદાર કયું તત્ત્વ છે તે શોધી કાઢો–

1. સિદ્ધભગવાનનું સાથીદાર.........તત્ત્વ છે.
2. મુનિરાજનું સાથીદાર.........તત્ત્વ છે.
3. નારકીનું સાથીદાર.........તત્ત્વ છે.
4. સ્વર્ગના દેવનું સાથીદાર.........તત્ત્વ છે.

(૨) આપણા ૨૪ તીર્થંકરોમાંથી સૌથી વધુ તીર્થંકરો ક્યાંથી મોક્ષ પામ્યા?

(૩) કોઈ પણ પાંચ આચાર્ય–મુનિરાજનાં નામ લખો તથા તેમણે દરેકે રચેલા એકેક શાસ્ત્રનું નામ લખો.

## આ અંકનો કોયડો

પાંચ અક્ષરની એક વસ્તુ છે,
જગતમાં સૌથી ઉત્તમ છે,
આપણા ભગવાનનું એ લક્ષણ છે,
આપણને બહુજ ગમે છે;
તે અરિહંત પાસે છે ને સિદ્ધ પાસે ય છે;
પણ બીજા કોઈ પાસે નથી.
પહેલા ત્રણ અક્ષરનો અર્થ ‘ફક્ત’ થાય છે.
બીજો અને પાંચમો અક્ષર ‘વન’ માં છે.
ચોથા અને પાંચમા અક્ષરમાં જ્ઞાન ભર્યું છે,
પાંચમો અને ત્રીજો અક્ષર ભેગા કરીએ તો
તે આપણને પાણી આપે છે.
એની ઓળખાણ કરતાં સમકિત થાય છે.
–એ વસ્તુ કંઈ?

[જવાબો તા. ૧૦ પહેલાં લખી મોકલો.]

સરનામુંઃ– સંપાદક આત્મધર્મ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# કારણ આપીને સમજાવો

[ અભ્યાસી જિજ્ઞાસુઓ માટે અહીં છ વાત લખી છે, પરંતુ તેનાં કારણ અધૂરા રાખેલ છે, તો આસપાસની સંધિ વિચારીને તે પૂરા કરો. ]

**( ૧ ) પરમાત્માને જે જાણે તે જ પરમાણુને જાણી શકે છે, કેમકે-**

**( ૨ ) દરેક મોક્ષગામી જીવે એકવાર તો કેવળી કે શ્રુતકેવળીના સાક્ષાત્ દર્શન જરૂર કર્યા હોય છે, કેમકે-**

**( ૩ ) આહારકશરીરધારી મુનિવરોને મનઃપર્યયજ્ઞાન હોતું નથી, કેમકે-**

**( ૪ ) ક્ષાયકસમકિતી તિર્યંચો અસંખ્યાતા છે. પરંતુ તેમાંના કોઈ પણ જ્ઞાયકસમકિતી તિર્યંચને પંચમગુણસ્થાન હોતું નથી, કેમકે-**

**( ૫ ) પંચગુણસ્થાનવર્તી તિર્યંચો અસંખ્યાત છે. પરંતુ તેમાંના કોઈ જીવને ક્ષાયક સમ્યકત્વ હોતું નથી, કેમકે-**

**( ૬ ) સર્વાર્થસિદ્ધિમાં કોઈ જીવ બે વાર જાય નહિ, કેમકે-**

( જવાબો આવતા અંકમાં પ્રસિદ્ધ થશે; લખી મોકલવાના નથી. )

૧૧૦૦ ઉપરાંત બાલમિત્રોના જે સેંકડો પત્રો આવે છે તેની વ્યવસ્થા કરવામાં જો આપ અમને મદદરૂપ થવા ઇચ્છતા હો તો–

* દરેક પત્રમાં સભ્ય નંબર તથા સરનામું જણાવો.
* પ્રશ્નોના જવાબ, તમારા નવા પ્રશ્નો, નવા સભ્યનું નામ–એ બધી વિગત એક જ પત્રમાં ન લખતાં દરેક વસ્તુ જુદાજુદા પોસ્ટકાર્ડમાં લખો.

મને ખાતરી છે કે મારા નાનકડા મિત્રો આટલી મદદ જરૂર કરશે.

બીજું, દરેક સભ્યનો નંબર તથા નામ લખેલું રંગીન સભ્યપત્રક ( આંબાનું ઝાડ ) દરેક સભ્યને મોકલાઈ રહ્યું છે. પહેલી તારીખ સુધીમાં આપને ન મળે તો સભ્ય નંબર અને પૂરા સરનામા સહિત અમને લખો. —जय जिनेन्द्र

---

## ભેટ પુસ્તક

“આત્મધર્મ” ના ચાલુ સાલના બધા ગ્રાહકોને ભેટ આપવા માટે સમયસાર–હરિગીત વગેરેના સંગ્રહરૂપ “શાસ્ત્રસ્વાધ્યાય” પુસ્તક તૈયાર થયેલ છે. તે પર્યુષણ લગભગમાં ગ્રાહકોને ભેટ અપાશે. આ સંબંધી વ્યવસ્થાની વિશેષ માહિતી આવતા અંકમાં જણાવશું.

# આત્મધર્મના વિકાસ માટે તથા બાલવિભાગ માટે આવેલી રકમોની સાભાર નોંધ

## પૌંડ ૧૯ ( લગભગ ૪૦૦ રૂા. ) બીની-સ્વીટ્ઝરલેન્ડથી દક્ષાબેન જૈન ( સ. નં. ૫૪૪ )

| | | |
|---|---|---|
| ૧૦૦ | પુનમચંદ મલુકચંદ શાહ | મુંબઈ |
| ૫૦ | સમીર ( પુનમચંદ મ. શાહ ) સ. નં. ૭૭૭ | મુંબઈ |
| ૧૦૧ | ઉજમબેન ચુનીલાલ શેઠ | સોનગઢ |
| ૫ | મુક્તાબેન ચુનીલાલ | જામનગર |
| ૧૧ | ગોવિંદભાઈ જેસીંગલાલ મહેતા | જામનગર |
| ૨૫ | પ્રવીણચંદ્ર જયંતિલાલ ભણશાળી | સોનગઢ |
| ૨૫ | મફતલાલ હરજીવનદાસ કામદાર | અમદાવાદ |
| ૨૦ | વસુબેન રમણલાલ શાહ | અમદાવાદ |
| ૨૫ | સંજીવકુમાર જૈન ( સ. નં. ૭૭૨ ) | ભીલાઈ |
| ૫૧ | પુરુષોત્તમદાસ ગાંડાલાલ ધ્રાંગધ્રાવાળા | મુંબઈ |
| ૨૫ | મરઘાબેન ધીરજલાલ શાહ | સોનગઢ |
| ૧૦ | ભરતેશ ચંદ્રકાન્ત જૈન ( સ. નં. ૧૩૫ ) | ચેમ્બુર |
| ૨૫ | ચંદ્રકાન્ત ઉજમશી મહેતા | ચેમ્બુર |
| ૨૫ | દીપક ( સૂર્યકાન્ત નરસિંહદાસ ) ( સ. ૯૧૦ ) | વડોદરા |
| ૨૫ | શૈલેશ ( શશીકાન્ત નરસિંહદાસ ) ( સ. નં. ૯૧૧ ) | વડોદરા |
| ૨૫ | રશ્મિ ( રજનીકાન્ત નરસિંહદાસ ) ( સ. નં. ૯૧૨ ) | વડોદરા |
| ૨૫ | સ્મિતા ( અરવિંદકુમાર નરસિંહદાસ ) ( સ. નં. ૯૧૩ ) | વડોદરા |
| ૫૧ | પુષ્પાબેન મનહરલાલ દોશી | ઘાટકોપર |
| ૫૧ | દીપક મનસુખલાલ દોશી ( સ. નં. ૧૧૨૬ ) | ઘાટકોપર |
| ૨૦૨ | એક મુમુક્ષુબેન હા. બાબુલાલ મનસુખભાઈ | મુંબઈ |
| ૨૧ | ધૂલીબેન ખેમરાજજી જૈન | ખૈરાગઢ |
| ૧૧ | મૂલીબેનના માતાજી | ખરગપુર |

( તા. ૪-૭-૬૬ સુધી )

## અષાડ માસના પ્રશ્નોના જવાબ મોકલનાર સભ્યોના નંબર

૬૯૭ ૧૨ ૧૨૯ ૧૭૦ ૭૩૩ ૭૩૫ ૩૫૭ ૪૪૫ ૧૮૫ ૧૫ ૧૪૪ ૨૩૯ ૭૫૮ ૮૨૨ ૧૩૫ ૨૭૭ ૮૧૪ ૮૫૭ ૮૫૬ ૮૫ ૮૭૫ ૨૩૬ ૨૩૭ ૨૪૨ ૨૩૪ ૩૭૨ ૨૩૮ ૨૩૫ ૨૩૩ ૭૭ ૨૪૬ ૪૫ ૧૬૬ ૬૨૦ ૩૯૩ ૧૧૭ ૩૯૨ ૩૦૧ ૭૮૬ ૮૯૦ ૨૮૩ ૨૧૯ ૧૪૩ ૩૬૪ ૩૬૩ ૩૧ ૨૬૨ ૩૬૯ ૩૬૮ ૭૯૦ ૭૮૫ ૩૨૧ ૩૭૧ ૩૪૪ ૩૦૦ ૩૭૭ ૩૩૯ ૭૩ ૮૯૩ ૭૭૫ ૫૫૦ ૧ ૨ ૩ ૪ ૧૧૫ ૭૬૧ ૭૫૯ ૭૬૦ ૭૮૭ ૫૮૧ ૧૩૮ ૮૪ ૮૩ ૪૪૮ ૨૧૫ ૪૪૪ ૧૩૯ ૧૦૦૩ ૧૦૦૪ ૧૧૧૧

૧૩૦ ૪૧૪ ૯૦ ૧૭૯ ૨૪ ૮૧૨ ૧૭૧ ૪૦ ૨૧૮ ૯૧૦ ૯૧૧ ૮૬૮ ૭૪૧ ૪૨ ૨૫૨ ૧૧૬ ૮૫૮ ૭૮૯ ૮૬૯ ૮૭૦ ૭૭૦ ૩૨૫ ૫૬૫ ૬૩ ૮૨૪ ૬૨૩ ૪૩ ૭૮૪ ૫૬ ૬૪૩ ૬૪૪ ૬૪૫ ૮ ૨૬૧ ૩૫૦ ૧૪૬ ૧૪૭ ૧૬૪ ૩૫૧ ૩૫૨ ૬૪૦ ૨૧૭ ૮૨ ૧૭૨ ૩૪૩ ૪૧૫ ૪૧૮ ૪૧૭ ૪૧૬ ૯૬ ૧૮ ૫૮૦ ૧૧ ૮૦ ૨૬૩ ૪૪૯A ૪૪૯B ૫૮૧ ૨૪૪ ૮૬ ૩૪૬ ૪૦૧ ૧૩૯ ૭૫૭ ૧૧૧૬ ૧૧૧૭ ૭૭૦ ( કલકત્તા ) ૭૮૪ ૧૧૫૨ ૧૫૨ ૪૧૪ ૪૨.


# બાલવિભાગનું આંબાનું ઝાડ (ચિત્રની સમજણ)

- બાલ–બંધુઓ; આપણા બાલવિભાગના ‘સભ્યપત્રક’ તરીકે ‘આંબાનું ઝાડ’ તમને સૌને મળી ગયું હશે. આ સભ્યપત્રક મઢાવીને ઘરમાં ટાંગી રાખજો, ને તેમાં બતાવેલા ફળની હંમેશા ભાવના ભાવજો.
- સભ્યપત્રકમાં સૌથી ઉપર લખ્યું છે–“અમે જિનવરનાં સન્તાન” એટલે કે આપણે જિનવરદેવની આજ્ઞામાં રહેનારા અને જિનવરના માર્ગે ચાલનારા છીએ.–આવી દરેક સભ્યનીભાવના હોય.
- બંને બાજુ ઉભેલા સભ્યો જૈન ઝંડો ફરકાવી રહ્યા છે–જેમાં ‘જય જિનેન્દ્ર’ લખેલું છે; એટલે જૈનધર્મની પ્રભાવના માટે સૌને ઉત્સાહ હોય.
- હવે આંબાનું ઝાડ જુઓ–કેવું મજાનું ઝાડ છે, ને કેવી સરસ કેરીઓ પાકી છે! તે ખાવાનું મન થાય છે ને! જુઓ, કેટલાક સભ્યો (ભાઈ–બેનો) તો તે લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે; ને સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનરૂપી કેરી તોડવાની તૈયારીમાં છે.
- સમ્યગ્દર્શન ને જ્ઞાનની સાથે જિનપૂજા–સ્વાધ્યાય, ભક્તિ ને વૈરાગ્ય પણ છે, એટલે તે પણ દરેક મુમુક્ષુના જીવનમાં સાથે હોય છે.
- હવે એથી જરા ઊંચે એક વાનરભાઈ બેઠા છે ને દેશવ્રતરૂપી કેરી ખાય છે; તે એમ સૂચવે છે કે તિર્યંચજીવોને પણ સમ્યગ્દર્શન અને દેશવ્રત (પંચમ ગુણસ્થાન) હોઈ શકે છે.
- પછી જરા ઊંચે ચારિત્રરૂપી કેરી લેવા માટે એક બાળક હાથ લંબાવી રહ્યો છે–જે વસ્ત્ર વગરનો છે; એટલે કે ચારિત્રદશા બાળક જેવી નિર્વિકલ્પ (દિગંબર) હોય છે એમ તે સૂચવે છે.
- આ તરફ કેવળજ્ઞાનરૂપી મોટી કેરી લેવા માટે ત્રણ બાળકો સંપીને કેવી મહેનત કરી રહ્યા છે! છતાં તે જરા દૂર રહી જાય છે. તે એમ સૂચવે છે કે અત્યારે અહીંના જીવોને કેવળજ્ઞાન નથી, પણ નજીકમાં અલ્પકાળમાં તે પ્રાપ્ત કરશે.
- બીજું આ બાળકો નીચા નમીને એકબીજાને સહાય કરી રહ્યા છે, તે એવા સરસ ભાવ સૂચવે છે કે ધર્મની સાધનામાં બધા સાધર્મીઓએ નમ્રપણે એકબીજાને ટેકો અને પ્રોત્સાહન આપવું જોઈએ.
- સૌથી ઉપર મોક્ષની કેરી છે.

  બંધુઓ! આપણે આપણા જીવનમાં અત્યારથી જ જો સાચા ધર્મના સંસ્કારો વાવીશું તો તે સંસ્કાર વધી વધીને તેમાંથી આવું મજાનું ધર્મરૂપી આંબાનું ઝાડ ઊગી નીકળશે ને તેના મધુરા આનંદદાયી ફળ ખાતાં ખાતાં આપણે મોક્ષમાં જઈશું.
- બાળકોમાં આવા સંસ્કાર રોપવા માટે આપણો “બાલવિભાગ” છે.

**जय जिनेन्द्र**

# બાલવિભાગનું આંબાનું ઝાડ




આત્મધર્મના બાલવિભાગદ્વારા હજારો બાળકોમાં નાનપણથી જે ધર્મસંસ્કારના બીજડા રોપાય છે તે આગળ વધીને એક મોટા ઝાડની જેમ ફાલશે ને સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીનાં મધુરા ફળ આપશે. આવી ઉત્તમ ભાવનાના પ્રતીક તરીકે આ આમ્રવૃક્ષ પસંદ કર્યું છે. મને ખાતરી છે કે આ આંબાની કેરી બધાય બાળકોને ખૂબ જ ભાવશે. આનંદથી ખાવ.

# વાં...ચ...કો સા...થે વા...ત...ચી...ત

## ( વાંચકોના વિવિધ વિચારોને વ્યક્ત કરતો, જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

“વાંચકો સાથે વાતચીત” નો આ વિભાગ વાંચતાં, જાણે કે એક હજાર સાધર્મી બાળકો ભેગા બેસીને ધર્મચર્ચા કરતા હોઈએ–એવી મજા આવે છે.”

“વાંચકો સાથે વાતચીત’ નો આ વિભાગ એ તો બાલવિભાગના બાળકોની જ્ઞાનગોષ્ઠી છે...તેમાં વિધવિધ અનેક જાતની વાનગી હોય છે.”

* આ વિભાગ જિજ્ઞાસુ પાઠકોને એટલો બધો પ્રિય છે કે તેને માટેના સેંકડો પત્રો અને પ્રશ્નોનો સતત ધસારો ચાલુ રહે છે, એટલે આ વિભાગના કામકાજનું ખૂબ દબાણ રહે છે; તે દબાણ જરા હળવું કરવા માટે જિજ્ઞાસુ પાઠકોને (ખાસ કરીને બાલવિભાગના ઉત્સાહી સભ્યોને) વિનંતિ કરવાની કે હમણાં પર્યુષણ સુધી ખાસ જરૂર વગર નવા પ્રશ્નો મોકલશો નહિ. જો કે આ વિભાગ તો ચાલુ જ રહેશે; પણ તેમાં આ મહિનાનો જે સ્ટોક વધેલ છે તે પૂરો કરીશું.

પ્ર૦ – આત્માની ઓળખાણનો સરળ ઉપાય શું? (હંસાબેન, બોરીવલી)

ઉ૦ – સાચી આત્મજિજ્ઞાસાપૂર્વક જ્ઞાનીઓની છાયામાં રહેવું તે.

પ્ર૦ – જે ભગવાન થાય તેના ઘરના બધા માણસો પણ ભગવાન થાય જ તે ખરું?

ઉ૦ – એવો કોઈ નિયમ લાગતો નથી.

પ્ર૦ – અમને નાના બાળકોને જ્ઞાન જલ્દી થાય એવો માર્ગ જણાવશો? (નં. ૩૬૯)

ઉ૦ – આત્માનો પ્રેમ અને જિજ્ઞાસા ખૂબ વધારવી અને જ્ઞાની–ધર્માત્માનું ખૂબ બહુમાન કરવું. તથા આત્માના જ્ઞાનથી જ હું સુખી થઈશ, ને બીજી કોઈ રીતે સુખ નહિ મળે–એવા વિચાર કરીને તેનો ઉદ્યમ કરવો.–એટલે જલ્દી જ્ઞાન થશે. (જ્ઞાનની જિજ્ઞાસા–નો તમારો પ્રશ્ન સારો છે.)

પ્ર૦ – આત્માનું આ બધું શા માટે સમજવું? (નં. ૪૪૯)

ઉ૦ – ચારગતિના ભવદુઃખથી છૂટવા માટે ને મોક્ષસુખ પામવા માટે.

પ્ર૦ – આવું સમ્યગ્દર્શન આત્માને કઈ ઉંમરે ને કઈ દશામાં પ્રગટે? (નં. ૪૪૯)

ઉ૦ – આપણા બાલવિભાગના હજાર ઉપરાન્ત સભ્યોમાંથી મોટાભાગના સભ્યોની ઉંમર સમ્યગ્દર્શન પ્રગટ કરવા જેવડી થઈ ગઈ છે; માટે હવે ઘડીનાય વિલંબ વગર તેનો ઉદ્યમ કરવા માંડીએ. ધ્યાનદશામાં તે પ્રગટે છે. (ધ્યાનનું સ્વરૂપ પહેલાં જ્ઞાની પાસેથી શીખવું જોઈએ.)

પ્ર૦ – નિર્જરાતત્ત્વમાં અજ્ઞાનીની ભૂલ શું છે?

ઉ૦ – આત્માના જે ભાવથી કર્મની નિર્જરા થાય છે તે ભાવને ઓળખે નહિ ને બીજા ભાવથી કર્મની નિર્જરા થવાનું માને, અથવા સમ્યગ્દર્શન વગર કર્મની નિર્જરા થવાનું માને તો તેને નિર્જરાતત્ત્વમાં ભૂલ છે. (અહીં મોક્ષના કારણરૂપ નિર્જરાની વાત છે એમ સમજવું.) વળી નિર્જરાના કારણરૂપ જે તપ છે તે સુખરૂપ છે તેને બદલે તેને જે દુઃખરૂપ માને તેને પણ નિર્જરાતત્ત્વમાં ભૂલ છે. નિર્જરાનું કારણ સમ્યકત્વાદિ શુદ્ધભાવ છે, ને રાગ તો બંધનું કારણ છે, તેને બદલે રાગને નિર્જરાનું કારણ માને તો તેને પણ નિર્જરાતત્ત્વમાં ભૂલ છે,–બંધના કારણને તેણે નિર્જરાનું કારણ માન્યું.

પ્ર૦ – અનુભવ કરવાનો અવસર ક્યો? (એક જિજ્ઞાસુ)

ઉ૦ – અત્યારે હમણાં જ.

પ્ર૦ – વાંચન-શ્રવણ ઘણાં કરવા છતાં સમ્યક્ત્વનો અનુભવ કેમ થતો નથી? નં. ૪૪૯બ)

ઉ૦ – શાસ્ત્રોમાં ને જ્ઞાનીના ઉપદેશમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે પોતે કરતો નથી માટે; જ્ઞાનીના કહેવા પ્રમાણે જો પોતે અંતરમાં કરે તો જરૂર અનુભવ થાય.

પ્ર૦ – આપ તો સમ્યગ્દર્શન ઉપર ખુબ જ ભાર મુકો છો, અને એનાં વગર બધું થોથાં છે એમ કહો છો–પરંતુ જ્યાં સુધી સમ્યગ્દર્શન ન પામીએ ત્યાંસુધી શુભભાવ આદરવો–એમ ઉપદેશ કેમ આપતા નથી?

ઉ૦ – ભઈલા! તમે આ આખોય પ્રશ્ન સમ્યગ્દર્શન પુસ્તક ૩ પાનું ૨૩ માંથી (અથવા તો આત્મધર્મમાંથી) જોઈ જોઈને ઉતાર્યો છે; તો તેનો જવાબ પણ આપ ત્યાંથી જ જોઈ લેશોજી! (સમ્યગ્દર્શન ભાગ ૧–૨–૩ એ ત્રણે પુસ્તકો કુલ છ રૂપિયાની કિંમતના માત્ર બે રૂા. માં અપાય છે, ને તે ઉપરાંત સાથે બે સખીનું પુસ્તક ભેટ મળે છે.)

**અમે બાલવિભાગનાં બાળ, અમે જિનવરનાં સન્તાન;**
**અમને ગમે નહિ સંસાર, અમારે જાવું પેલે પાર.**
**(નિરંજનકુમાર)**

પ્ર૦ – અરિહંત ભગવાન ક્યાં બિરાજે છે? (નં. ૭૮૭)

ઉ૦ – પાંચ મહાવિદેહક્ષેત્રમાં આઠ લાખ જેટલા અરિહંત ભગવંતો બિરાજે છે.

પ્ર૦ – જીવને સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર ક્યારે થાય છે? (નં. ૭૮૭)

ઉ૦ – નિજસ્વરૂપને જાણીને તેમાં લીન થાય ત્યારે.

પ્ર૦ – શું કરવાથી ધર્મમાં લાગણી વધે ? ( નં. ૧૧૩૪ )

ઉ૦ – ધર્માત્માનો સંગ કરવાથી, તથા આત્મહિતની જિજ્ઞાસા વધારવાથી;

પ્ર૦ – નવતત્ત્વોમાં હેય જ્ઞેય, ઉપાદેય કેટલા ? ( નં. ૪૪૯ બી )

ઉ૦ – નવે તત્ત્વો જ્ઞેય;

શુદ્ધ જીવ ઉપાદેય, તથા પર્યાય અપેક્ષાએ સંવર–નિર્જરા ને મોક્ષ ઉપાદેય;

આસ્રવ–બંધ–પુણ્ય–પાપ તે ચારે હેય;

કુમારપાળ જૈન રાજકોટ ( નં. ૭૫૮ ) પૂછે છે–

“એકરૂપ અભેદ આત્મવસ્તુ નિરપેક્ષ છે, અને તેની રુચિ કરવી તે પણ પરથી ને રાગથી નિરપેક્ષ છે” એમ અંક ૨૭૩ની તત્ત્વચર્ચામાં લખેલ છે, તેનો અર્થ શું થાય છે તે સમજાવશો.

ઉ૦ – ભાઈશ્રી, જેમ આત્મવસ્તુનો એકરૂપ સ્વભાવ તે કોઈ બીજાને કારણે થયેલો કે ટકેલો નથી, સ્વતઃ પોતાથી છે; તેમ તે શુદ્ધ આત્મસ્વભાવની રુચિ–જ્ઞાન–અનુભવ તે પણ કોઈ બીજાથી કે રાગથી થતા નથી પણ સ્વતઃ પોતાના આત્માના આશ્રયે જ થાય છે. આત્મા સામે જોયે તે થાય છે, પર સામે જોયે થતા નથી; આ રીતે આત્મા સિવાય બીજાની અપેક્ષા તેમાં ન હોવાથી તે નિરપેક્ષ છે. નિરપેક્ષ એટલે આત્મસાપેક્ષ. ( વિશેષ સમજવા માટે તમારા ગામના મુમુક્ષુ મંડળના વાંચનમાં વડીલ સાધર્મીઓ પાસેથી સમજી લેશો. )

પ્રકાશ જે. જૈન મોરબી ( નં. ૧૩૯ ) પૂછે છે–

( ૧ ) પ્ર૦ – સૂર્ય અને ચંદ્ર જૈનધર્મની દ્રષ્ટિએ શું છે ?

ઉ૦ – આપણને જે દેખાય છે તે એક જાતની પૃથ્વી છે; તેની અંદર જ્યોતિષી દેવોના ઇન્દ્રો ( સૂર્ય ને ચંદ્ર ) રહે છે. તે ઇન્દ્રો જિનેન્દ્રદેવના ભક્ત છે. ત્યાં જિનમંદિર પણ છે.

( ૨ ) પ્ર૦ – પૃથ્વી એ જૈનધર્મની દ્રષ્ટિએ શેમાંથી ઉત્પન્ન થઈ છે ?

ઉ૦ – પૃથ્વી ઉત્પન્ન થઈ નથી, અનાદિની છે; તેમાં કાળઅનુસાર અમુક ફેરફાર થયા કરે છે.

( ૩ ) પ્ર૦ – જિનેન્દ્રભગવાનની મૂર્તિ નજરે પડે ત્યારે આપણે શું બોલવું જોઈએ ?

ઉ૦ – જિનેન્દ્રભગવાનના ગુણગાન સંબંધી કંઈ પણ બોલી શકાય. જિનેન્દ્ર ભગવાનના દર્શનની અનેક સ્તુતિઓ આવે છે.

( ૪ ) પ્ર૦ – જૈનધર્મના બીજા કોઈ નામો છે ?

ઉ૦ – હા; જૈનધર્મના બીજા એટલા બધા ગુણવાચક નામો છે કે આપણા આત્મધર્મના બધાય પાનાં ભરી દઈએ તો પણ પૂરા ન થાય. જેમકે–જૈનધર્મ એટલે વીતરાગીધર્મ, રત્નત્રયધર્મ, મોક્ષનો માર્ગ, શુદ્ધ ઉપયોગ, આત્માનો ધર્મ, સર્વજ્ઞનો ધર્મ, અનેકાન્ત ધર્મ, અરિ–

હંતોનો પંથ, મોહ–ક્ષોભ વગરનો ભાવ, સામ્યભાવ, અતીન્દ્રિય સુખ, પરમ આનંદ, સ્વાનુભૂતિ; વગેરે.

* શર્મિષ્ઠાબેન ( નં. ૨૩૮ ) પૂછે છે કે– ‘ભગવાન ક્યાં રહે છે ?’

સિદ્ધભગવંતો લોકાગ્રે રહે છે; અરિહંત ભગવાન અત્યારે વિદેહક્ષેત્રમાં વસે છે; ને ચૈતન્યભગવાન આપણા દરેકના આત્મામાં રહે છે; એ ભગવાનને ઓળખતાં આપણે ભગવાન થઈશું...ને ઉપર જઈને સિદ્ધભગવંતોની સાથે આનંદથી રહીશું.

* જેતપુરથી મુકેશ જૈન ( સ. નં. ૧૮૫ ) લખે છે–

‘જેમ નાનું બાળક પોતાની માની રાહ જુએ, જેમ ખેડુત વરસાદની રાહ જુએ, જેમ મારા જેવા બાલમિત્રો પોતાના પ્રશ્નના જવાબની રાહ જુએ, તેમ હું આપણા આત્મધર્મની રાહ જોઈ રહ્યો હતો. આખરે અષાડ માસનો અંક હાથમાં આવ્યો ને તેમાં મારા પ્રશ્નનો જવાબ વાંચીને ઘણો જ આનંદ થયો. આ વિભાગદ્વારા આપ બાલમિત્રો સાથે ગાઢ દોસ્તી બાંધી રહ્યા છો. અને રોકેટની ઝડપે આત્મધર્મનો અત્યારે વિકાસ થઈ રહ્યો છે.’

દોસ્ત ! આપણે કાંઈ ચંદ્ર સુધી નથી જવું, આપણે તો ઠેઠ મોક્ષ સુધી પહોંચવું છે; એટલે આપણે તો રોકેટ કરતા ય ઘણી વધુ ઝડપે ‘આત્મ–ધર્મ’ નો વિકાસ કરવાનો છે. રોકેટવાળા ચંદ્ર સુધી પહોંચે ત્યાર પહેલાં આપણે મોક્ષના અડધા રસ્તે તો પહોંચી જવાનું છે.

* અકલંકકુમાર ( સ. નં. ૧૪૪ ) નાં પ્રશ્નો–

( ૧ ) પુદ્‌ગલદ્રવ્ય આંખેથી દેખાય ?

એકલું છૂટું પુદ્‌ગલદ્રવ્ય ( પરમાણુ ) આંખેથી દેખાય નહિ, પણ ઘણા પુદ્‌ગલદ્રવ્ય ભેગા મળીને સ્થૂળ સ્કંધ થયો હોય તો આંખેથી દેખાય.

( ૨ ) એક માણસને આંખો નથી, તો તે દેખે કે નહિ ?

હા, તેને જે જે પ્રકારનું જ્ઞાન થાય તે તે પ્રકારને લગતો દર્શનઉપયોગ થાય છે, તે અપેક્ષાએ દેખવું કહી શકાય. ( દેખવું એટલે આંખથી દેખવું–એવો અર્થ અહીં ન સમજવો. )

( ૩ ) જગતમાં કયું દ્રવ્ય મોટું ?

જે બધા દ્રવ્યોને જાણે તે. ( અથવા ક્ષેત્ર અપેક્ષાએ આકાશ મોટું, ને ભાવઅપેક્ષાએ આપણે મોટા. )

( ૪ ) નાના અને મોટામાં આત્મા નાના–મોટા હોય કે કેમ ?

–ના;

* સભ્ય નં. ૨૩૯ ( સાબલી ) પૂછે છે–

પ્ર. –મુક્ત જીવ ક્યાં રહે ?

ઉ. –લોકમાં સૌથી ઊંચે.

પ્ર. –અમે ખોરાકથી જીવીએ છીએ ?

ઉ૦ – હા, દરેક જીવ જ્ઞાનરૂપી ખોરાકથી જ જીવે છે. જ્ઞાનરૂપી ખોરાક વગર કોઈ જીવ જીવી ન શકે.

પ્ર૦ – જીવ દુઃખી કેમ છે?

ઉ૦ – સુખના દરિયામાં ડુબકી નથી મારતો માટે.

* મહેસાણાથી જયેશ જૈન ( નં. ૪૬૨ ) પૂછે છે–

મેરૂપર્વત ક્યાં આવ્યો? તેના ઉપર શું છે?

મેરૂપર્વત પાંચ છે. એક જંબુદ્વીપમાં, બે ધાતકીખંડદ્વીપમાં તથા બે પુષ્કરદ્વીપમાં; આપણા જંબુદ્વીપનો જે મેરુ છે તેનું નામ સુદર્શન મેરુ છે; તે અહીંથી ઉત્તરદિશામાં લગભગ ૫૦, ૦૦૦ પચાસહજાર યોજન દૂર છે. ( ૧ યોજન=લગભગ ૫૦૦૦ માઈલ ) તે મેરુ–પર્વત એક લાખ જોજન ઊંચો છે. દરેક મેરુ ઉપર ૧૬–૧૬ જિનમંદિરો છે, દરેક મંદિરમાં ૧૦૮ રત્નમય જિનપ્રતિમાઓ છે. નંદનવન પણ આ મેરૂપર્વતોમાં જ છે. મેરુપર્વતની–શોભાનો ને તેના વૈભવનો કોઈ પાર નથી. શાસ્ત્રોમાં તો એનું ઘણું વર્ણન છે. નંદીશ્વરની પૂજાના પુસ્તકમાં પંચમેરુની પણ પૂજા છે તે વાંચશો અથવા આદિ પુરાણમાં વાંચશો તો વિશેષ ઘણું જાણવાનું મળશે. મેરૂપર્વત ઉપર તીર્થંકર ભગવંતોનો જન્માભિષેક થાય છે–તેથી મહાનતીર્થ તરીકે જગતમાં તેનો મહિમા પ્રસિદ્ધ છે. મેરુપર્વતની દક્ષિણે આપણું આ ભરતક્ષેત્ર છે, સામી બાજુએ ( ઉત્તર તરફ ) આપણા જેવું ઐરાવતક્ષેત્ર છે; મેરુની પૂર્વ અને પશ્ચિમ બંને બાજુ વિદેહક્ષેત્ર છે. પૂર્વ તરફના વિદેહમાં સીમંધર અને યુગમંધર તીર્થંકરો અત્યારે બિરાજે છે; પશ્ચિમ તરફના વિદેહમાં બાહુ તથા સુબાહુ તીર્થંકરો બિરાજે છે. આ રીતે આપણા જંબુદ્વીપમાં અત્યારે ૪ તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે; બીજા દ્વીપમાં ૮ તથા ત્રીજા દ્વીપમાં ૮ એમ કુલ ૨૦ તીર્થંકર ભગવંતો હાલ બિરાજમાન છે. તેમને તથા પંચમેરુ તીર્થને નમસ્કાર હો.

* સભ્ય નં. ૮૭૫ મુંબઈથી લખે છે કે– “આત્મધર્મમાં ઋષભદેવની કથાથી મને બહુ આનંદ થયો. તેમાં સિંહ–વાંદરો–નોળિયો ને ભૂંડ તે ચારેને જાતિસ્મરણ થયું તથા સમ્યગ્દર્શન પામ્યા–તે વાંચીને બહુ જ આનંદ થયો. તેમ આપણે પણ ધર્મ કરવો જોઈએ. મુનિરાજના પ્રવચનમાં સિંહ–વાંદરો–નોળિયો ને ભૂંડને જેવો રસ પડયો તેવો રસ આપણને પડવો જોઈએ.”

સભ્ય નં. ૨૪૧ પૂછે છે–

“આ આત્મધર્મમાં ( ઋષભદેવ ચરિત્રમાં ) દિગંબર સાધુના સરસ ચિત્રો જોઈને મને પણ એમ ભાવ જાગે છે કે આવા મુનિવર ક્યાં વસતા હશે?–તે અમને જણાવો.”

ભૈયા, બહુત અચ્છી ભાવના હૈ તુમ્હારી; ચિત્રોમાં જે મુનિરાજો છે તે વિદેહક્ષેત્રથી પધારેલા મુનિરાજ છે–ખાસ સમ્યગ્દર્શન પમાડવા માટે જ તેઓ ભોગભૂમિમાં આવ્યા

હતા; એવા ઘણાય મુનિરાજ ( કરોડો ) અત્યારે વિદેહક્ષેત્રમાં વિચરી રહ્યા છે ને મોક્ષમાર્ગને સાધી રહ્યા છે, તથા દિવ્ય ઉપદેશવડે ઘણાય જીવોને ધર્મ પમાડે છે. એવા કોઈ મુનિરાજના દર્શન થાય અથવા તો આપણા ભરતક્ષેત્રમાં જ એવા કોઈ મુનિરાજ પાકે–તો આપણા મહાન ભાગ્ય! પરંતુ ભાઈશ્રી, એવા મહા મુનિરાજના વિરહમાં છોટા મુનિરાજ સમાન સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓના દર્શનથી પણ આપણે પરમ હર્ષ અને સંતોષ માનવો જોઈએ; તેમના પવિત્ર ઉપદેશથી પણ સમ્યક્ત્વ પમાય છે, ને એવા ધર્માત્મા જોવા હોય તો તમે સોનગઢ આવજો.

સમ્યક્ત્વની ભાવનાથી બાલવિભાગના એક સભ્ય લખે છે કે ભાઈ, ગમે તેટલી કિંમત આપવી પડે તે આપીને પણ મારે સમ્યક્ત્વ જોઈએ.

બહેન, તમારી ભાવના પ્રશંસનીય છે; પરંતુ સમ્યકત્વની કિંમત બહારની કોઈ વસ્તુ વડે થઈ શકે નહિ. આખા જગતના કિંમતીમાં કિંમતી બધા હીરા–માણેક–રત્નો ભેગા કરો તોપણ તેના વડે સમ્યકત્વરત્નની કિંમત થઈ શકે નહિ. સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરવી હોય તો તેની ખરી કિંમત જાણવી જોઈએ ને તે કિંમત આપવી જોઈએ. સમ્યક્ત્વ જોઈએ તો તેની કિંમત એ છે કે આત્માની અતિ તીવ્ર રુચિ–પ્રીતિ–લગની કરીને તેને અનુભવવાનો જોસદાર પ્રયત્ન દિનરાત કરવો.–આટલી કિંમત ભરનારને સમ્યક્ત્વની પ્રાપ્તિ જરૂર થાય છે.

* ધોરાજીથી જયશ્રીબેન ( નં. ૯૨૭ ) પૂછે છે–

( ૧ ) ગ્રંથીભેદ કેમ થાય?

( ૨ ) સંસારમાં સમકીતનું ને ત્રણરત્નનું જતન કેમ થતું હશે?

( ૩ ) સમયસારજીના કયા પાને ગ્રંથીભેદનું વર્ણન છે?

ઉ૦ – ( ૧ ) આત્મપ્રાપ્તિની ખરી જિજ્ઞાસાપૂર્વક અંતરમાં જ્ઞાન ને રાગના ભેદજ્ઞાનના વારંવાર અભ્યાસવડે ગ્રંથીભેદ થાય.

( ૨ ) પરમ પ્રીતિપૂર્વક તેમાં જાગૃતિ અને વારંવારના અભ્યાસરૂપ ઉદ્યમ વડે ધર્માત્મા પોતાના રત્નત્રયની રક્ષા કરે છે.

( ૩ ) સમયસારના પાને–પાને ગ્રંથીભેદનું વર્ણન ભરેલું છે. છતાં આપે પાનું પૂછ્યું તો–ગાથા ૭૧–૭૨, ગા. ૧૪૪, ગાથા ૧૮૧–૮૨–૮૩ તથા ગા. ૨૯૪માં ભેદજ્ઞાનનું વિશેષ વર્ણન છે. ( બધી ગાથા ઉપરનાં કલશ પણ ભેગાં વાંચશો. )

* રમેશચંદ્ર બી. જૈન ( વડાસણ )

તમે મોકલેલ કોયડો જરાક સુધારીને આ અંકમાં આપ્યો છે.

* સ્વીટ્‌ઝરલેન્ડમાં વસતા શ્રી દક્ષાબેન ન્યાલચંદ શાહ ( મલુકચંદભાઈના પૌત્રી ) –કે જેઓ બાલવિભાગના હજાર ઉપરાંત સભ્યોમાંથી પરદેશમાં વસતા એક જ સભ્ય છે–તેઓ જન્મદિવસે બાલવિભાગ તરફથી મળેલા સન્દેશના જવાબમાં લખે છે કે–“મારા ૧૮મા જન્મદિવસે બાલવિભાગ તરફથી જે ઉત્તમ શુભેચ્છા તથા ભેટ ( ફોટા ) મળ્યા તે સ્વીકારતાં ઘણો આનંદ થયો ને તે બદલ ઘણો ઘણો

આભાર. બાલવિભાગને નાનકડી ભેટ તરીકે હું ૧૯ પૌંડ ( લગભગ ૪૦૦ રૂપિયા ) મોકલું છું –તે સ્વીકારશોજી. અને સોનગઢમાં રહેલ તેના મધુર સંભારણા સહિત પૂ. ગુરુદેવને, પૂ. બેનશ્રી–બેનને તથા બીજા બધા મુમુક્ષુઓને વંદન.” ( મૂળ પત્ર ઈંગ્લીશમાં છે. )

* “જ્યારે આત્મધર્મ આવે છે ત્યારે અમે અત્યંત ઉલ્લાસમાં આવી જઈએ છીએ; અને આત્મધર્મ વાંચવા માટે તત્પર થઈ જઈએ છીએ. અમારા જેવા બાળકોને માટે પ્રભુના પ્રતાપે સુંદર રીતે અભ્યાસ કરવાની આ તક મળી છે. તેનો લાભ બધા ઊઠાવીએ–એવી અમારી આશા છે.”

– લી. નીલાબેન ત્રિકમલાલ ( નં. ૮૨૨ )

“આપે મોકલેલ કુંદકુંદ ભગવાનનો ફોટો તથા જન્મદિવસનું કાર્ડ મળતાં ખૂબખૂબ આનંદ થયો...સૌને હર્ષપૂર્વક તે બતાવ્યું, ભગવાનના ફોટાની અમૂલ્ય ભેટ અચાનક મળતાં આનંદ તો થાય જ ને !”

– લી. ચારૂબાળા જૈન ( નં. ૮૧૪ )

❀ કોઈકોઈ સભ્યો હજી ‘દર્શનકથા’ પુસ્તક ભેટ મોકલવા લખે છે; તો જણાવવાનું કે ૬૦૦ પુસ્તકો ભેટ આપવાનાહતા તે અપાઈ ગયા છે. હવે તે પુસ્તકો ભેટ અપાતા નથી. સ્વાધ્યાય મંદિરના પુસ્તકવિભાગમાં તે મળી શકે છે. કિંમત ૫૦ પૈસા છે.

ચોરીવાડથી ( સ. નં. ૩૩૪ ) તથા પ્રાંતીજથી ( સ. નં. ૩૦૧ ) અને બીજા ઘણાય સભ્યો લખે છે કે–

આત્મધર્મમાં બાલવિભાગ શરૂ થયો તેથી અમને ઘણો જ લાભ થયો છે, કારણ કે પહેલાં અમે આત્મધર્મ વાંચતા ન હતા, પણ હવે તો દર મહિને તેની રાહ જોઈએ છીએ ને વાંચીએ છીએ.

વઢવાણના ( સ. નં. ૨૨૪ ) લખે છે–આત્મધર્મનો બાલવિભાગ એ ખરેખર બાળકોને સાચા રસ્તે લઈ જનાર આશીર્વાદરૂપ એક ભાગ છે.

કે. કા. જૈન–મોરબી; પંચપરમેષ્ઠી–સૂચક આપનું લખાણ મળ્યું; લખાણ ભાવવાહી છે, પરંતુ ભાષાશૈલી નાના બાળકોને જરા અઘરી પડે તેવી લાગવાથી, તેના ઉપરથી તેવી શૈલીની રચના કરીને બાલવિભાગમાં આપેલ છે. આપની બાલવિભાગ પ્રત્યેની લાગણીઓ બદલ આભાર. ( વધુ માટે જુઓ પૃષ્ઠ નં. ૫૧ )

## “સભ્ય નંબર એક હજાર !”

બાલમિત્રો ! તમને જાણીને આનંદ થશે કે આપણા બાલવિભાગની સભ્ય સંખ્યા એક હજારનો અંક વટાવીને ઝડપથી આગળ વધી રહી છે. અગાઉ વિચારી રાખ્યા મુજબ સભ્ય નંબર એક હજાર ( ૧૦૦૦ ) ને સુંદર ફોટોફ્રેમ સંપાદક તરફથી ભેટ મોકલવામાં આવી છે.

❀ **નંદીશ્વર અષ્ટાહ્નિકાઃ-** દરમિયાન શ્રી જિનેન્દ્રસહસ્ર-અષ્ટોત્તરનામ-મંડલવિધાનપૂજન ઘાટકોપરના પુષ્પાબેન દોશી તરફથી થયું હતું. સોનગઢમાં આ પૂજનવિધાન ત્રીજીવાર થયું. આ પૂજનમાં ૧૦૦૮ ગુણવાચક નામો દ્વારા ત્રિકાલવર્તી તીર્થંકરોનું પૂજન કરવામાં આવે છે. વિધાન દશ દિવસ ચાલ્યું હતું ને અષાડ વદ બીજે જિનેન્દ્ર અભિષેકપૂર્વક પૂર્ણાહૂતિ થઈ હતી.

卐 **બાહુબલી અભિષેકઃ-** શ્રવણબેલગોલ (મૈસુર) ના સુપ્રસિદ્ધ બાહુબલી-ગોમટેશ્વર ભગવાનના ૫૭ ફૂટ ઊંચા પ્રતિમાજીનો અભિષેક આવતી સાલમાં તા. ૧-૧-૬૭ના રોજ થવાનું નક્કી થયું છે. તેની સ્તંભપ્રતિષ્ઠા તા. ૨૫-૮-૬૬ તથા નાંદીમંગલ વગેરે વિધાન તા. ૧૮-૧૨-૬૬ના રોજ છે. (લગભગ તેર વર્ષ બાદ આ મહાઅભિષેક થઈ રહ્યો છે.)

## પંચપરમેષ્ઠી

**અનાદિ અજ્ઞાન ટાળવા,**
**સિદ્ધપદને સાધવા,**
**આત્મસ્વરૂપને અનુભવું,**
**ઉપયોગને ત્યાં લીન કરું,**
**સાધુ થઈને સિદ્ધ બનું.**

બંધુઓ, પાંચ લીટીમાં કેવી મજાની ભાવના છે! હવે આ પાંચ લીટીમાંથી આપણે પંચપરમેષ્ઠીને શોધી કાઢવાના છે. (ન જડે તો આ અંકમાં બીજે ક્યાંક જવાબ છાપેલ છે તેમાંથી શોધી કાઢો.)




અમદાવાદમાં શ્રી રસિકલાલ મણિલાલના ધર્મપત્ની નિર્મળાબેન તે (ધરમચંદ જગજીવન માસ્તરની બહેન) તા. ૬-૭-૬૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. મૃત્યુ અગાઉ તેઓ દેવ-ગુરુનું તથા સોનગઢનું સ્મરણ કરતા હતા. તેઓ કોઈ કોઈવાર સોનગઢ આવીને પણ લાભ લેતા અને અમદાવાદમાં પણ વાંચન વગેરેમાં જતા હતા. તેઓ દેવગુરુધર્મની ભક્તિમાં આગળ વધીને આત્મશાંતિ પામો.

**ગમે તેવા પ્રસંગે હે જીવ! ધૈર્ય અને વૈરાગ્યનું બળ ટકાવી રાખજે. ધૈર્ય રાખીશ તો માર્ગ શોધવામાં તારી બુદ્ધિ પણ તેને સાથ આપશે. પણ જો ગભરાઈને ધૈર્ય ગુમાવીશ તો તારી બુદ્ધિ પણ તને સાથે નહિ આપે.**

## બાલવિભાગના નવા સભ્યોનાં નામ ( પાનું ૩૬થી ચાલુ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૬૪ | રમણીકલાલ કસ્તુરચંદ જૈન | કલોલ | ૧૦૯૪ | અશ્વીનકુમાર હીરાલાલ જૈન | કલોલ |
| ૧૦૬૫ | રમેશચંદ્ર વાડીલાલ જૈન | સરડોઈ | ૧૦૯૫ | બીપીનચંદ્ર રામચંદ જૈન | નરસીંહપુરા |
| ૧૦૬૬ | ચીનુભાઈ સોમચંદ જૈન | રણાસણ | ૧૦૯૬ | દિલીપકુમાર નવનીતરાય જૈન | આમોદ |
| ૧૦૬૭ | સુરેશચંદ્ર વાડીલાલ જૈન | મોરબી | ૧૦૯૭ | સુરેશચંદ્ર મણીલાલ જૈન | સોજીત્રા |
| ૧૦૬૮ | મહેશચંદ્ર રતીકાન્ત જૈન | અંકલેશ્વર | ૧૦૯૮ | હર્ષદકુમાર બળવંતરાય જૈન | ડલકા |
| ૧૦૬૯ | વિનોદચંદ્ર તલકચંદ જૈન | ભેટાલી | ૧૦૯૯ | અરવિંદકુમાર પુનમચંદ જૈન | જહેર |
| ૧૦૭૦ | મહેન્દ્રકુમાર રેવચંદ જૈન | સણોદ | ૧૧૦૦ | જિનેન્દ્રકુમાર જયંતિલાલ જૈન | જહેર |
| ૧૦૭૧ | મહેન્દ્રકુમાર પુંજાલાલ જૈન | લીંબોઈ | ૧૧૦૧ | કાંતિલાલ બાબુલાલ જૈન | ઝાંબુડી |
| ૧૦૭૨ | વસ્તુપાલ સાકળચંદ જૈન | મીંયાગામ | ૧૧૦૨ | વિનોદચંદ છોટાલાલ જૈન | ફતેપુર |
| ૧૦૭૩ | વિજયકુમાર જશવંતલાલ જૈન | જહેર | ૧૧૦૩ | કુસુમબેન વિનોદચંદ જૈન | ફતેપુર |
| ૧૦૭૪ | અશ્વીનકુમાર નેમચંદ જૈન | નરસીહપુરા | ૧૧૦૪ | નીતાબેન વિનોદચંદ જૈન | ફતેપુર |
| ૧૦૭૫ | જયંતિલાલ ધર્મચંદ જૈન | ઈડર | ૧૧૦૫ | રૂપાબેન જૈન | રાંચી |
| ૧૦૭૬ | વિનોદચંદ ધરમચંદ જૈન | ઈડર | ૧૧૦૬ | નવનીતચંદ્ર નવલચંદ જૈન | મોરબી |
| ૧૦૭૭ | ચંપકલાલ પુનમચંદ જૈન | સલાલ | ૧૧૦૭ | મુકુંદરાય નવલચંદ જૈન | મોરબી |
| ૧૦૭૮ | મહેન્દ્રકુમાર પુનમચંદ જૈન | સલાલ | ૧૧૦૮ | દિનેશકુમાર નવલચંદ જૈન | મોરબી |
| ૧૦૭૯ | જયકુમાર સાકળચંદ જૈન | ઈડર | ૧૧૦૯ | જગદિશ હિંમતલાલ જૈન | મોરબી |
| ૧૦૮૦ | નરેન્દ્રકુમાર નાથાલાલ જૈન | ઈડર | ૧૧૧૦ | ભીખાલાલ સોમચંદ જૈન | લખતર |
| ૧૦૮૧ | જિતેન્દ્રકુમાર રાયચંદ જૈન | નરસીહપુર | ૧૧૧૧ | નરેશકુમાર મીઠાલાલ જૈન | જંત્રાલ |
| ૧૦૮૨ | સુરેશકુમાર કસ્તુરચંદ જૈન | જહેર | ૧૧૧૨ | અરૂણા પ્રાણલાલ જૈન | કયુંગામ ? |
| ૧૦૮૩ | પુષ્પવદન કસ્તુરચંદ જૈન | જહેર | ૧૧૧૩ | સુનીલ પ્રાણલાલ જૈન | કયુંગામ ? |
| ૧૦૮૪ | શૈલેશકુમાર સુમનચંદ્ર જૈન | કેરવાડા | ૧૧૧૪ | વિનોદરાય અમૃતલાલ જૈન | મુંબઈ ૯ |
| ૧૦૮૫ | સુરેશચંદ્ર બાદરરાય જૈન | સુદાસણા | ૧૧૧૫ | વીણાબેન અમૃતલાલ જૈન | મુંબઈ ૯ |
| ૧૦૮૬ | અશ્વીનકુમાર નગીનદાસ જૈન | સુણદા | ૧૧૧૬ | કીર્તિકુમાર રમણલાલ જૈન | નવા |
| ૧૦૮૭ | શીરીષકુમાર જયંતિલાલ જૈન | જહેર | ૧૧૧૭ | પ્રફૂલકુમાર બાબુલાલ જૈન | સનાવદ |
| ૧૦૮૮ | સુમતિલાલ ધુલજીભાઈ જૈન | સંતરામપુર | ૧૧૧૮ | યોગેશકુમાર મહેન્દ્રકુમાર જૈન | જમશેદપુર |
| ૧૦૮૯ | નરેન્દ્રકુમાર ચંદુલાલ જૈન | સોજીત્રા | ૧૧૧૯ | જગદીશ જમનાદાસ જૈન | રાજકોટ |
| ૧૦૯૦ | સનતકુમાર ભગવાનદાસ જૈન | સંતરામપુર | ૧૧૨૦ | ભોગીલાલ જમનાદાસ જૈન | રાજકોટ |
| ૧૦૯૧ | રાજેન્દ્રકુમાર જયંતિલાલ જૈન | અમદાવાદ | ૧૧૨૧ | કિશોર જમનાદાસ જૈન | રાજકોટ |
| ૧૦૯૨ | જયંતિલાલ કસ્તુરચંદ જૈન | કલોલ | ૧૧૨૨ | કિરીટ જમનાદાસ જૈન | રાજકોટ |
| ૧૦૯૩ | વિનોદરાય હીરાલાલ જૈન | કલોલ | ૧૧૨૩ | હીરાબેન જમનાદાસ જૈન | રાજકોટ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૨૪ | દિવ્યાબેન જમનાદાસ જૈન | રાજકોટ | ૧૧૪૨ | નયનાબેન રતિકાન્ત જૈન | અંકલેશ્વર |
| ૧૧૨૫ | નગીનદાસ મનસુખલાલ જૈન | મુંબઈ–૭૭ | ૧૧૪૩ | ભાવનાબેન પ્રમોદચંદ્ર જૈન | અંકલેશ્વર |
| ૧૧૨૬ | દીપકકુમાર મનસુખલાલ જૈન | મુંબઈ–૭૭ | ૧૧૪૪ | ભૂપેશચંદ્ર પ્રમોદચંદ્ર જૈન | અંકલેશ્વર |
| ૧૧૨૭ | સ્મીતાબેન કાન્તીલાલ જૈન | મુંબઈ–૭૭ | ૧૧૪૫ | રસિકલાલ મણિલાલ જૈન | સલાલ |
| ૧૧૨૮ | જાગૃતી વસંતલાલ જૈન | મુંબઈ–૫૮ | ૧૧૪૬ | વિજય ચીમનલાલ જૈન | મુંબઈ–૧ |
| ૧૧૨૯ | સ્મિતા વસંતલાલ જૈન | મુંબઈ–૫૮ | ૧૧૪૭ | ભાવના ચીમનલાલ જૈન | મુંબઈ–૧ |
| ૧૧૩૦ | તૃપ્તિ વસંતલાલ જૈન | મુંબઈ–૫૮ | ૧૧૪૮ | કોકિલાબેન છોટાલાલ જૈન | સલાલ |
| ૧૧૩૧ | ગીરીશકુમાર રમણીકલાલ જૈન | સોનગઢ | ૧૧૪૯ | રમેશચંદ્ર છોટાલાલ જૈન | સલાલ |
| ૧૧૩૨ | મીનાક્ષીબેન રમણીકલાલ જૈન | સોનગઢ | ૧૧૫૦ | હેમંતકુમાર રતિલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૧૩૩ | રમેશકુમાર રમણીકલાલ જૈન | સોનગઢ | ૧૧૫૧ | ચેતનાકુમારી જૈન | ઉદયપુર |
| ૧૧૩૪ | મીનાબેન જૈન | લાઠી | ૧૧૫૨ | વિમલાબેન રીખવદાસ જૈન | મુંબઈ–૨ |
| ૧૧૩૫ | હંસાબેન રતિલાલ જૈન | મુંબઈ–૬૬ | ૧૧૫૩ | મીનાકુમારી મનહરલાલ જૈન | મદ્યાયા-બરમા |
| ૧૧૩૬ | દિવ્યકાન્ત રતિલાલ જૈન | મુંબઈ–૬૬ | ૧૧૫૪ | દિનેશકુમાર મનહરલાલ જૈન | મદ્યાયા-બરમા |
| ૧૧૩૭ | ગીરીશ રતિલાલ જૈન | મુંબઈ–૬૬ | ૧૧૫૫ | રેખાબેન વૃજલાલ જૈન | રાજકોટ |
| ૧૧૩૮ | રાજુલ રતિલાલ જૈન | મુંબઈ–૬૬ | ૧૧૫૬ | जुगराज शुभकरन जैन | हांसी |
| ૧૧૩૯ | નરેશકુમાર મગનલાલ જૈન | મુનાઈ | ૧૧૫૭ | કાસ્મીરાબેન વી. જૈન | બોટાદ |
| ૧૧૪૦ | અશોક નાગરદાસ જૈન | મુનાઈ | ૧૧૫૮ | રીટાબેન વી. જૈન | બોટાદ |
| ૧૧૪૧ | રમીલાબેન કોદરલાલ જૈન | મુનાઈ | | | |

(વિશેષ આવતા અંકે)

**ચાલુ શ્રાવણ માસ અધિક-શ્રાવણ હોવાથી, મંગલ દિવસોની યાદી આવતા અંકમાં આપીશું.**

## પંચપરમેષ્ઠી

**अરિહંતનો માર્ગ જાણીને,**

**सि દ્ધપદને સાધવા,**

**आચાર્યદેવના ચરણમાં,**

**उપસ્થિત થઈ દીક્ષા લઈ,**

**सાધુ થઈ આત્માને સાધું.**

પહેલો અક્ષર જોડીને, પંચપરમેષ્ઠીને નમું.

## अ-सि-आ-उ-सा

**अ અરિહંતનો.**

**सि સિદ્ધપ્રભુનો.**

**आ આચાર્યનો.**

**उ ઉપાધ્યાયનો.**

**सा સાધુનો.**

(આ રીતે પંચપરમેષ્ઠીનો પહેલો અક્ષર अ–सि–आ–उ–सा એ પંચપરમેષ્ઠીના સ્મરણનો મંત્ર છે.)

## [ બાલવિભાગ માબાપની મુંઝવણ મટાડે છે ] -એક પત્ર

ચેમ્બુર ( મુંબઈ ) થી ચંદ્રકાન્તભાઈ લખે છે– "બાલવિભાગ નાના તેમજ મોટાઓને બહુ આનંદદાયક થઈ પડયો છે. આત્મધર્મના વાંચકો માટે તો ઊંડાં બીજ વવાયા છે. બાળ વિભાગ શરૂ કરવા બદલ અમારા હાર્દિક અભિનંદન છે. જે વસ્તુની ખામી જણાતી હતી તે બાલવિભાગે પૂરી કરી છે મારાં બાળકોને ધર્મ પ્રત્યે વૃત્તિ ક્યારે જાગશે એવા વિચાર હરહંમેશ કર્યા કરતો હતો. બાળવિભાગ શરૂ થવાથી મારી મુંઝવણ પૂરી થઈ છે. બંને બાળકો ( શૈલાલિની ૨૭૭ તથા ભરતેશ ૧૩૫ ) જ્યારથી બાલવિભાગના સભ્ય બન્યા છે ત્યારથી 'આત્મધર્મ' આવવાની ઉત્સુકતાથી રાહ જુએ છે, વાંચન કરે છે, પ્રભુભક્તિ પણ કરે છે. હવે આત્મધર્મ પખવાડિક થાય તો સારૂં'

વિશેષમાં તેઓ લખે છે–અષાઢી પૂનમે ભરતેશનો જન્મદિવસ હતો, તેણે દશમા વર્ષમાં પ્રવેશ કર્યો જન્મદિવસની ભેટ તરીકે તેને દશ રૂા. આપવા માંડયા ત્યારે તેણે કહ્યું કે મારાવતી તે રકમ બાલવિભાગમાં મોકલી આપજો મને પણ તેથી પ્રેરણા થઈ, જેથી આ સાથે રૂા. ૨૫ ઉમેરીને બાલવિભાગની વૃદ્ધિ માટે મોકલું છું, તે સ્વીકારશો' ( ભરતેશની બહેન શૈલાલિનીએ પણ આ અગાઉ પોતાના બસભાડામાંથી બચત કરેલી રકમ બાલવિભાગમાં મોકલી આપી હતી. )

[ –ભાઈશ્રી, આપ સૌના હાર્દિક લાગણી ભરેલા સહકારથી ને ગુરુદેવના પ્રભાવથી ભારતવર્ષમાં ઘરેઘરે બાળકો ધર્મમાં રસ લેતા થાય ને નાના નાના બાળકોના ટોળા સ્વાનુભવની ચર્ચા કરતા હોય–એવું વાતાવરણ સર્જાય–એમ આપણે ઇચ્છીએ; ને તે માટે 'આત્મધર્મ' શક્ય પ્રયત્નો કરી રહ્યું છે. )

અરવિંદ જૈન (No. 246) લખે છે– "આત્મધર્મની દિનપ્રતિદિન વૃદ્ધિ થઈ રહી છે; અને હજી વિશેષ વૃદ્ધિ થાય એમ હું ઈચ્છું છું. કેમકે આત્મધર્મમાં પૂજ્ય કૃપાળુદેવના પ્રવચનોમાંથી અત્યંત મહત્ત્વના મુદ્દાઓ આપેલા હોય છે, જે દ્વારા દેશ તથા વિદેશના જિજ્ઞાસુજીવોને અત્યંત લાભ મળી શકે તેમ છે, અને પોતાનું હિત સાધી શકે તેમ છે. ખાસ કરીને બાલવિભાગ શરૂ કરેલ હોવાથી અમને બાળકોને વિશેષ લાભ મળી શકે તેમ છે. બીજું બાલવિભાગના પ્રશ્નોત્તરમાં માર્ક આપો તો અમે ઉત્તર લખવામાં ચોક્કસાઈ રાખીને પ્રથમ નંબર મેળવવા પ્રયત્ન કરીએ."

આત્મધર્મ પ્રત્યેની આપની લાગણી માટે ધન્યવાદ! માર્ક આપવાની સૂચના તમે લખી તે સંબંધી પહેલાં વિચાર આવેલો, પરંતુ તે શક્ય નથી, કેમ કે આપણા એક હજાર સભ્યોમાં એકડો ઘુંટનારથી માંડીને એલ. એલ. બી. સુધીના કોલેજીયનો પણ છે. તમારા જેવા સભ્યો તો કદાચ પ્રથમ નંબર મેળવી લ્યે, પરંતુ નાના બાળકોને ઓછા માર્ક મળતાં તે હતાશ

થઈ જાય, ને બાલવિભાગમાં તેનો ઉત્સાહ મંદ પડી જાય. એટલે, "બાલવિભાગમાં ભાગ લેનારા બધા બાળકો પાસ" એમ ૧૦૦ રીઝલ્ટનું ધોરણ રાખેલ છે. આપણે તો બાળકો ઉત્સાહપૂર્વક ધર્મમાં રસ લ્યે તે ખાસ જોવાનું છે.

(બીજા પ્રશ્નમાં તમે આત્મપ્રાપ્તિનો ઉપાય પૂછયો છે, તે સંબંધી પ્રશ્નોત્તર આ વિભાગમાં અગાઉ બેત્રણ વાર ચર્ચાઈ ગયા છે; તે શોધીને વાંચશો, આ અંકમાં પણ સભ્ય નં. ૩૮૫ તથા ૧૨ ના જવાબો છે, તે પણ વાંચશો.)

बडी सादडी થી સુજાનમલજી મોદી તરફથી વિસ્તૃત પત્ર છે. તેઓ બાળકોને ધાર્મિકશિક્ષણ આપવાના ખાસ હિમાયતી છે ને પોતે જ પાઠશાળા ભણાવે છે. એકવાર પાઠશાળામાં બાલવિભાગના સભ્ય નં. ૪૯૯ એ પૂછયું કે મેં હિંદી–ગુજરાતી બંને જૈનબાળપોથી કંઠસ્થ કરી છે, તો હવે એ બતાવો કે અમને જીવનમાં કઈ રીતે લાભ થાય? તેના ઉત્તરમાં મોદીજીએ બાળપોથીનું પહેલું વાક્ય "હું જીવ છું" એ ચાર અક્ષર ઉપર જે વિવેચન કરીને બાળકોને સમજાવ્યું તે તેમણે ચાર ફૂલસ્કેપ કાગળ ભરીને લખી મોકલ્યું છે. આ રીતે તેઓ બાળકોને ખૂબ ઉત્સાહથી શિક્ષણ આપી રહ્યા છે. તે અનુકરણીય છે. ગામેગામ બાળકો માટેની પાઠશાળા નિયમિત ચાલવી જોઈએ. બાળકોમાં ધાર્મિક સંસ્કારના મૂળ રોપવા માટે તે ખાસ જરૂરી છે. બાલવિભાગના બધા જ સભ્યોને જૈન બાળપોથીનો અભ્યાસ કરવાની મોદીજી ખાસ ભલામણ કરે છે.

**❁ બાળકો, તમારા ગામમાં પાઠશાળા ન ચાલતી હોય તો બધા ભેગા થઈને વડીલો પાસે વિનતિ કરો કે અમને ધાર્મિક શિક્ષણ આપવાની વ્યવસ્થા કરી આપોજી. અને પાઠશાળા ચાલે તેમાં તમે નિયમિત ભાગ લેજો.**

## કોલેજીઅન-સભ્યનો પત્ર

મુંબઈથી અમારા કોલેજિયન સભ્ય ભરતકુમાર હિંમતલાલ (નં. ૫૮૧) લખે છે કેઃ – કોલેજનું પાંચમું વર્ષ પૂરું કરીને છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરીશું–છતાં બાળવિભાગમાં તો બાળક જ છીએ. બાળવિભાગ દ્વારા બાળકોમાં પડતા ધાર્મિક સંસ્કારોને લક્ષમાં રાખી આત્મધર્મની ઉત્તરોત્તર વધતી જતી પ્રગતિથી ખુબ હર્ષ થાય છે. છેલ્લા ઘણા દિવસોથી અમે ભાઈ–બહેનો દરરોજ પ્રશ્નોત્તરમાળાનું વાંચન કરીને છીએ અને અમારા બાપુજી અમને સમજાવે છે. આમ અમે મોટા હોવા છતાં ધર્મનું પ્રારંભિક જ્ઞાન મેળવવામાં જરાય શરમ આવતી નથી. અમને દરરોજ આત્માની નવી નવી વાતો જાણવા મળે છે. દરેક બાળકોએ પણ પોતાના ઘરમાં રાત્રે કે સવારે છેવટે એકાદ કલાકનો સમય કાઢીને ધાર્મિક સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. અત્યારે નાનપણથી આપણે જૈનધર્મની મૂળભૂત બાબતોનો પૂરો અભ્યાસ કરીશું તો ભવિષ્યમાં તે ખુબ ઉપયોગી થશે ને તેમાંથી મધૂરા ફળ પાકશે.'

# સોનગઢના ગૌરક્ષા કેન્દ્રની જરૂરીયાત

શ્રી કહાન–ગોરક્ષા કેન્દ્ર સોનગઢ તરફથી ભાઈશ્રી મલુકચંદ છોટાલાલ શાહ સૂચિત કરે છે કે-વરસાદની ખેંચને કારણે ઢોરને ઘાસચારાની ખૂબ મુશકેલ પરિસ્થિતિમાં કંઈક રાહતરૂપે અહીં ૫૦૦ જેટલી ગાયોને હંમેશા ઘાસચારો આપવામાં આવે છે, જેના ખર્ચને દયાપ્રેમી સજ્જનો તરફથી મળતી સહાય વડે પહોંચી વળવામાં આવે છે. અત્યાર સુધીમાં ત્રણેક હજાર જેટલી રકમો આવેલી–જે લગભગ ખલાસ થઈ જવા આવી છે. ને હાલ તાત્કાલિક રોજના ૧૦૦ રૂા. ના હિસાબે એક માસ માટે ત્રણેક હજાર રૂા. ની જરૂર છે. તો આ અપીલ લક્ષમાં લઈને જેમણે રકમ મોકલવા ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે તુરત મોકલી આપવા વિનંતી છે.

**મલુકચંદ છોટાલાલ શાહ**
સાધકસદન, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

અગાઉ જે રકમો આવેલી તેની ટૂંક યાદી અહીં આપીએ છીએઃ–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૧ | જુગરાજજીશેઠ | મુંબઈ | ૬૫ | ચંદનબેન લક્ષ્મીચંદ | ભાવનગર |
| ૧૦૧ | ચીમનલાલ હિંમતલાલ | સોનગઢ | ૧૦૧ | મોહનલાલ મગનલાલ | રાજકોટ |
| ૫૧ | ચંદ્રકાન્ત હરિલાલ શાહ | રાજકોટ | ૨૦૩ | એક મુમુક્ષ બેન | |
| ૫૧ | મુકુન્દભાઈ મણિલાલ ખારા | સોનગઢ | ૫૦ | લેરીબેન ગોકળદાસ | મુંબઈ |
| ૫૧ | ચીમનલાલ ચુનીલાલ શેઠ | સોનગઢ | ૫૧ | તખતમલજી | લાડનૂ |

( તથા બીજી કેટલીક પરચુરણ રકમો આવેલ, જે લગભગ ખલાસ થઈ ગયેલ છે. )

**છપાઈ ગયા પછી-આ અપીલ છપાઈ ગયા બાદ, સોનગઢમાં તેમજ દેશભરમાં સંતોષકારક વરસાદ થઈ ગયો છે ને ઢોરોના ઘાસચારાની મોટી મુશ્કેલી દૂર થઈ ગઈ છે.**

**મધ્યપ્રદેશના ગુના શહેરમાંઃ-**

તા. ૭ થી ૨૧ જુન સુધી દિ. જૈન ધાર્મિક શિક્ષણ શિબિરનું એક ભવ્ય આયોજન થયું હતું. મધ્યપ્રદેશના મુમુક્ષુ મંડળના ઉપક્રમે આ આયોજન થયું હતું. શિક્ષણશિબિરમાં ૭૦૦ જેટલા જિજ્ઞાસુઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. શિક્ષણવર્ગો ચલાવવાનું કામ સોનગઢ–બનારસ વગેરેથી આવેલ બાર જેટલા વિદ્વાન ભાઈઓ સંભાળતા હતા ને સવારથી રાત સુધી કાર્યક્રમો ચાલુ રહેતા હતા. પંદર દિવસ સુધી ગુના શહેરમાં અધ્યાત્મ જ્ઞાનનું સુંદર વાતાવરણ સરજાઈ ગયું હતું. ( विशेष समाचार हिन्दी आत्मधर्मसे अवगत करें )

**ઘાટકોપરમાંઃ-**

સ્વાધ્યાય મંદિરના ઉદ્‌ઘાટનના સમાચાર ગતાંકમાં છપાયેલ છે, તે સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન માનનીય ભાઈશ્રી નવનીતરાય ચુનીલાલ ઝવેરીના સુહસ્તે થયું હતું.

Regd. No. 182

# રા...જ...વા...ણી

- જ્ઞાનીનું હૃદય બોલે છે–

  “સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધચૈતન્યસ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું. ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? શુદ્ધશુદ્ધ પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય હું માત્ર નિર્વિકલ્પ છું. નિજસ્વરૂપ ઉપયોગ કરું છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ”

  (સમયસારનું મંથન કરતાં જાગેલી ધૂન શ્રીમદ્‌રાજચંદ્રજીએ આ લખાણમાં ઉતારી છે, એમ આગળ પાછળનું લખાણ જોતાં ખ્યાલ આવે છે.)

- દેહ પ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્મા પ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાન પ્રત્યે તરવારનો જેવો સંબંધ છે તેવો દેહ પ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધસ્પૃષ્ટ આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરુષોને જીવન અને મરણ બંને સમાન છે.

- હે જીવ! સ્થિરદ્રષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમપ્રસિદ્ધ અનુભવાશે.

- સર્વ પરભાવ અને વિભાવથી વ્યાવૃત્ત, નિજસ્વભાવના ભાન સહિત, અવધૂતવત, વિદેહીવત, જિનકલ્પિવત વિચરતા પુરુષ–ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ.

- દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમજ્યોતિસ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ.

  હે આર્યજનો! અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવાશે.

– શ્રીમદ્‌રાજચંદ્ર